**LISTING:** The Equity Shares offered through the Red Herring Prospectus are proposed to be listed on the Stock Exchanges. Our Company has received an 'in-principle' approval from each of the BSE and the NSE for the listing of the Equity Shares pursuant to their letters each dated January 24, 2025. For the purposes of the Offer, the Designated Stock Exchange shall be NSE. A signed copy of the Red Herring Prospectus and the Prospectus shall be delivered to the RoC in accordance with the Companies Act. For details of the material contracts and documents that will be available for inspection from the date of the Red Herring Prospectus up to the Bid/Offer Closing Date, see *"Material Contracts and Documents for Inspection"* beginning on page 537 of the RHP.

**DISCLAIMER CLAUSE OF SECURITIES AND EXCHANGE BOARD OF INDIA ("SEBI"):** SEBI only gives its observations on the offer documents and this does not constitute approval of either the Offer or the specified securities stated in the Offer Document. The investors are advised to refer to page 481 of the RHP for the full text of the disclaimer clause of SEBI.

**DISCLAIMER CLAUSE OF BSE:** It is to be distinctly understood that the permission given by BSE Limited should not in any way be deemed or construed that the RHP has been cleared or approved by BSE Limited nor does it certify the correctness or completeness of any of the contents of the RHP. The investors are advised to refer to the page 483 of the RHP for the full text of the disclaimer clause of BSE.

**DISCLAIMER CLAUSE OF NSE (the Designated Stock Exchange):** It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to page 483 of the RHP for the full text of the disclaimer clause of NSE.

**GENERAL RISKS:** Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in the Offer unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares in the Offer have not been recommended or approved by SEBI, nor does the SEBI guarantee the accuracy or adequacy of the contents of the Red Herring Prospectus. Specific attention of the investors is invited to *"Risk Factors"* beginning on page 32 of the RHP.

### BOOK RUNNING LEAD MANAGERS

**DAM Capital Advisors Limited**
Altimus 2202, Level 22, Pandurang Budhkar Marg
Worli, Mumbai 400 018 Maharashtra, India
**Tel:** +91 22 4202 2500
**E-mail:** midwest.ipo@damcapital.in
**Website:** www.damcapital.in
**Investor grievance e-mail:** complaint@damcapital.in
**Contact Person:** Chandresh Sharma / Puneet Agnihotri
**SEBI Registration No.:** MB/INM000011336

**Intensive Fiscal Services Private Limited**
914, 9th Floor, Raheja Chambers, Free Press Journal Marg
Nariman Point, Mumbai 400 021 Maharashtra, India
**Tel:** + 91 22 2287 0443
**E-mail:** Midwest.ipo@intensivefiscal.com
**Website:** www.intensivefiscal.com
**Investor grievance e-mail:** grievance.ib@intensivefiscal.com
**Contact Person:** Harish Khajanchi / Anand Rawal
**SEBI Registration No.:** INM000011112

**Motilal Oswal Investment Advisors Limited**
Motilal Oswal Tower, Rahimtullah Sayani Road, Opposite Parel
ST Depot, Prabhadevi, Mumbai 400 025 Maharashtra, India
**Tel:** +91 22 7193 4380
**E-mail:** midwest.ipo@motilaloswal.com
**Website:** www.motilaloswalgroup.com
**Investor grievance e-mail:** moiaplredressal@motilaloswal.com
**Contact Person:** Kunal Thakkar/ Sankita Ajinkya
**SEBI Registration No.:** INM000011005

### REGISTRAR TO THE OFFER

**KFin Technologies Limited**
Selenium Tower-B, Plot No. 31 & 32, Financial District, Nanakramguda,
Serilingampally Hyderabad 500 032 Telangana, India
**Tel:** +91 40 6716 2222
**E-mail:** midwest.ipo@kfintech.com
**Website:** www.kfintech.com
**Investor grievance e-mail:** einward.ris@kfintech.com
**Contact Person:** M. Murali Krishna
**SEBI Registration No.:** INR000000221

### COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER

**Mr. Rohit Tibrewal, MIDWEST LIMITED**
8-2-684/3/25 & 26, Road No.12, Banjara Hills,
Hyderabad 500 034 Telangana, India
**Tel:** +91 40 2330 5194; **E-mail:** cs@midwest.in
**Website:** www.midwest.in

Bidders can contact our Company Secretary and Compliance Officer, or the Registrar to the Offer in case of any pre-Offer or post-Offer related problems, such as non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode, etc. For all Offer-related queries and for redressal of complaints, investors may also write to the Book Running Lead Managers.

**AVAILABILITY OF THE RHP:** Investors are advised to refer to the RHP and the *"Risk Factors"* beginning on page 32 of the RHP before applying in the Offer. A copy of the RHP will be made available on the website of SEBI at www.sebi.gov.in and is available on the respective websites of the BRLMs, DAM Capital Advisors Limited at www.damcapital.in, Intensive Fiscal Services Private Limited at www.intensivefiscal.com and Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswalgroup.com and at the website of the Company, Midwest Limited at www.midwest.in and the websites of the Stock Exchanges, for BSE at www.bseindia.com and for NSE Limited at www.nseindia.com.

**AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS:** A copy of the Abridged Prospectus shall be available on the website of the Company, the BRLMs and the Registrar to the Offer at: www.midwest.in , www.damcapital.in,www.intensivefiscal.com and www.motilaloswalgroup.com and www.kfintech.com, respectively.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORM:** Bid cum Application Form can be obtained from the Registered and Corporate Office of our Company, **MIDWEST LIMITED,** Tel: +91 40 2330 5194; **BRLMs: DAM Capital Advisors Limited ,** Tel: +91 22 4202 2500; **Intensive Fiscal Services Private Limited**, Tel: + 91 22 2287 0443 and **Motilal Oswal Investment Advisors Limited,** Tel: +91 22 7193 4380, and **Syndicate Members:** Motilal Oswal Financial Services Limited, Tel: +91 22 7193 4200 / +91 22 7193 4263 and Sharekhan Limited, Tel: +91 22 6750 2000, Registered Brokers, SCSBs, Designated RTA Locations and Designated CDP Locations for participating in the Offer. Bid cum Application Forms will also be available on the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com and at all the Designated Branches of SCSBs, the list of which is available on the websites of the Stock Exchanges and SEBI.

**SUB-SYNDICATE MEMBERS:** Alankit Imaginations Limited, Almondz Global Securities Ltd., Anand Rathi Share & Stock Brokers Limited, Asit C. Mehta Investment Interrmediates Ltd., Axis Capital Limited, Centrum Broking Limited, Dalal & Broacha Stock Broking Private Limited, DB (International) Stock Brokers Ltd., Finwizard Technology Private Limited, HDFC securities Limited, ICICI Securities Limited, IDBI Capital Markets & Securities Ltd., IIFL Capital Services Limited, JM Financial Services Limited, Jobanputra Fiscal Services Pvt. Ltd., Kantilal Chhaganlal Securities Pvt. Ltd., Keynote Capitals Limited, KJMC Capital Market Services Ltd., Kotak Securities Limited, LKP Securities Ltd., Nuvama Wealth and Investment Limited, Nuvama Wealth Management Limited, Prabhudas Lilladher Pvt Ltd., Pravin Ratilal Share And Stock Brokers Ltd., Religare Broking Limited, RR Equity Brokers Pvt. Limited, SBICAP Securities Limited, SMC Global Securities Limited, SS Corporate Securities Limited, Sykes & Ray Equities, Systematix Shares and Stocks (India) Limited, Trade Bulls Securities (P) Ltd., Upstox Securities Private Limited, Viren M Shah and Yes Securities (India) Ltd.

**ESCROW COLLECTION BANK, REFUND BANK AND SPONSOR BANK:** HDFC Bank Limited.

**PUBLIC OFFER ACCOUNT BANK AND SPONSOR BANK:** Kotak Mahindra Bank Limited.

**UPI:** UPI Bidders can also Bid through UPI Mechanism.

**All capitalised terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.**

For **MIDWEST LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Mr. Rohit Tibrewal**
Company Secretary and Compliance Officer

**Place:** Hyderabad, Telangana
**Date:** October 14, 2025

**MIDWEST LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed a red herring prospectus dated October 9, 2025 with the RoC, and an addendum to the red herring prospectus dated October 13, 2025. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLMs i.e. DAM Capital Advisors Limited at www.damcapital.in, Intensive Fiscal Services Private Limited at www.intensivefiscal.com and Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswalgroup.com, the website of the NSE at www.nseindia.com and the website of the BSE at www.bseindia.com and the website of the Company at www.midwest.in. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section *"Risk Factors"* beginning on page 32 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision.

This announcement does not constitute an offer of the Equity Shares for sale in any jurisdiction, including the United States. The Equity Shares offered in the Offer may not be offered or sold in the United States absent registration under the U.S, Securities Act of 1933 or an exemption from registration. Any public offering of the Equity Shares to be made in the United States will be made by means of a prospectus that may be obtained from the Company and that will contain detailed information about the Company and management, as well as financial statements. However, the Equity Shares are not being offered or sold in the United States.

CONCEPT

# અમદાવાદમાં શિયાળાની શરૂઆતમાં જ હવા પ્રદૂષણ વધ્યુંઃ સ્થાનિકોની હાલત ચિંતાજનક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં શિયાળાની શરૂઆત સાથે જ હવાની ગુણવત્તા પણ બગડી હતી. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા અનુસાર અમદાવાદના દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં આવેલા બોપલ વિસ્તારમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ ૨૫૩ નોંધાયો હતો. આ સિવાય અન્ય કેટલાક વિસ્તારોમાં પણ હવાનું સ્તર ઊંચું જોવા મળ્યું હતું. ગ્યાસપુર અને રાયખડમાં એર-ક્વોલિટી ઇન્ડેક્સ સ્તર અનુક્રમે ૧૯૩ નોંધાયું હતું, જેમાં પીએમ૧૦ અને એનઓ૨ મુખ્ય પ્રદૂષકો હતા. જ્યારે રખિયાલ, ચાંદખેડા, જોધપુર અને એરપોર્ટ વિસ્તારમાં હવાની ગુણવત્તા મધ્યમ (૧૧૭ થી ૧૪૭ વચ્ચે) નોંધાઈ હતી. શિયાળાની શરૂઆતમાં તાપમાન ઘટવા, પવનની સ્થિરતા અને સ્થાનિક ઉત્સર્જનને કારણે પાર્ટિક્યુલેટ મેટર જમીનની નજીક ફસાઈ જાય છે, જેના કારણે આવા વધારા સામાન્ય છે. બોપલ મુખ્યત્વે રહેણાંક વિસ્તાર છે,તેથી તેની ખરાબ હવાની ગુણવત્તા વધુ ચિંતાજનક છે. પીએમ૧૦ અને પીએમ૨.૫ના ઊંચા સ્તરો કારખાનાઓમાંથી નહીં, પરંતુ રોડની ધૂળ અને બાંધકામમાંથી આવે છે. રસ્તાઓની હાલત ખરાબ છે અને વાહનો પસાર થાય ત્યારે સૂક્ષ્મ રજકણો ઉત્પન્ન થાય છે. અમદાવાદનું પબ્લિક ટ્રાન્સપોર્ટ નેટવર્ક તેના શહેરી વિસ્તરણ સાથે ગતિ જાળવી શક્યું નથી, જેનાથી વધુ રહેવાસીઓ ખાનગી વાહનો તરફ વળી રહ્યા છે. સતત ટ્રાફિકથી જામી ગયેલી ધૂળ ઊંચે ચડે છે અને હવાની ગુણવત્તાને વધુ બગાડે છે. આ ઉપરાંત, મોટા ભાગના બાંધકામ સ્થળો પાણીનો છંટકાવ કરવા અથવા કાટમાળને ઢાંકવા જેવા ધૂળ નિયંત્રણના મૂળભૂત પગલાંને અવગણે છે. નવા પ્રોજેક્ટ્સ માટે વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે, જેનાથી નેચરલ ફિલ્ટરેશન ઓછું થાય છે. જેમ જેમ શિયાળો જામશે તેમ ઠંડી હવા અને શાંત પવનો પ્રદૂષકોને સપાટીની નજીક લાવશે. આવતા અઠવાડિયામાં ફટાકડા અને ઠંડી રાતો પરિસ્થિતિને વધુ ખરાબ કરી શકે છે. તબીબોના જણાવ્યા પ્રમાણે છેલ્લા ત્રણ અઠવાડિયામાં પોસ્ટ-વાયરલ બ્રોન્કાઇટિસના વધુ કેસમાં વધારો થયો છે. જેમાં એક અઠવાડિયાથી વધુ સમય સુધી ચાલતી લાંબી ઉધરસ, ગળામાં બળતરા, તાવ અને કફની ફરિયાદ હોય છે. અસ્થમા અને ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝના દર્દીઓમાં પણ વધુ ફ્લેર-અપ્સ નોંધાઈ રહ્યા છે.

આ ઉપરાંત શહેર હાલમાં બેવડી ઋતુનો સામનો કરી રહ્યું છે, જે લોકોને અસ્થમા હોય અથવા બ્રોન્કાઇટિસથી પીડાતા હોય તેમણે વહેલી સવાર અને મોડી સાંજે (જ્યારે પ્રદૂષણ ટોચ પર હોય છે) બહાર જવાનું ટાળવી જોઈએ અને જરૂર પડે તો માસ્ક પહેરવું જોઈએ.

# પુષ્ય નક્ષત્રમાં મહાનગરોમાં સોના-ચાંદીની ચમક ઘટીઃ નાના શહેરમાં વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પુષ્ય નક્ષત્રમાં સોના-ચાંદીની ખરીદીનું ખૂબ મહત્ત્વ છે, પરંતુ આ વર્ષે ભાવ વધારે હોવાથી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મહાનગરોમાં લોકોએ ખરીદી ટાળી હતી, જ્યારે પાટણ જેવા નાના શહેરોમાં ખરીદીનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, અમદાવાદ ગત વર્ષની તુલનાએ સોના-ચાંદીના વેચાણમાં આશરે ૫૦ ટકા જેટલો ઘટાડો થયો હતો. અમદાવાદમાં આશરે ૨૦૦ કરોડ જેટલો વેપાર થયો હતો.

ચાલુ વર્ષે સોનાનો ભાવ ઓલટાઈમ હાઈ હોવાથી રાજકોટની સોની બજારમાં પણ મંદી જોવા મળી હતી. શહેરમાં માત્ર ૪૦ થી ૫૦ ટકા જ ઘરાકી જોવા મળી હતી. લોકોએ માત્ર શુકન સાચવવા ખરીદી કરી હતી. સોનાની જેમ જ આ વર્ષે ચાંદીના ભાવ પણ આકાશને આંબ્યા હોવાથી ખરીદીમાં લોકોએ ખાસ રસ દર્શાવ્યો નહોતો.

ડાયમંડ નગરી સુરતમાં લોકોએ ૨૨ કેરેટ અને ૨૪ કેરેટ સોનાની જ્વેલરીની જગ્યાએ ૯ કેરેટ ગોલ્ડની ખરીદી કરી હતી. ગ્રાહકોએ તેમના બજેટમાં સીધો જ ૫૦ ટકાનો કાપ મૂક્યો હતો. વડોદરામાં પણ ગત વર્ષની તુલનાએ વેચાણમાં ૪૦ થી ૫૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. ગત વર્ષે શહેરમાં ૨૫૦ કરોડના સોના-ચાંદી વેચાયા હતા અને આ વર્ષે ૧૫૦ કરોડનો જ કારોબાર થયાનું સૂત્રોએ જણાવ્યું હતું. વડોદરામાં લોકોએ એક ગ્રામ, બે ગ્રામ કે પાંચ ગ્રામની લગડીની વધારે ખરીદી કરી હતી.

મોટા શહેરોના બદલે નાના શહેરોમાં આ વર્ષે સોના-ચાંદીની ખરીદીનો ક્રેઝ જોવા મળ્યો હતો. પાટણમાં ગ્રાહકોએ સોનાની લગડીઓ અને ઘરેણાંની ધૂમ ખરીદી કરી હતી. આ ઉપરાંત મૂર્તિઓ અને સિક્કા પણ ખરીદ્યા હતા. લોકો સોનાને કાયમી રોકડ માની રહ્યા છે અને વધતા ભાવને કારણે તેમાં વિશ્વાસ વધ્યો હોવાનું જણાવ્યું હતું.

# અમદાવાદ-ગાંધીનગરમાં દિવાળી પર દારૂનું વેચાણ પચીસ ટકા વધવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં પરમિટની દુકાનોમાં આ દિવાળી દરમિયાન દારૂનું વેચાણ ગયા વર્ષની સરખામણીમાં લગભગ પચીસ ટકા જેટલું વધવાની ધારણા છે, જેનું મુખ્ય કારણ એનઆરઆઇ અને પ્રવાસીઓનો ધસારો છે.

સૂત્રોના કહેવા મુજબ, ઘણા મુલાકાતીઓ પ્રતિબંધ વિભાગના કડક નિયમોને કારણે પરેશાન થઈને આખરે બૂટલેગરો પાસેથી નબળી ગુણવત્તાવાળો દારૂના ઊંચા ભાવે ખરીદે છે. આ વર્ષે તહેવારોની લાંબી રજા હોવાથી દારૂના શોખીનોએ પહેલેથી જ સ્ટોક કરવાનું શરૂ કરી દીધું છે. આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું, ગુજરાતની પરમિટની દુકાનો માટે દારૂ મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાંથી આવે છે. મહારાષ્ટ્રમાંથી સંભવિત ઓછો પુરવઠો અને એનઆરઆઇના આગમનમાં વધારો થવાને કારણે, વેચાણ ગયા વર્ષ કરતાં ૨૦-૨૫ ટકા વધી શકે છે. એનઆરઆઇની સીઝન અને પ્રવાસી પરમિટની માંગને કારણે દિવાળી દરમિયાન વેચાણમાં હંમેશા વધારો થાય છે. સૂત્રો મુજબ તહેવારો દરમિયાન બિયરની માંગ વધારે રહે છે. ત્યારબાદ વ્હિસ્કી અને વોડકાનો નંબર આવે છે. અમદાવાદ અને ગાંધીનગરની હૉટલોમાં ૨૭ પરમિટની દુકાનો કાર્યરત છે, પરંતુ સંચાલકો મુજબ ડોક્યુમેંટના કારણે ઘણા પ્રવાસીઓ પાછા ફરે છે. દિવાળી દરમિયાન દરરોજ લગભગ ૨૦૦ પ્રવાસીઓ ખાલી હાથે પાછા ફરે છે, જેઓ પછીથી બુટલેગરો પાસેથી મોંઘા ભાવે હલકી ગુણવત્તાનો દારૂ ખરીદે છે. જોકે વધારે એક્સાઇઝ ડ્યુટી, વિશેષ ફી અને વેટના કારણે છૂટક કિંમતો લગભગ બમણી થઈ જાય છે, તેમ છતાં ઘણા લોકો અધિકૃત આઉટલેટ્સ પરથી જ દારૂ, બિયર ખરીદવાનો આગ્રહ રાખે છે.

# ગોધરા નજીક વીજકેબલ તૂટવા અંગે ગામ લોકોએ આગોતરી જાણ કરતા ટ્રેન દુર્ઘટના ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોધરાના ઉદલપુર નજીક આવેલા પંડ્યાપુરા ગામ પાસેથી પસાર થતી રેલવે લાઇન પર મંગળવારે એક મોટી દુર્ઘટના ટળી હતી. અહીં રેલવેની વીજલાઈન તૂટી ગઈ હતી. દરમિયાન ત્યાં હાજર લોકોએ જેમણે લાલ કપડાં પહેર્યા હતા એ કાઢીને ઝંડી બનાવીને માલગાડીને રોકવા માટે લહેરાવી હતી. જોકે, માલગાડીની સ્પીડ વધારે હોવાથી રોકાવામાં વાર લાગી હતી. આ પહેલાં એન્જિન પર કડાકા-ભડાકા થયા હતા અને વીજલાઈન વધારે તૂટી હતી.

મળતી માહિતી મુજબ, પંડ્યાપુરામાં આવેલી ભગીરથ માઇન્સમાં કરાયેલા બ્લાસ્ટિંગને કારણે ઉછળેલા પથ્થરના ટુકડાથી રેલવેનો મુખ્ય ઓએચઈ (ઓવરહેડ ઇક્વિપમેન્ટ) વીજ કેબલ ક્ષતિગ્રસ્ત થયો હતો. કેબલની સ્ટે ટ્યુબ અને બ્રેકેટ ટ્યુબ તૂટી જતાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને એક માલગાડી થંભી ગઈ હતી. વીજ કેબલ ક્ષતિગ્રસ્ત થવાની જાણ થતાં જ સ્થાનિક ગ્રામજનો સક્રિય થયા હતા. રેલવે લાઇન પરથી પસાર થતી માલગાડીને રોકવા માટે ગ્રામજનોએ તાત્કાલિક લાલ રંગના કપડા બતાવીને ટ્રેન રોકવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગેનો વીડિયો પણ વાઇરલ થયો છે, જે ગ્રામજનોની સમયસૂચકતા દર્શાવે છે. સદનસીબે, વીજ પુરવઠો ખોરવાતા માલગાડી સમયસર થંભી ગઈ હતી અને કોઈ જાનહાનિ થઈ ન હતી. આ ઘટનાને પગલે સ્થાનિક ગ્રામજનોએ ભગીરથ માઇન્સની બેદરકારી પર ગંભીર આક્ષેપ કર્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, માઇન્સ દ્વારા અવારનવાર કોઈપણ પ્રકારની સલામતીના પગલાં લીધા વિના બેફામપણે બ્લાસ્ટિંગ કરવામાં આવે છે, જેના કારણે આવી ઘટનાઓ બને છે અને લોકોના જીવ જોખમાય છે. ઘટનાની જાણ થતાં જ રેલવેના અધિકારીઓ અને ટેક્નિશિયનોની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. તેઓ દ્વારા ક્ષતિગ્રસ્ત વીજ કેબલને તાત્કાલિક પૂર્વવત કરવાની અને રેલવે વ્યવહાર ફરી શરૂ કરવાની કામગીરી હાથ ધરી હતી. જોકે, આ ઘટનાને કારણે રેલવે વ્યવહાર પર અસર પડી હતી.

# દોહા-હોંગકોંગ ફ્લાઇટનું અમદાવાદમાં ઇમર્જન્સી લેન્ડિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દોહા-હોંગકોંગ ફ્લાઇટમાં ટેક્નિકલ ખામી સર્જાતા ઈમરજન્સી લેન્ડિંગ કરાયું હતું. કતાર એરવેઝની ફ્લાઇટમાં ટેક્નિકલ ખામી સર્જાતા આ પગલું લેવામાં આવ્યું હતું, પરંતુ આ બનાવને કારણે એરપોર્ટ પ્રશાસનના જીવ અધ્ધર થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ, કતાર એરવેઝની આ ફ્લાઇટ દોહાથી હોંગકોંગ જઈ રહી હતી. વિમાનની ઉડાન દરમિયાન તેમાં ટેક્નિકલ ખામી સર્જાતા પાયલટે તાત્કાલિક અમદાવાદ એરપોર્ટ ઓથોરિટીનો સંપર્ક કર્યો હતો. તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરીને બપોરે ૨:૩૦ વાગ્યે ફ્લાઇટનું સફળતાપૂર્વક લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે એરપોર્ટ ઓથોરિટી દ્વારા તુરંત ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. સાવચેતીના ભાગરૂપે ફાયર સ્ટેશનની ત્રણ ગાડીઓ ઉચ્ચ અધિકારીઓ સાથે એરપોર્ટ પર સ્ટેન્ડ બાય રાખવામાં આવી હતી.

આ પહેલા ઓગસ્ટ ૨૮, ૨૦૨૫ના રોજ સુરતથી દુબઈ જતી ઇન્ડિગોની ફ્લાઇટનું પણ અમદાવાદ એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ફ્લાઇટના એન્જિનમાં ટેક્નિકલ ખામી સર્જાતા આ પગલું લેવામાં આવ્યું હતું. ફ્લાઇટમાં સવાર લગભગ ૧૫૦થી વધુ મુસાફરોને સુરક્ષિત રીતે ઉતારી લેવામાં આવ્યા હતા અને બાદમાં તેમને વૈકલ્પિક વિમાન દ્વારા દુબઈ મોકલવામાં આવ્યા હતા.

# ડીસા-પાલનપુર હાઇવે પર અકસ્માતઃ ભોયણ પાટીયા નજીક ટ્રેલર-ટ્રક પલટી, બેનાં ઘટનાસ્થળે મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડીસા-પાલનપુર હાઇવે પર આવેલા ભોયણ પાટીયા નજીક ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં એક ટ્રેલર-ટ્રક અચાનક પલટી મારી ગયો હતો. આ દુર્ઘટનામાં ટ્રકમાં સવાર બે વ્યક્તિઓ નીચે દટાઈ જવાથી તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. અન્ય બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર માટે ડીસા સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ ગમખ્વાર અકસ્માતના પગલે હાઇવે પર ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને રાહત અને બચાવ કામગીરી હાથ ધરી છે. આ ઘટનામાં બચી ગયેલા ગોરખપુરના વતની ઓપરેટર રામકિશન મૌર્યએ જણાવ્યું કે આ ટ્રક-ટ્રેલર બાડમેરથી આવી રહી હતી અને વડોદરા તરફ જઈ રહી હતી.

ટ્રક-ટ્રેલર કુલ પાંચ લોકો સવાર હતા, જેમાંથી બેના મોત થયા છે અને ત્રણ ઈજાગ્રસ્ત થયા છે. બે લોકો દબાઈ ગયા હતા જેમને બહાર કાઢીને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જેમાં ડ્રાઈવરનો પણ સમાવેશ થાય છે. ટ્રક-ટ્રેલરમાંથી એક પાર્ટ્સ ખુલી જતાં આ આખી ઘટના બની હોવાનું ઓપરેટરે જણાવ્યું હતું.

# ગુજરાતમાં માત્ર બે કલાક જ ફટાકડા ફોડી શકાશેઃ સરકારે ગાઈડલાઈન જાહેર કરી

અમદાવાદઃ દિવાળીના તહેવારમાં ફટાકડા ફોડવા અંગે સરકારે ગાઈડલાઈન જાહેર કરી હતી. જે મુજબ રાજ્યમાં રાત્રે ૮ થી ૧૦ એમ માત્ર બે કલાક જ ફટાકડા ફોડી શકાશે. વાયુ અને ધ્વનિ પ્રદૂષણને અટકાવવાના ઉદ્દેશ્ય સાથે, સરકારે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું કડક પાલન કરવાનો નિર્ણય લીધો હતો. રાજ્ય સરકાર ગાઈડલાઈન મુજબ, પર્યાવરણ પર વિપરીત અસર અને આગ લાગવાના બનાવો ન બને તે માટે રાતના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી ફટાકડા ફોડવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી હતી. આ ઉપરાંત, સરકારે વધુ ઘોંઘાટ કરતાં ફટાકડા ફોડવા પર પણ પ્રતિબંધ લગાવ્યો હતો. આ ઉપરાંત માત્ર સુપ્રીમ કોર્ટ દ્વારા માન્યતા પ્રાપ્ત ગ્રીન તથા ઓછા પ્રદૂષણ ઉત્પન્ન કરતાં ફટાકડાના ઉત્પાદન અને વેચાણ કરી શકાશે. આ ઉપરાંત ભારે ઘોંઘાટવાળા, સ્વાસ્થ્ય માટે હાનિકારક અને વધુ પ્રદૂષણ ફેલાવતા બાંધેલા ફટાકડા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જ્યારે ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા જ કરવાનું રહેશે અને તેઓએ માત્ર માન્ય રાખવામાં આવેલા ફટાકડાનું જ વેચાણ કરવાનું રહેશે. આ ઉપરાતં જાહેર જગ્યાઓ પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.. આવા ફટાકડાંનું ઈ-કોમર્સ વેબસાઈટ પર પણ વેચાણ થઈ શકશે નહીં .ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ ઉપરાંત ફટાકડા બનાવવા માટે બેરિયમ કે તેના કોઈપણ કમ્પાઉન્ડનો ઉપયોગ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

# રાજદીપસિંહ જાડેજાને ઝટકોઃ સુપ્રીમ કોર્ટે આગોતરા જામીન અરજી ફગાવી

અમદાવાદઃ રીબડાના ચર્ચિત અમિત ખૂંટ આપઘાત કેસમાં આરોપી રાજદીપસિંહ જાડેજાની મુશ્કેલીઓ વધી શકે છે. સુપ્રીમ કોર્ટે રાજદીપસિંહ જાડેજાની આગોતરા જામીન અરજી ફગાવી દેતા તેમને મોટો ઝટકો લાગ્યો હતો. ગોંડલ સેશન કોર્ટ અને ગુજરાત હાઈ કોર્ટ બાદ હવે સુપ્રીમ કોર્ટે પણ રાજદીપસિંહ જાડેજાની અરજીને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે ગુજરાત હાઈ કોર્ટના ચુકાદાને યથાવત રાખવાનો હુકમ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી આગોતરા જામીન અરજી ફગાવી દેવાતા હવે રાજદીપસિંહ જાડેજા સામે કાયદાકીય કાર્યવાહીનો તખ્તો તૈયાર થઈ ગયો છે અને તેમને જેલની હવા ખાવી પડી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દિવાળી બાદ રાજદીપસિંહ જાડેજાની ધરપકડની પૂરી શક્યતા છે. આ ચુકાદાથી અમિત ખૂંટ આપઘાત કેસમાં ન્યાયની આશા સેવી રહેલા પરિવારને મોટી રાહત મળી છે.

આ કેસની શરૂઆત સાવરકુંડલાની એક ૧૭ વર્ષની સગીરાના આરોપથી થઈ હતી. સગીરાએ અમિત ખૂંટ પર દુષ્કર્મનો આરોપ લગાવ્યો હતો. સગીરાએ પોલીસને જણાવ્યું હતું કે, મોડેલિંગ દરમિયાન તેને રીબડા ગામના અમિત ખૂંટ સાથે પરિચય થયો હતો. આ દરમિયાન અમિત ખૂંટે તેને જ્યુસમાં બેભાન કરવાની દવા પીવડાવીને દુષ્કર્મ આચર્યું હતું. જોકે, પોલીસ તપાસ શરૂ થાય તે પહેલાં જ અમિત ખૂંટે પોતાની વાડીમાં ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

ઘટનાસ્થળેથી પોલીસને એક સુસાઇડ નોટ મળી હતી, જેમાં અમિત ખૂંટે ગંભીર આરોપ લગાવ્યા હતા. તેણે લખ્યું હતું કે, માર આ પગલાં પાછળ અનિરૂદ્ધસિંહ રીબડાનો હાથ છે. રાજદીપ ત્રાસ આપતો, પૈસા આપી ખોટી ફરિયાદ કરાવી હતી.

# સુરતમાંથી ડુપ્લિકેટ કોસ્મેટિકનું ગોડાઉન ઝડપાયુંઃ પોલીસે રેડ કરી પર્દાફાશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના પુણા વિસ્તારમાં આવેલા ગોડાઉનમાં પોલીસે દરોડો પાડી ૧૧.૭૮ લાખનો ડુપ્લિકેટ કોસ્મેટિકનો જથ્થો ઝડપ્યો હતો. પિતા અને બે પુત્ર ડુપ્લિકેટ કોસ્મેટિકનો વેપલો ઇ-કોમર્સ વેબસાઇટ ઉપર ચલાવતા હતાં. આરોપીઓ કોસ્મેટિક ચીજ-વસ્તુઓનું રો-મટિરિયલ સસ્તામાં બહારથી લાવી અલગ-અલગ કંપનીઓના નામવાળા સ્ટીકરો લગાવી નાની-મોટી બોટલોમાં ભરી વધુ પૈસામાં વેચાણ કરતા હતાં. પોલીસે પિતા બાબુભાઈ ઉકાભાઈ ચૌહાણ (ઉં.વ.૫૪), નિરલ બાબુભાઇ ચૌહાણ (ઉં.વ.૨૭) અને સિદ્ધાર્થ બાબુભાઈ ચૌહાણ (ઉં.વ.૨૨)ની ધરપકડ કરી ૨૫ હજારના કૉમ્પ્યુટર અને પ્રિન્ટર કબજે કર્યા હતા.

પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, પિતા અને તેના બંને પુત્રો છેલ્લા ૧૫ મહિનાથી ડુપ્લિકેટ કોસ્મેટિક ઓનલાઈન વેચવાનો ધંધો કરતા હતા અને લોકોને છેતરતા હતા. ડુપ્લિકેટ કોસ્મેટિક ઉપર કોઈપણ પ્રકારની બ્રાન્ડનું નામ લખવામાં આવતું ન હતું. આ તમામ ડુપ્લિકેટ કોસ્મેટિકને એમેઝોન, ફ્લિપકાર્ટ અને મિશો જેવી વેબસાઈટ પર વેચવામાં આવતી હતી. ખૂબ જ સસ્તામાં ક્રીમ, શેમ્પુ, હેર ઓઇલ સહિતનું ડુપ્લિકેટ બનાવવામાં આવતું હતું. પોલીસને બાતમી મળી હતી કે, પુણા ગામની રંગ અવધૂત સોસાયટીમાં આવેલા એક ગોડાઉનમાં મોટા પાયે ડુપ્લિકેટ કોસ્મેટિક વસ્તુઓનું ઉત્પાદન અને પેકિંગ થઈ રહ્યું છે. પોલીસે તાત્કાલિક છાપો મારતાં ત્યાંથી ડુપ્લિકેટ કોસ્મેટિક ચીજવસ્તુઓનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ ડુપ્લિકેટ માલનું વેચાણ આરોપીઓ ઓનલાઈન ઈ-કોમર્સ વેબસાઇટ્સ અને એપ્લિકેશન મારફતે કરતા હતા. પોલીસે ગોડાઉનમાંથી આશરે રૂ. ૧૧.૭૮ લાખની કિંમતનો ડુપ્લિકેટ કોસ્મેટિક ચીજ-વસ્તુઓનો જથ્થો કબજે કર્યો છે. આ ઉપરાંત, વેપલામાં ઉપયોગમાં લેવાતા રૂ. ૨૫,૦૦૦ની કિંમતના કૉમ્પ્યુટર અને પ્રિન્ટર પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં ૧૯૭૧થી ચોમાસામાં અતિભારે વરસાદના દિવસોની સંખ્યામાં વધારો થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાએ સત્તાવાર રીતે વિદાય લીધી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા પ્રમાણે, રાજ્યમાં સરેરાશ ૧૧૮.૧૨ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છમાં સૌથી વધુ ૧૪૮.૧૪ ટકા અને સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો ૧૦૮.૬૦ ટકા વરસાદ વરસ્યો છે. સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ હરિયાણા સાથે મળીને ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિકો દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા એક અભ્યાસ મુજબ ૧૯૭૧થી ગુજરાતમાં ખૂબ ભારે અને અતિભારે વરસાદના દિવસોની સંખ્યામાં સતત વધારો નોંધાયો હતો.

રિપોર્ટ અનુસાર ગુજરાત અને ઓડિશા આ બંને દરિયાકાંઠાના રાજ્યોમાં અન્ય રાજ્યો (મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ)ની સરખામણીએ આવી ઘટનાઓમાં સૌથી વધુ વધારો નોંધાયો છે. પૂર્વીય દરિયાકાંઠાના રાજ્ય ઓડિશામાં પણ બંગાળની ખાડીમાંથી ભેજના વધુ પડતા પ્રમાણને કારણે સમાન વલણ જોવા મળ્યું હતું.

રિપોર્ટ મુજબ ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં ગુજરાતના પૂર્વીય અને દક્ષિણી પ્રદેશોમાં મધ્યમ અને સૌથી વધુ વરસાદી દિવસો જોવા મળ્યા હતા. અન્ય જિલ્લાઓ કરતાં નવસારી અને તાપીમાં વધુ વરસાદ નોંધાયો હતો. ૧૯૮૧થી ૧૯૯૦ના વર્ષોમાં અગાઉના દાયકા જેવી જ વરસાદની પેટર્ન જોવા મળી હતી. ૧૯૯૦થી ૨૦૦૦ની વચ્ચે વરસાદની ગતિવિધિમાં બહુ તફાવત નહોતો. બંને દાયકામાં વરસાદી દિવસોની સંખ્યા સમાન હતી.

જોકે, ૨૦૦૧-૨૦૧૦ના દાયકામાં કચ્છ અને મોરબી જિલ્લાઓ સિવાય સમગ્ર ગુજરાતમાં વરસાદી દિવસો વધ્યા હોવાનું જણાયું હતું. ૨૦૧૧-૨૦૨૦માં, ગુજરાતના દક્ષિણ જિલ્લાઓમાં વરસાદની તીવ્રતામાં વધારો જોવા મળ્યો હતો. અહેવાલ મુજબ, છેલ્લા ચાર દાયકામાં અરબી સમુદ્રમાં ચોમાસાના દબાણમાં વધારો થયો છે અને બંગાળની ખાડીમાં દબાણમાં ઘટાડો થયો છે.

આ ઉપરાંત અંતરિયાળ રાજ્યો કરતાં દરિયાકાંઠાના રાજ્યોમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો હતો. આ રિપોર્ટ ગુજરાતના ૧૫૦ સ્થાનિક વરસાદ માપન કેન્દ્રો પર આધારિત હતો. અહેવાલ મુજબ, ૨૦૦૧-૨૦૧૦ના દાયકામાં તમામ શ્રેણીઓમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો.

# ખેડાના નવા તાલુકા ફાગવેલના મુખ્ય મથક મામલે કપડવંજના ૨૪ ગ્રામ પંચાયતોની હાઈ કોર્ટમાં અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડા જિલ્લાના નવા જાહેર થયેલા ફાગવેલ તાલુકાનો વિવાદ હાઈ કોર્ટમાં પહોંચ્યો છે. ફાગવેલ તાલુકો જાહેર કરવા સાથે મુખ્ય મથક કાપડીવાવ (ચીખલોડ)ની જાહેરાતનો વિરોધ થયો હતો. બાદમાં ફાગવેલને મુખ્ય મથક બનાવવાની જાહેરાત કરાઈ હતી. જો કે આ મુદ્દે પણ સ્થાનિકોમાં રોષ છે. આ મામલે કપડવંજ તાલુકાના ૨૪ ગ્રામ પંચાયતોએ તેનો વિરોધ કરી હાઈ કોર્ટમાં રિટ કરી અગાઉના કાપડીવાવને જ વડુ મથક રાખવા માંગણી કરી છે. ખેડા જિલ્લામાં નવા જાહેર કરાયેલા ફાગવેલ તાલુકો હવે કાયદાકીય વિવાદમાં ફસાયો છે. રાજ્ય સરકારે અગાઉ પ્રસિદ્ધ કરેલા ગેઝેટ મુજબ કાપડીવાવ (ચીખલોડ)ને ફાગવેલ તાલુકાનું વડું મથક જાહેર કર્યું હતું. પરંતુ બાદમાં ફાગવેલ ગામ તથા આજુબાજુના વિસ્તારોના લોકોએ વિરોધ આંદોલન કર્યા બાદ, સરકારે ફાગવેલને જ વડું મથક જાહેર કર્યાનું જણાવાયું હતું.

# પાલનપુર નગરપાલિકા મિલકત વેરા પર દસ ટકા વળતર આપશેઃ એક જાન્યુઆરીથી દંડ લાગશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાલનપુર નગરપાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે મિલકત વેરાની ચુકવણી અંગે જાહેર સૂચના બહાર પાડી હતી. નગરપાલિકા દ્વારા વર્તમાન અને બાકી મિલકત વેરાની રકમ પર ૧૦ ટકા વળતર આપવાનું ચાલુ રાખવામાં આવ્યું છે, જેનો લાભ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી લઈ શકાશે. નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર ૧ થી ૧૪ સુધીના તમામ રહેણાક અને બિન-રહેણાક મિલકત ધારકોને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેના કરવેરાના માંગણા બિલનું વિતરણ કરવામાં આવ્યું છે. જે મિલકત ધારકોને કોઈ કારણસર માંગણા બિલ મળ્યું ન હોય, તેઓ અગાઉના વર્ષનું બિલ અથવા રસીદ સાથે પાલનપુર નગરપાલિકાનો સંપર્ક કરીને વેરો ભરી શકે છે અને ૧૦ ટકા વળતરનો લાભ મેળવી શકે છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ પછી ૧૦ ટકા વળતરનો લાભ આપવામાં આવશે નહીં.

# સુરતમાંથી આરોગ્ય વિભાગે દિવાળી પહેલા ૮૦ કિલો શંકાસ્પદ માખણનો જથ્થો જપ્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના પર્વ પર રાજ્યનાં વિવિધ શહેરમાં મોટા પાયે ભેળસેળયુક્ત પદાર્થનું વેચાણ થતું હોય છે. જેને અટકાવવા તંત્રએ કમર કસી છે. સુરત શહેરમાં મીઠાઈ, દૂધ, માવા વગેરેનું ઉત્પાદન તેમજ વેચાણ કરતી સંસ્થાઓમાં ચકાસણી ચાલી રહી છે, જે અંતર્ગત પુણાગમ સ્થિત ખોડીયાર ડેરી એન્ડ બેકરી તથા યોગીચોક સ્થિત સૌરાષ્ટ્ર ડેરીમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. બંને ડેરીમાંથી એસઓજી પોલીસની ટીમ મનપાની આરોગ્ય વિભાગની ટીમને સાથે રાખી તપાસ કરી હતી. ખોડીયાર ડેરીમાંથી ૬૦ કિલો અને સૌરાષ્ટ્ર ડેરીમાંથી ૨૦ કિલો શંકાસ્પદ માખણનો જથ્થો મળ્યો હતો. આ ઉપરાંત માખણ બનાવવા માટેનું ૭૦ કિલો રો મટીરીયલ તથા ક્રીમનો જથ્થો પણ મળ્યો હતો. કુલ ૩૬ હજારનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. સુરત મહાનગર-પાલિકાની ટીમ દ્વારા બંને ડેરીમાંથી મળી આવેલાશંકાસ્પદ માખણના જથ્થાને જરૂરી સેમ્પલ લઈને ટેસ્ટીંગ માટે લેબમાં મોકલવામાં આવ્યા હતા. જો નમૂના નિષ્ફળ જશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સુરતમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળનો કિસ્સો સામે આવતા, લોકોના સ્વાસ્થ્યને લઈને ચિંતા વધી હતી. મહત્ત્વનું છે કે તહેવાર દરમિયાન કેટલાક વેપારીઓ દ્વારા દૂધ-ઘી, માવો અને મીઠાઈ સહિતની ચીજવસ્તુઓમાં ભેળસેળ કરવામાં આવે છે. જે ગ્રાહકના સ્વાસ્થ્ય માટે નુકસાનકર્તા સાબિત થાય છે.

૨૦૪ વર્ષ
દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 244 ■ વિક્રમ સંવત ૨૦૮૧
આશ્વિન વદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 October 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૧૫ ઑક્ટોબર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગૂગલ-અદાણી સૌથી મોટું ડૅટા સેન્ટર, એઆઇ હબ શરૂ કરશે







## આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં ૧૫ અબજ ડૉલરના ખર્ચે થશે સ્થાપના

નવી દિલ્હીઃ ગૂગલ આંધ્ર પ્રદેશના વિશાખપટ્ટણમમાં ૧૫ અબજ ડૉલરના ખર્ચે એઆઇ (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) હબ સ્થાપશે. અદાણી ગ્રૂપની સાથે ભાગીદારીમાં ત્યાં દેશનું સૌથી મોટું ડૅટા સેન્ટર શરૂ કરાશે. આગામી પાંચ વર્ષમાં આ રોકાણ કરાશે.

ગૂગલે જણાવ્યું હતું કે આંધ્ર પ્રદેશના વિશાખપટ્ટણમમાંનું એઆઇ હબ ગૂગલનું અમેરિકાની બહારનું સૌથી વધુ મોટું મથક હશે. તેમાં એક ગીગાવૉટ ડૅટા સેન્ટર કેમ્પસ, ઊર્જાનાં નવા વિશાળ સ્રોતો અને વિસ્તારેલું ફાઇબર-ઑપ્ટિક નેટવર્ક હશે.

ગૂગલ ક્લાઉડના સીઇઓ થોમસ કુરિયને અહીં સંબંધિત કરાર કરવા યોજાયેલા કાર્યક્રમમાં જણાવ્યું હતું કે ગૂગલનું અમેરિકાની બહારનું આ સૌથી મોટું એઆઇ હબ રહેશે.

ગૂગલ દ્વારા આયોજિત કાર્યક્રમ 'ભારત એઆઇ શક્તિ'માં સંબંધિત જાહેરાત કરાઇ હતી. આ કાર્યક્રમ આગામી 'ઇન્ડિયા-એઆઇ ઇમ્પેક્ટ સમિટ ૨૦૨૬'ની પહેલા યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી તંત્રજ્ઞાન ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવ, નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ અને આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુ સહિત અનેક અગ્રણી લોકો હાજર રહ્યાં હતાં.

ગૂગલના સીઇઓ સુંદર પીચાઇએ 'એક્સ' પરની

(જુઓ પાનું ૨) ▶▶

### દેશના ડિજિટલ અર્થતંત્રને વેગ મળશેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જણાવ્યું હતું કે વિશાખપટ્ટણમમાંનું ગૂગલ એઆઇ હબ ટૅક્નોલૉજી ક્ષેત્રનું શક્તિશાળી પરિબળ સાબિત થવાની આશા રાખીએ છીએ. તેનાથી દેશના ડિજિટલ અર્થતંત્રને નવું જોમ મળશે અને ભારત ટૅક્નોલૉજી ક્ષેત્રના વૈશ્વિક અગ્રણી રાષ્ટ્રોમાં સ્થાન પામશે. વડા પ્રધાને જણાવ્યું હતું કે અમે આશા રાખીએ છીએ કે આ એઆઇ હબને લીધે સરકારનું વિકસિત ભારત માટેનું સ્વપ્ન સાકાર થશે. તેને લીધે દેશના દરેક નાગરિકને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એઆઇ ટૅક્નોલૉજીનો લાભ મળશે. (એજન્સી) ■

# ઑપરેશન સિંદૂર-ટૂ વધુ ઘાતક હશેઃ લશ્કર



**ડૅરિંગ ડૉગીઃ** હરિયાણાના ગુરુગ્રામમાં માનેસરસ્થિત એનએસજી ગૅરિસન ખાતે મંગળવારે એનએસજીના ૪૧મા સ્થાપના દિનની ઉજવણી દરમ્યાન સ્નીફર ડૉગ સાથે ખતરનાક કરતબ દેખાડી રહેલો કમાન્ડો. (એજન્સી)

જમ્મુ : પાકિસ્તાન પાસે ભારત સામે લડવાની કોઈ ક્ષમતા નથી એમ ભારપૂર્વક જણાવીને વેસ્ટર્ન આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ મનોજ કુમાર કતિયારે મંગળવારે કહ્યું હતું કે જવાબ-ઑપરેશન સિંદૂર-ટૂ વધુ જીવલેણ હશે. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન તેની 'અનેક ઘા વડે ભારતને લોહીલુહાણ કરવાની' નીતિ ચાલુ રાખી રહ્યું છે અને લશ્કર આ માટે સંપૂર્ણપણે સજ્જ છે.

કતિયારે પત્રકારોને જણાવ્યું હતું કે આ વખતની કાર્યવાહી ભૂતકાળ કરતાં વધારે જીવલેણ હશે. એ વધુ શક્તિશાળી હશે. હા, તમે સાચા છો . ઑપરેશન સિંદૂરની બીજી આવૃત્તિ વધુ કાતિલ હશે એમાં કોઈ બે મત નથી.

પાકિસ્તાન ફરી પહલગામ જેવા હુમલાનો અખતરો કરી શકે. આપણે તૈયાર રહેવું પડશે. આપણે સંપૂર્ણ રીતે તૈયાર છીએ. મને વિશ્વાસ છે કે આ વખતે કાર્યવાહી ભૂતકાળ કરતાં વધુ જીવલેણ હશે, એમ તેમણે જણાવ્યું હતું. (એજન્સી) ■

### ઑપરેશન સિંદૂરમાં૧૦૦ પાકિસ્તાની સૈનિકો હણાયા

નવી દિલ્હીઃ ઑપરેશન સિંદૂર દરમિયાન અંકુશ રેખામાં ૧૦૦થી વધારે સૈનિકો પાકિસ્તાને ગુમાવ્યા હતા, એવી માહિતી ભારતીય લશ્કરના ડિરેક્ટર જનરલ મિલિટરી ઓપરેશન્સ લેફ્ટન્ટ જનરલ રાજીવ ઘાઈએ આપી હતી. ઘાઈએ પાકિસ્તાનના લશ્કરના સૈનિકોને એનાયત કરાયેલા મરણોત્તર એવૉર્ડની યાદીના આધારે આ માહિતી આપી હતી. લશ્કરના ટોચના અધિકારીએ કહ્યું હતું કે પાકિસ્તાને મે મહિનાની લડાઈમાં ઓછામાં ઓછા ૧૨ વિમાન ગુમાવ્યાં હતાં. (એજન્સી) ■

### આતંકવાદીઓ માટે કોઈ સ્થળ સલામત નથીઃ અમિત શાહ

માનેસર (હરિયાણા): ઑપરેશન સિંદૂરે પાકિસ્તાનસ્થિત આતંકવાદીઓનાં વડા મથક, તાલીમ કેન્દ્રો, લૉન્ચપૅડનો ખાતરીપૂર્વક નાશ કર્યો હોવાનું જણાવતાં ગૃહ પ્રધાન અમિત શાહે મંગળવારે કહ્યું હતું કે ઑપરેશન સિંદૂર બાદ આતંકવાદીઓ માટે કોઈ સ્થળ સુરક્ષિત નથી. આતંકવાદવિરોધી 'બ્લૅક કૅટ' કમાન્ડો ફૉર્સ નેશનલ સિક્યોરિટી ગાર્ડના ૪૧મા રૅઈઝિંગ ડે નિમિત્તે સંબોધન કરતાં શાહે કહ્યું હતું કે ભારતીય સુરક્ષા દળ કોઈપણ પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિને સજા કરવા પૃથ્વીના પેટાળ સુધી જવા સજ્જ છે. ઑપરેશન સિંદૂરે પાકિસ્તાનસ્થિત આતંકવાદીઓનાં વડા મથક, તાલીમ કેન્દ્રો, લૉન્ચપૅડનો ખાતરીપૂર્વક નાશ કર્યો હોવાનું જણાવતાં શાહે કહ્યું હતું કે ઑપરેશન મહાદેવ અંતર્ગત ભારતીય સુરક્ષા દળે પહલગામ આતંકવાદી હુમલાને અંજામ આપનાર આતંકવાદીઓનો નાશ કરવા ચોકસાઈપૂર્વકનાં પગલાં લીધા હતા, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# એલજીનું ડ્રીમ ડેબ્યૂઃ ૪૮ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટિંગ, ઈન્વેસ્ટરોને ચાંદી

### ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી મોટા આઈપીઓમાં ૨૦૧૯ પછીનો આ સૌથી મોટો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એલજી ઇલેક્ટ્રોનિક્સ ઇન્ડિયા લિમિટેડના શેરે મંગળવારે ૪૮ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટિંગ મેળવીને એક નવો વિક્રમ સ્થાપ્યો છે. બજારનાં સાધનો અનુસાર ૨૦૧૯ પછી પહેલી વાર આટલું ઊંચું પ્રીમિયમ જોવા મળ્યું છે.

આ કંપનીના શેર ૧,૧૪૦ રૂપિયા પ્રતિ શેરના ઇશ્યુ ભાવ સામે, ૧,૭૧૦ રૂપિયા પ્રતિ શેરના ભાવે લિસ્ટેડ થયા હતા, જે પચાસ ટકા પ્રીમિયમ દર્શાવે છે. શેર ખૂલતાની સાથે ૧૭૪૯ રૂપિયા સુધી ઊછળ્યો હતો અને સત્ર દરમિયાન ૧૬૫૦ રૂપિયા સુધી નીચે જઇને અંતે ૧૬૮૯.૪૦ની સપાટીએ બંધ થયો હતો, જે ૪૮.૧૯ ટકાનો વધારો દર્શાવે છે.

આ મજબૂત લિસ્ટિંગે તેને આ વર્ષે અત્યાર સુધીનો પચાસ ટકા પ્રીમિયમ નોંધાવનાર ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યનો સૌથી મોટો મેઇનબોર્ડ ઇશ્યુ પણ બનાવ્યો છે. તેની તુલનામાં ટાટા કેપિટલના

(જુઓ પાનું ૨) ▶▶




# દિવાળી પહેલા જ ગુજરાતમાં ગંજીફો ચિપાશેઃ વિસ્તરણમાં નવા ચહેરાઓને સ્થાન મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સોમવારે ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકર દિલ્હી ગયા હતા. ત્રણેય નેતાઓએ વડા પ્રધાન મોદી અને અમિત શાહ સાથે વિચાર વિમર્શ કર્યો હતો. મંગળવારે સવારે ત્રણેય નેતા પરત આવ્યા બાદ દિવાળી પહેલા જ પ્રધાનમંડળનું વિસ્તરણ નિશ્ચિત મનાઈ રહ્યું છે. રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ ૧૬મી ઓક્ટોબરના રોજ, એટલે કે અગિયારસના પવિત્ર દિવસ જ પ્રધાનમંડળનું વિસ્તરણ થઈ જશે. આમ છતાં હાલના વિધાનસભાના સ્પીકર અને પૂર્વ પ્રધાન શંકર ચૌધરી અને પૂર્વ પ્રદેશ પ્રમુખ તથા પૂર્વ કેબિનેટ પ્રધાન જિતુ વાઘાણીના મુદ્દે હજુ અસમંજસની સ્થિતિ છે. જો કે તેમ છતા પ્રધાનમંડળની ફાઈનલ યાદી તૈયાર કરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

જે પ્રધાનોનું પત્તુ કપાવીની શક્યતા છે તેમાં નાણાપ્રધાન કનુભાઈ દેસાઈ, કૃષિપ્રધાન રાઘવજી પટેલ, પાણીપુરવઠા પ્રધાન કુંવરજી બાવળિયા, ઉદ્યોગપ્રધાન બલવંતસિંહ

(જુઓ પાનું ૨) ▶▶

### અમેરિકા માટે ફરીથી શરૂ થશે ટપાલ સેવાઓ

નવી દિલ્હીઃ ભારતીય ટપાલ વિભાગે મંગળવારે જણાવ્યું હતું કે તે ૧૫ ઓક્ટોબરથી અમેરિકામાં તમામ શ્રેણીની આંતરરાષ્ટ્રીય ટપાલ સેવાઓ ફરી શરૂ કરશે. એક સત્તાવાર નિવેદનમાં ટપાલ વિભાગે જણાવ્યું હતું કે અમેરિકા કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન (સીબીપી)ની માર્ગદર્શિકા અનુસાર, ભારતથી અમેરિકા જતા પોસ્ટલ શિપમેન્ટ પર ડ્યુટી દર જાહેર કરાયેલ સામાન મૂલ્યના ૫૦ ટકા નક્કી કરવામાં આવ્યો છે, જે નવા ડ્યુટી નિયમો હેઠળ લાગુ થશે. ટપાલ વિભાગે જણાવ્યું હતું કે, ''વિભાગને જાહેરાત કરતા આનંદ થાય છે કે ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫થી અમેરિકા માટે તમામ શ્રેણીની આંતરરાષ્ટ્રીય ટપાલ સેવાઓ ફરી શરૂ કરવામાં આવી રહી છે.''■

### અમદાવાદમાં જૈન દેરાસરમાંથી ૧.૬૪ કરોડની ચાંદીની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં પાલડીના દેરાસરમાં ભગવાનને ચઢાવેલા ૧૧૭.૩૩૬ કિલોના ચાંદીના મુગટ, કુંડળ સહિતના ઘરેણાંની ચોરી થતા ખળભળાટ મચી ગયો હતો. આ દાગીનાની કિંમત ૧.૬૪ કરોડ રૂપિયા થાય છે. ચોરી કરનાર કોઈ અજાણ્યો ચોર નહીં, પરંતુ દેરાસરનો પૂજારી અને સફાઈ કર્મચારીઓ છે. પૂજારીએ સફાઈ કામદારો સાથે મળીને ચોરી કરી છે. આ અંગે પાલડી પોલીસે ગુનો નોંધી

(જુઓ પાનું ૨) ▶▶

### સુસાઈડ કરનાર હરિયાણાના આઈપીએસની તપાસ કરનાર એએસઆઈનું જ સુસાઈડ

#### પૂરણ કુમાર પોતે જ ભારે કરપ્ટ હતા એમ એએસઆઈએ સુસાઈડ નોટમાં લખ્યું

રોહતક (હરિયાણા) : હરિયાણા આઈપીએસ ઑફિસર વાય. પૂરણ કુમારના મરણમાં ચાલુ તપાસમાં નાટ્યાત્મક વળાંક આવ્યો હતો. તેમની તપાસ કરનાર બીજા અધિકારી આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર સંદીપ કુમારે આત્મહત્યા કરી છે. પૂરણ સામેની ભ્રષ્ટાચારની તપાસની આગેવાની સંદીપ કુમાર કરી રહ્યા હતા. સંદીપ રોહતકના ખેતરમાં

(જુઓ પાનું ૨) ▶▶

### કડકડતી ઠંડી માટે તૈયાર થઇ જાવ

#### લા નિન્યા ઈફેક્ટને લીધે મુંબઈ સહિત દેશભરમાં સારી એવી ઠંડી પડવાની શક્યતા

નવી દિલ્હીઃ મુંબઈ સહિત દેશભરમાં શિયાળામાં ઠંડી સામાન્ય કરતાં વધુ પડવાની આગાહી કરાઇ છે. હવામાનને લગતા નિષ્ણાતો હજારો માઇલ દૂર પ્રશાંત મહાસાગરમાં 'લા નિન્યા'ની અસરને લીધે આગામી મહિનાઓમાં મુંબઈ, દિલ્હી અને બેંગલૂરુ સહિતના શહેરોમાં 'અસામાન્ય' ઠંડી પડવાની આશા રાખે છે.હિમાલયના ઉચ્ચ પ્રદેશનો ૮૬ ટકા વિસ્તાર હાલમાં નિર્ધારિત સમય કરતાં બે મહિના પહેલાં હિમાચ્છાદિત થઇ ગયો છે. પશ્ચિમમાંથી ફૂંકાતા ઠંડા પવનને લીધે હિમાલયના

(જુઓ પાનું ૨) ▶▶



એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જનરલ નરવણેના પુસ્તકને મંજૂરી નહીં આપવાનો કેન્દ્રને અધિકાર

**ભારતના** ભૂતપૂર્વ લશ્કરી વડા જનરલ મનોજ મુકુંદ નરવણેએ લશ્રી વડા તરીકેના કાર્યકાળ દરમિયાન લખેલા પુસ્તકનો મુદ્દો ફરી ચર્ચામાં છે. જનરલ નરવણે ૨૦૨૨માં લશ્કરી વડા તરીકે નિવૃત્ત થયા હતા. એ દરમિયાન તેમણે આર્મી ચીફની સાથે સાથે એક્ટિંગ ચેરમેન ઓફ ચીફ્સ ઓફ સ્ટાફ કમિટી તરીકે પણ ફરજ બજાવી હતી. આ બેવડી ભૂમિકાના તેમના અનુભવો પર લખેલું તેમનું પુસ્તક સંરક્ષણ મંત્રાલયની મંજૂરીના અભાવે અટવાયું છે.

એકાદ વર્ષ પહેલાં તેમના પબ્લિશરે પુસ્તક તૈયાર કરીને સંરક્ષણ મંત્રાલયને મોકલી આપેલું પણ પુસ્તકની સમીક્ષા ચાલી રહી છે એ બહાને મંજૂરી નથી અપાઈ. હમણાં જનરલ નારવણે એક પુસ્તક મેળામાં ગયેલા ત્યારે આ અંગે સવાલ પુછાતાં તેમણે બહુ સહજતાથી જવાબ આપ્યો કે, મારું કામ પુસ્તક લખવાનું હતું ને પ્રકાશકે સંરક્ષણ મંત્રાલયની મંજૂરી મેળવવાની હતી. મારું કામ મેં પતાવી દીધું છે ને હવે ક્યારે પુસ્તક પ્રસિદ્ધ થાય છે તેનો આધાર સંરક્ષણ મંત્રાલયની મંજૂરી પર છે.

જનરલ નરવણેનો જવાબ યોગ્ય છે પણ આ મુદ્દો દેશ માટે મહત્ત્વનો છે કેમ કે જનરલ નારવણે લશ્કરી વડા તરીકે અત્યંત આક્રમક હતા અને ચીન તથા પાકિસ્તાન અંગેના તેમના વિચારો સરકારને માફક આવે એવા નહોતા. જનરલ નરવણે લશ્કરી પગલાં દ્વારા પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પાછું લેવું જોઈએ એવો મત ધરાવતા હતા. સાથે સાથે એવો મત પણ ધરાવતા કે, આપણા શાસકોની નબળાઈના કારણે આપણે પીઓકે પાછું ના મેળવી શક્યા, બાકી આર્મી તો ઈશારો કરે એટલે ધડબડાટી બોલાવીને પીઓકે પાછું લેવા ટાંપીને જ બેઠું છે. જનરલ નરવણે ચીનને પણ ભારતનો મોટો દુશ્મન માનતા અને ભવિષ્યમાં ચીન ભારત માટે મોટો ખતરો બનશે એવું સ્પષ્ટ માનતા.

જનરલ બિપીન રાવત ૨૦૧૯માં લશ્કરી વડા તરીકે નિવૃત્ત થઈને દેશના પહેલા ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ (સીડીએસ) બન્યા પછી તેમના સ્થાને જનરલ મનોજ મુકુંદ નારવણે લશ્કરી વડા બન્યા હતા. જનરલ નરવણેએ નવા લશ્કરી વડા તરીકેનો કાર્યભાર સંભાળ્યો પછી પહેલી વાર મીડિયા સાથે વાત કરી ત્યારે ચીન અંગે આપણને સાફ શબ્દોમાં ચેતવેલા.

જનરલ નરવણેએ કહેલું કે, આપણે દેશના પશ્ચિમ મોરચે બહુ ધ્યાન આપીએ છીએ પણ ઉત્તરના મોરચે પણ એટલું જ ધ્યાન આપવાની જરૂર છે. આપણી પશ્ચિમ સરહદ પાકિસ્તાન સાથે જોડાયેલી છે. ગુજરાત, રાજસ્થાન, પંજાબ, જમ્મુ અને કાશ્મીર એ રાજ્યો પશ્ચિમ મોરચે પાકિસ્તાનની સરહદ સાથે જોડાયેલાં છે. તેથી પાકિસ્તાન સાથેની અંકુશરેખા પણ પશ્ચિમ આ મોરચે છે. ઉત્તર મોરચે નેપાળ, ભુતાન, તિબેટ, ચીન, મ્યાનમાર, બાંગ્લાદેશ વગેરે દેશો સાથેની સરહદ છે પણ તેમાં મુખ્ય ચીન છે.

જનરલ નરવણેએ ચીનનો ઉલ્લેખ નહોતો કર્યો પણ તેમની વાત ચીનના સંદર્ભમાં જ હતી. જનરલ નારવણેએ સાનમાં કહી દીધેલું કે, આપણે પાકિસ્તાનની સરહદની ચિંતા કર્યા કરીએ છીએ, પાકિસ્તાન તરફથી વધારે ખતરો છે એવું માન્યા કરીએ છીએ પણ વાસ્તવમાં ચીન તરફથી વધારે ખતરો છે. પાકિસ્તાન આપણને વધારે સળીઓ કરે છે તેથી આપણે તેને મોટો દુશ્મન માનીએ છીએ પણ ચીન તેના કરતાં મોટો દુશ્મન છે અને વધારે ખતરનાક પણ હોવાથી તેને અવગણવો ના જોઈએ. ચીન ગમે ત્યારે ગમે તે કરી શકે તે જોતાં ઉત્તર મોરચે આપણે વધારે સતર્ક રહેવું જોઈએ એવો સ્પષ્ટ સંકેત જનરલે આપ્યો હતો.

આ વાતના અઠવાડિયાં પછી જનરલ નારવણેએ પત્રકાર પરિષદ સંબોધી તેમાં કહેલું કે, વર્ષો પહેલાં આપણી સંસદે ઠરાવ પસાર કરેલો કે, સમગ્ર કાશ્મીર ભારતનું છે તેથી કિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પણ ભારતનું જ છે. ભારતની સંસદ ઈચ્છતી હોય કે, પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પણ ભારત સાથે આવી જાય તો અમને એ પ્રકારના આદેશ આપવા પડે. આ પ્રકારનો આદેશ અમને મળશે તો અમે ચોક્કસ કાર્યવાહી કરીશું.

જનરલ નરવણેએ ૨૦૨૦માં આર્મી ડેની ઉજવણી વખતે પીઓકે પાછું લેવા માટે આર્મી તૈયાર હોવાનો હુંકાર પણ કરેલો. જનરલ મનોજ મુકુંદ નારવણેએ સ્પષ્ટ શબ્દોમાં કહેલું કે, ભારતીય લશ્કર આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ ધરાવે છે ને જે લોકો આતંકવાદને પોષે છે એ લોકો યાદ રાખે કે, ભારતીય લશ્કર પાસે આતંકવાદનો સામનો કરવાના બીજા પણ ઘણા વિકલ્પો છે. આ વિકલ્પો અજમાવતાં અમને જરાય ખચકાટ નહીં થાય ને ભારતીય લશ્કર ભવિષ્યમાં કોઈ પણ જંગ લડવા માટે તૈયાર છે.

જનરલે પાકિસ્તાનને ચીમકી જ આપી હતી કે, ભારતીય લશ્કર હવે પાકિસ્તાન કોઈ સળી કરે તેની રાહ જોતું બેસી રહેશે એવા ભ્રમમાં ના રહે. જનરલ નરવણે એ સીધેસીધી પીઓકે પર ચડાઈ કરવાની વાત નહોતી કરી ના કરી શકે પણ આડકતરી રીતે કહી જ દીધું છે કે, પાકિસ્તાન ભારતમાં આતંકવાદ ફેલાવવાનું બંધ નહીં કરે તો ભારતીય લશ્કરે પીઓકેમાં ઘૂસીને તેને કબજે કરવાનો વિકલ્પ પણ અજમાવવો પડશે.

જનરલ નરવણેએ આ વાતો જાહેરમાં કરી હતી અને વારંવાર પીઓકેનો મુદ્દો છેડીને સ્પષ્ટ કરેલું કે, ભારતીય લશ્કર પીઓકેમાં ઘૂસીને પાકિસ્તાની લશ્કરને ખદેડીને ત્યાં ભારતનો ઝંડો ફરકાવવા માગે છે. પીઓકે ભારતનું જ છે પણ ભારતનો તેના પર કબજો નથી. આ કારણે ભારતીય લશ્કર અકળાય છે. ભારતીય લશ્કરની ધીરજ ખૂટી રહી છે ને આપણું લશ્કર પીઓકે પર કબજો કરીને આતંકવાદ તથા પાકિસ્તાનની કનડગતની સમસ્યાનો કાયમી નિવેડો લાવી દેવા માગે છે.

જનરલે સરકાર સાથેની બેઠકમાં પણ ચીનના ખતરા અને પીઓકે કબજે કરવા લશ્કરી કાર્યવાહી કરવા સહિતના વિચારો મૂક્યા હોઈ શકે પણ કેન્દ્ર સરકાર તેના માટે તૈયાર ના થઈ હોય એ શક્ય છે. નારવણે એ વખતે લશ્કરી વડા હતા તેથી જાહેરમાં તેની ચર્ચા ના કરી હોય પણ અત્યારે પુસ્તકમાં એ વાતોનો ઉલ્લેખ કર્યો હોય એવી પ્રબળ શક્યતા છે. આ વાતોના કારણે સરકારની ઈમેજને નુકસાન થાય એવો ખતરો હોવાથી મોદી સરકાર પુસ્તકને પરવાનગી ના આપતી હોય એવું માની શકાય.

અલબત્ત કેન્દ્ર સરકાર એ વાતો બહાર ના આવવા દેવા માગતી હોય તો એ તેનો અધિકાર છે. આ મુદ્દો માત્ર સરકારની ઈમેજનો નથી પણ દેશની સુરક્ષાને લગતો પણ છે. સાથે સાથે બીજા દેશો સાથેના સંબંધોને લગતો પણ છે તેથી અત્યંત સંવેદનશીલ છે. સરકાર સંવેદનશીલ મુદ્દાઓ છેડાય ને નવી બબાલ ના થાય એ માટે જનરલ નરવણેના પુસ્તકને પ્રસિદ્ધ ના થવા દેતી હોય તો તેમાં કશું ખોટું નથી. દેશનાં હિતો જાળવવાં એ સરકારની મુખ્ય ફરજ છે ને એ ફરજ બજાવવા માટે કોઈ પુસ્તકનું પ્રકાશન રોકવાનો તેને અધિકાર છે જ. જનરલ નારવણે પણ આ વાત સમજે જ છે તેથી તેમણે કોઈ વિવાદ ઊભો ન થાય તેની કાળજી રાખીને સરકાર જે નક્કી કરે એ શિરોમાન્ય એવું વલણ અપનાવ્યું છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, બુધવાર, તા. ૧૫–૧૦–૨૦૨૫, ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૨૩, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ–૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ–૯
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૩મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર પુષ્ય સવારે ક. ૧૧–૫૯ સુધી, પછી આશ્લેષા.
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૭–૧૦ રાત્રે ક. ૧૯–૨૫
- ઓટઃ બપોરે ક. ૧૪–૦૫, મધ્યરાત્રે ક. ૦૧–૪૭ (તા. ૧૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ – નવમી. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨–૨૯. સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ બુધ–શનિ ગ્રહદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, વિદ્યારંભ, હજામત, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, નામકરણ, દેવદર્શન, નવા વસ્રો, આભૂષણ, દસ્તાવેજ, ચંત્રારંભ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પશુ લે–વેંચ, દુકાન–વેપાર નૌકા બાંધવી, અન્નપ્રાશન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન.
- પુષ્ય નક્ષત્રના ચોપડા બાંધવા આપવાના મુહૂર્ત, (૧) સવારે ક. ૦૬–૩૩ થી ક. ૦૮–૦૧ (લાભ) (૨) સવારે ક. ૦૮–૦૧ થી ક. ૦૯–૨૮ (અમૃત) (૩) સવારે ક. ૧૦–૫૫ થી ક. ૧૨–૨૨ (શુભ)
- આચમનઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ ચાલાક, ચંદ્ર–મંગળ ચતુષ્કોણ માથાફરેલ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ, ચંદ્ર–મંગળ ચતુષ્કોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ–તુલા, માર્ગી બુધ–તુલા, ગુરુ–મિથુન, શુક્ર–કન્યા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

# સંજય કપૂર 'હિઝ' કે 'હર'?

## કરિશ્મા કપૂરના મૃત્યુ પામેલા ભૂતપૂર્વ પતિની વસિયતમાં તેના માટે મહિલા સર્વનામના ઉપયોગથી શંકાકુશંકા

નવી દિલ્હી : એક્ટર કરિશ્મા કપૂરના સંતાનોએ દિલ્હી હાઈ કોર્ટને મંગળવારે કહ્યું હતું કે અમારા દિવંગત પિતા સંજય કપૂરે આ કથિત વિલને લખ્યું ન હોય કારણ કે આમાં તેમનું વર્ણન કરવા માટે 'મહિલાઓ માટે વપરાતા સર્વનામ' 'હિઝ'ને બદલે 'હર'નો ઉપયોગ કરાયો છે.

સમાઈરા અને કિયાન રાજે જસ્ટિસ જ્યોતિ સિંહ સમક્ષ આ રજૂઆત કરી હતી. જ્યોતિ સિંહ પિતાના વસયિતનામાને પડકારતી સંતાનોની અરજી સાંભળી રહ્યા છે. સંજય સિંહની કુલ મિલકત ૩૦,૦૦૦ કરોડ રૂપિયાની હોવાનું મનાય છે. વકીલે કહ્યું હતું કે મૂળભૂત સવાલ એ છે કે શું ડિકલરેશન ક્લોઝમાં વિલમાં સંજય કપૂરે સહી કરી છે કે કોઈ મહિલાએ.

બોલિવૂડની ફિલ્મો જેવું દિલ્હી હાઈ કોર્ટમાં દૃશ્ય સર્જાયું હતું, જ્યાં વેપારી સંજય કપૂરની અંદાજે ૩૦ હજાર કરોડની સંપત્તિને લઈને વારસાગત વિવાદ વકર્યો છે. આ વારસાગત વિવાદ એક પરિવારની આંતરિક લડાઈને દર્શાવે છે.

સોમવારે કોર્ટમાં અભિનેત્રી કરિશ્મા કપૂરના બાળકો વીસ વર્ષની સમાયરા અને ૧૫ વર્ષના કિયાનની અરજી પર સુનાવણી ફરી શરૂ થઈ હતી. તેના વકીલે વસિયતમાં છેડછાડ કરીને આ બાળકોને વારસાથી વંચિત કરવાનો આરોપ લગાવ્યો હતો. તેણે કહ્યું કે વસિયતમાં ઘણા બાકોરાં છે જેના કારણે બાળકો સંપત્તિથી વંચિત રહે, વસિયતમાં પુત્રનું ખોટું નામ અને પુત્રીનું સરનામું ખોટું લખવામાં આવ્યું છે. જે સંજય કપૂરના વ્યક્તિત્વથી વિરુદ્ધ છે. (એજન્સી)

# દિલ્હીમાં હવાનું ભયંકર પ્રદૂષણઃ વિવિધ નિયંત્રણ લદાયાં

નવી દિલ્હીઃ કમિશન ફૉર ઍર ક્વૉલિટી મેનેજમેન્ટે દિલ્હી એનસીઆર રીજનમાં હવાની ગુણવત્તા મંગળવારે ઘણી બગડી જતાં 'ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન'ના પ્રથમ તબક્કા હેઠળ વિવિધ નિયંત્રણ લાદ્યા હતા.

ઍર ક્વૉલિટી ઇન્ડેક્સની મર્યાદા ૨૦૦ની ઉપર જાય, તો 'ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન'ના પ્રથમ તબક્કાનો અમલ શરૂ કરાય છે. દિલ્હીમાં મંગળવારે ઍર ક્વૉલિટી ઇન્ડેક્સની ૨૧૧ નોંધાઇ હતી.

દેશની રાજધાનીમાં 'ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન'ના પ્રથમ તબક્કા હેઠળ લદાયેલા વિવિધ નિયંત્રણ નીચે મુજબ છેઃ

– ડસ્ટ (ધૂળના રજકણો), વાહનો અને ઉદ્યોગો દ્વારા ફેલાવાતા હવાના પ્રદૂષણને રોકવા વિવિધ પગલાં લેવાશે.

– બાંધકામ અને ઇમારતના તોડકામના દરેક સ્થળે ધૂળના રજકણો (ડસ્ટ)ના હવામાંના ફેલાવા પર નિયંત્રણ રાખવું પડશે.

– બાંધકામનો જે પ્રૉજેક્ટ ૫૦૦ ચોરસ મીટર કરતાં વધુ વિસ્તારમાં હશે, ત્યાં 'ડસ્ટ મેનેજમેન્ટ પ્લાન' માટે મંજૂરી લેવી પડશે.

– જાહેરમાં કચરો, પાંદડાં જેવી ચીજો સળગાવી નહિ શકાય.

– રોડની બાજુના ફૂડ સ્ટોલ કે ધંધાદારી રસોડામાં ચૂલા માટે કોલસા કે લાકડાં વાપરી નહિ શકાય.

– હૉટેલ્સ, રેસ્ટોરાં અને જાહેરમાં ખાદ્યસામગ્રી વેચનારાઓએ માત્ર ઇલેક્ટ્રિસિટી, ગૅસ કે સ્વચ્છ ઇંધણથી જ રાંધવું પડશે.

– ડીઝલ જનરેટર્સ અત્યાવાશ્યક સેવા સિવાય વાપરી નહિ શકાય.

– વાહનો જો હવાનું વધુ પ્રદૂષણ ફેલાવતા હશે, તો તેઓને દંડ કરાશે. (એજન્સી)

# ઇડી દારૂ કૌભાંડની તપાસ રાજ્ય પોલીસ પાસેથી શું કામ લઇ લે છે?: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઇડી) દ્વારા તમિળનાડુ સ્ટેટ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડને સંડોવતા કહેવાતા દારૂ કૌભાંડની તપાસ રાજ્ય પાસેથી લઇ લેવાનું કારણ જાણવા મંગળવારે ઇડીને સવાલ કર્યો હતો. ઇડીએ માર્ચ મહિનામાં બે વખત સંબંધિત દરોડા પાડ્યા હતા. સર્વોચ્ચ અદાલતે ઇડીને આ અંગે છ મહિનામાં આ બીજી વખત સવાલ કર્યો હતો અને ખુલાસો કરવા આદેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઇના નેતૃત્વ હેઠળની બૅન્ચે ઇડીને સવાલ કર્યો હતો કે શું ઇડી તપાસ માટેનો રાજ્ય સરકારનો અધિકાર છીનવી રહી છે? શું તમને રાજ્ય દ્વારા ગુનાની યોગ્ય તપાસ નહિ કરતું હોવાની શંકા છે?

મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે મેં છેલ્લાં છ વર્ષ દરમિયાન ઇડી દ્વારા કરાતી તપાસના અનેક કેસ જોયા છે. હું તે બધા અંગે હાલમાં કંઇ કહેવા નથી માગતો.

તમિળનાડુ સરકાર વતી અદાલતમાં દલીલ કરતા વકીલો કપિલ સિબલ અને મુકુલ રોહતગીએ સવાલ કર્યો હતો કે પોલીસ પાસે કેસ નોંધાયો હોય તો પછી ઇડી રાજ્ય સરકારની કંપની પર કઇ રીતે દરોડા પાડી શકે?

સિબલે સવાલ કર્યો હતો કે અમે (રાજ્ય સરકારે) પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધાવ્યો છે, તો પછી ઇડી શું કામ પોતાના હાથમાં કેસ લઇ લે છે?

વકીલ રોહતગીએ પૂછ્યું હતું કે તમિળનાડુ સ્ટેટ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડના સ્ટાફના મોબાઇલ ફોન જપ્ત કરીને ઇડી તેઓની અંગત માહિતી શું કામ તપાસે છે? (એજન્સી)

# મડાગાસ્કરમાં જેન ઝીએ પ્રમુખને ભગાડ્યાઃ લશ્કરના હાથમાં સત્તા

અન્તાનાનારિવોઃ વિપક્ષના વડા મડાગાસ્કરના પ્રમુખ ઍન્ડ્રી રાજોલિના દેશ છોડીને ભાગી ગયા હોવાનું લશ્કરી સૂત્રો અને વિદેશી રાજદૂતે સોમવારે કહ્યું હતું. વિશ્વવ્યાપી જેન ઝી આંદોલનના એક મહિના કરતાં થોડાં જ વધુ સમયમાં યુવા પ્રદર્શનાર્થીઓએ બીજીવાર સરકારને સત્તા પરથી ઉથલાવી દીધી છે.

મડાગાસ્કરના આર્મિ કર્નલે કહ્યું હતું કે પ્રમુખને ઈમ્પિચ કરવાની તરફેણમાં સંસદે મત આપ્યા બાદ સેના સત્તાનું સુકાન હાથમાં લેશે. ઍલિટ 'કૅપસૅટ' મીલિટરી યુનિટના વડા કર્નલ માઈકલ રાન્દ્રીઅનિર્નિયાએ રાષ્ટ્રીય રેડિયો પર તેમણે સત્તાનું સુકાન હાથમાં લીધું હોવાની જાહેરાત કરી હતી.

# સીટ-શૅરિંગ ફાઈનલ થયા પહેલા લાલુએ ટિકિટો વહેંચવા માંડી, તેજસ્વીએ અટકાવી

પટણાઃ આરજેડી પ્રમુખ લાલુ પ્રસાદ યાદવે મંગળવારે વહેલી સવારે ઘણા ઉમેદવારોને પાર્ટી ટિકિટ આપી દીધી હતી, પરંતુ તેમના પુત્ર તેજસ્વી યાદવે નિર્દેશ કર્યો કે બિહારમાં રાષ્ટ્રીય જનતા દળના નેતૃત્વ હેઠળના ઈન્ડિ બ્લોકે હજુ સુધી ઔપચારિક રીતે સીટ-શેરિંગ ફોર્મ્યુલાની જાહેરાત કરી નથી. પક્ષ તરફથી ફોન કોલ આવતા ઉમેદવારો આવવા લાગ્યા, અને થોડીવાર પછી તેઓ હાથમાં પાર્ટીનું પ્રતીક લઈને બહાર આવ્યા હતા.

આરજેડીના સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમણે તેમના પિતાને કહ્યું હતું કે પક્ષના પ્રતીક ધરાવતા ઉમેદવારોના ફોટોગ્રાફ્સ અને વિડિયો ક્લિપ્સ ગઠબંધન ભાગીદારો નહીં ગમે, જેમની સાથે હજુ સુધી કોઈ કરાર થયો નથી.તેથી, પક્ષના પ્રતીકોનું વિતરણ બંધ કરી દેવામાં આવ્યું હતું.

# બિહારમાં ભાજપના ૭૧ ઉમેદવારની યાદી જાહેર

નવી દિલ્હીઃ બિહાર વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે મંગળવારે ૭૧ ઉમેદવારના નામની યાદી જાહેર કરી હતી.

નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરી અને વિજયકુમાર સિંહા અનુક્રમે તારાપુર અને લખીસરાઈ બેઠક પરથી ચૂંટણી લડશે.

આ યાદીમાં વર્તમાન પ્રધાન રેણુદેવી સહિત નવ મહિલા ઉમેદવારનો પણ સમાવેશ થાય છે. રેણુદેવી બૈતાયા મતદારક્ષેત્રથી તો વર્તમાન એમએલએ અને અર્જુન અવૉર્ડ વિજેતા શ્રેયાશી સિંહ જામુઈ બેઠક પરથી ચૂંટણી લડશે.

વર્તમાન પ્રધાન મંગલ પાંડે (સિવાન), નીતિન નાબી (બાંકીપુર), નીતીશ મિશ્રા (ઝાંઝરપુર), કૃષ્ણકુમાર મન્ટૂ (અમનૌર) અને પ્રેમકુમાર (ગયા ટાઉન) બેઠક પરથી ચૂંટણી લડશે. (એજન્સી)

# યુકેના વિઝા માટે અંગ્રેજીની અઘરી પરીક્ષા આપવી પડશે

લંડનઃ યુનાઈટેડ કિંગડમ (યુકે) સરકારે મંગળવારે ભારત સહિતના વિઝાના અરજદારોને અંગ્રેજી ભાષાની નવી અઘરી પરીક્ષા આપવી પડશે એવી જરૂરિયાત સંસદમાં રજૂ કરી હતી. આઠ જાન્યુઆરી, ૨૦૨૬થી કૌશલ્ય ધરાવતા બધા કામદારોની વિઝા અરજી પ્રક્રિયાના ભાગરૂપે ગૃહ મંત્રાલયની માન્યતા ધરાવતા પ્રોવાઈડર આ ટેસ્ટ લેશે અને આનું પરિણામ ચકાસવામાં આવશે.

ગૃહ મંત્રાલય માને છે કે અરજદારનું અંગ્રેજી સાંભળવાનું, બોલવાનું અને લખવાનું ધોરણ એ લેવલ કે બારમા ધોરણનું હોવું જોઈએ જેથી અરજદારો યુકેની જીવનશૈલી સાથે એકીકરણ સ્થાપી શકે. યુકેનાં ગૃહપ્રધાન શબાના મહમૂદે કહ્યું હતું કે અમે હંમેશાં આ દેશમાં આવનાર અને યોગદાન આપનારનું સ્વાગત કરીએ છીએ. જોકે વસાહતી અમારી ભાષા શીખ્યા વિના આવે અને અમારા રાષ્ટ્રીય જીવનમાં યોગદાન ન આપે એ અસ્વીકાર્ય છે.

## પહેલા પાનાનું ચાલુ

### દિવાળી પહેલા

રાજપૂત, પ્રવાસન પ્રધાન મુળુભાઈ બેરા, શિક્ષણપ્રધાન કુબેર ડિંડોર અને સામાજિક ન્યાય અને અધિકારિતા પ્રધાન ભાનુબેન બાબરિયા, ઉપરાંત રાજ્યકક્ષાના જે મંત્રીઓ પડતા મુકાવાની શક્યતા છે એમાં મત્સ્ય અને પશુપાલના પ્રધાન પુરુષોત્તમ સોલંકી, પંચાયત પ્રધાન બચુભાઈ ખાબડ, વન અને પર્યાવરણપ્રધાન મુકેશ પટેલ, અન્ન અને નાગરિક પુરવઠા પ્રધાન ભીખુસિંહ પરમાર તથા આદિજાતિ વિકાસપ્રધાન કુંવરજી હળપતિનો સમાવેશ થાય છે.

એ જ રીતે જે નવા ચહેરાનો સમાવેશ થવાની શક્યતા તેમાં પૂર્વ પ્રધાન અને સહકારી ક્ષેત્રના અગ્રણી જયેશ રાદડિયા, હાલના વિધાનસભાના સ્પીકર શંકર ચૌધરી, રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડ, વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકર, એલિસબ્રિજના અમિત પોપટલાલ શાહ, ભાવનગરના ધારસભ્ય અને હાલના રાજ્યકક્ષાના પ્રધાન પુરુષોત્તમ સોલંકીના નાના ભાઈ હીરા સોલંકી, અમરેલીના ધારસભ્ય મહેશ કસવાલા અથવા તો ધારાસભ્ય કૌશિક વેકરિયા, ક્રિકેટર રવીન્દ્ર જાડેજાનાં ધર્મપત્ની અને જામનગરનાં ધારાસભ્ય રીવાબા જાડેજા અને કૉંગ્રેસમાંથી ભાજપમાં આવીને ચૂંટણી જીતેલા પોરબંદરના બોલકા ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા અને માંડવી-કચ્છના ધારાસભ્ય અનિરુદ્ધ દવે દક્ષિણ ગુજરાતના ધારાસભ્ય સંદીપ દેસાઈ, સુરતના ધારાસભ્ય સંગીતા પાટીલ તથા નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈનો સમાવેશ થઈ શકે છે. ઉપરાંત કૉંગ્રેસમાંથી આવેલા અલ્પેશ ઠાકોર, હાર્દિક પટેલ અને સી. જે. ચાવડાને પ્રધાનપદ મળે એવી શક્યતા પણ જોવાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મ્યુનિસિપલ કોર્પોરેશનોની તેમ જ જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીને તેમજ ૨૦૨૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને પસંદગી કરાશે, જેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વર્ચસ્વ ધરાવતા સક્ષમ અને યુવાન અને સારી ઈમેજવાળા ઉમેદવારોને તક અપાશે. ભાજપ માટે સૌરાષ્ટ્રમાં ગોપાલ ઈટાલિયા અને આદિવાસી પટ્ટામાં ચૈતર વસાવાની વધતી લોકપ્રિયતા મોટો પડકાર બની છે.

### સુસાઈડ કરનાર

મૃત હાલતમાં મળી આવ્યા હતા. તેમણે તેમની સર્વિસ રિવોલ્વર વડે પોતાને ગોળી મારી હતી. આ અંતિમ પગલું લેતા પહેલાં તેમણે ત્રણ પાનાની સુસાઈડ નોટ લખી હતી અને એક વીડિયો મૂક્યો હતો.

સંદીપે તેમની સુસાઈડ નોટમાં પૂરણ કુમાર પર ગંભીર આક્ષેપો કર્યા હતા. સંદીપે પૂરણ કુમારને 'ભયંકર ભ્રષ્ટ' ગણાવ્યા હતા. સંદીપે કહ્યું હતું કે પૂરણે આત્મહત્યા કરી હતી કારણ કે તેમના કથિત કૂકર્મો ઊઘાડા પડ્યા હતા. સંદીપે આક્ષેપ કર્યો હતો કે આઈપીએસ ઑફિસર પૂરણે ભ્રષ્ટાચારના આક્ષેપો તરફથી ધ્યાન બીજે વાળવા આને જ્ઞાતિના ભેદભાવનો કેસ બનાવ્યો હતો. સંદીપે કહ્યું હતું કે મેં આઈપીએસના ગનમેનને દારૂના કૉન્ટ્રાકટર પાસેથી અઢી લાખ રૂપિયાની લાંચ લેતા પકડ્યો હતો. કૉન્ટ્રાકટરે ગેંગસ્ટરની ધમકી મળ્યા બાદ પુરણનો સંપર્ક કર્યો હતો. સંદીપે કહ્યું હતું કે પૂરણ કુમાર ભ્રષ્ટાચારની તપાસથી બચવા પહેલાં જ્ઞાતિનો અને આત્મહત્યાનો ઢાલ તરીકે ઉપયોગ કર્યો હતો.

સંદીપે કહ્યું હતું કે તેઓએ ફાઈલ અટકાવી હતી. અરજદારને સમન્સ મોકલીને બોલાવ્યા હતા અને ખંડણી માગી હતી. મહિલા કર્મચારીઓનું બદલીના બદલામાં જાતિય શોષણ કરાતું હતું. આમાં જ્ઞાતિને કશું લાગતુંવળગતું નથી. આનો કરપ્શન સાથે નાતો છે. સત્ય સાથે ઊભા રહેવા માટે મને ગર્વ છે. મારું કૃત્યનો હેતુ દેશને જાગૃત કરવાનો હતો. તેમણે રોહતક પોલીસના વડા નરેન્દ્ર બિજાર્નિયાની સરાહના કરી હતી. પૂરણ સિંહની સુસાઈડ નોટમાં નરેન્દ્ર સહિત ૧૦ અધિકારીના નામો છે. (એજન્સી)

### અમદાવાદમાં જૈન

આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

પાલડી વિસ્તારમાં આવેલા ન્યૂપીનલ પાર્ક સોસાયટીમાં રહેતા રાજેશ શાહે પાલડી પોલીસ સ્ટેશનમાં મેહુલ રાઠોડ (રહે, નંદધામ એપાર્ટમેન્ટ, વાસણા), કિરણ વાઘરી (રહે, હરિચંચલ ફ્લેટ, પાલડી) અને પુરી ઉર્ફે હેતલ વાઘરી વિરુદ્ધ ૧.૬૪ કરોડની ચોરીની ફરિયાદ કરી છે.

ચોરીના સમાચાર મળતા જ દેરાસર ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ આવ્યા હતા અને કેટલી વસ્તુઓ ચોરી થઈ હતી. એ મામલે તપાસ શરૂ કરી હતી, જેમાં જાણવા મળ્યુ હતું કે ૧૧૭.૩૩૬ કિલો ચાંદીનાં ઘરેણાં ગાયબ હતાં. ટ્રસ્ટીઓએ દેરાસર અને ઉપાશ્રયમાં લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કરતાં ઘણી ચોંકાવનારી હકીકતો બહાર આવી હતી.

સીસીટીવી કેમેરા ખંગાળતા જાણવા મળ્યું હતું કે, ચોરી દેરાસરમાં પૂજારીનું કામ કરતા મેહુલ રાઠોડે કરી છે. આ સિવાય દેરાસરમાં સફાઈ કામ કરતા કિરણ અને તેની પત્ની પુરી પણ ગાયબ હતા. મેહુલનો ભાઈ દિનેશ પણ દેરાસરમાં પૂજારી તરીકે નોકરી કરે છે. ટ્રસ્ટીઓએ જ્યારે દિનેશને પૂછ્યુ તો તેણે જવાબ આપ્યો હતો કે મેહુલ ફોન સ્વિચ-ઓફ કરીને ગાયબ થઈ ગયો છે. ચાંદીના દાગીનાની ચોરી મેહુલ, કિરણ અને પુરીએ કરી હોવાનું પુરવાર થતાં અંતે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પાલડી પોલીસે સમગ્ર મામલે ૧.૬૪ કરોડની ચોરીની ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે.

### એલજીનું

રૂ. ૧૫,૫૧૧ કરોડના આઇપીઓમાં ૧.૨૦ ટકા, જ્યારે એલઆઇસી ફાઇનાન્શિયલ સર્વિસિસના ૧૨,૫૦૦ કરોડ રૂપિયાના આઇપીઓમાં ૧૨.૮૦ ટકા પ્રમિયમ નોંધાયું હતું.

ટ્રેન્ડલાઇન ડેટા અનુસાર, બિગ ટિકિટ આઇપીઓ માટે ૨૦૧૯ પછીનું આ સૌથી મોટું લિસ્ટિંગ રહ્યું છે. તેનાથી વિપરીત, ગયા વર્ષના સમાન સમયગાળામાં, ૨૭,૮૭૦ કરોડ રૂપિયાના ઇશ્યુ કદ ધરાવતી બીજી કોરિયન કંપની, હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયાએ બજારમાં નબળો પ્રવેશ કર્યો હતો અને તેની ઇશ્યુ કિંમત કરતાં ૧.૩૦ ટકા ડિસ્કાઉન્ટ પર લિસ્ટિંગ મેળવ્યું હતું.

### કડકડતી ઠંડી

અનેક વિસ્તારમાં હાલમાં તાપમાન સામાન્ય કરતાં બેથી ત્રણ અંશ સેલ્સિયસ ઓછું છે અને તાજેતરમાં થતી હિમવર્ષા દરમિયાન પડેલો બરફ જલદી પીગળતો નથી. તેને એક સારો સંકેત ગણવામાં આવે છે.'લા નિન્યા' સામાન્ય રીતે ડિસેમ્બરમાં વધુ સક્રિય થાય છે. મોસમને લગતી આ ઘટનામાં પ્રશાંત મહાસાગરનું તાપમાન સામાન્ય કરતાં વધારે ઠંડું થાય છે. તેને લીધે ભારતમાં સારો વરસાદ થાય છે અને શિયાળામાં વધારે ઠંડી પડે છે.

હિમાચલના ઉચ્ચ પ્રદેશમાં એટલે કે ૪,૦૦૦ ફૂટથી વધુ ઊંચાઇએ હાલમાં તાપમાન માઇનસ ૧૫ અંશ સેલ્સિયસ કે તેનાથી વધારે ઠંડું છે. 'લા નિન્યા'ની અસરને લીધે ઉત્તર, મધ્ય અને પૂર્વના વિસ્તારોમાં શિયાળાનું સરેરાશ તાપમાન ત્રણથી ચાર અંશ સેલ્સિયસ ઘટવાની શક્યતા છે.(એજન્સી)

### ગૂગલ-અદાણી

પોસ્ટમાં લખ્યું હતું કે આ હબમાં ગીગાવૉટ-સ્કેલ કમ્પ્યૂટ કૅપૅસિટી, નવું આંતરરાષ્ટ્રીય 'સબસી ગૅટવે' અને ઊર્જાનું વિશાળ સ્તરનું આંતરિક માળખું હશે.

ગૌતમ અદાણીના ગ્રૂપની કંપની અદાણી એન્ટરપ્રાઇઝીસે જણાવ્યું હતું કે અમારી જૉઇન્ટ વૅન્ચર કંપની અદાણીકનેક્સ અને ગૂગલ વિશાખપટ્ટણમમાં દેશનું સૌથી મોટું એઆઇ ડૅટા સેન્ટર કેમ્પસ અને નવું ગ્રીન એનર્જી ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવશે. (એજન્સી)

# જયેષ્ઠ નક્સલવાદી ભૂપતિ સહિત ૬૧નું આત્મસમર્પણ

ગઢચિરોલી: ગઢચિરોલી જિલ્લામાં જયેષ્ઠ નક્સલવાદી મોલોજુલા વેણુગોપાલ ઉર્ફે ભૂપતિએ તેના અન્ય ૬૦ સાથીદાર સાથે આત્મસમર્પણ કર્યું હતું. તેઓ સોમવારે મોડી રાતે પોલીસ સમક્ષ હાજર થયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. શરણાગતિ સ્વીકારનારામાં સેન્ટ્રલ કમિટીના સભ્ય તથા પ્રતિબંધિત સીપીઆઇ (માઓવાદી)ની ડિવિઝનલ કમિટીના ૧૦ સભ્યનો સમાવેશ થાય છે. વેણુગોપાલ ઉર્ફે ભૂપતિ ઉર્ફે સોનુને માઓવાદી સંગઠનના પ્રભાવશાળી વ્યૂહરચનાકારોમાંનો એક ગણવામાં આવતો હતો અને મહારાષ્ટ્ર-છત્તીસગઢ સીમા પર લાંબા સમયથી પ્લાટૂન ઓપરેશન્સ પર તે દેખરેખ રાખતો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું. જોકે તાજેતરના મહિનાઓમાં તેની અને ટોચના નક્સલી આગેવાનો વચ્ચે વધતા મતભેદોને કારણે આંતરિક સંઘર્ષ વધી ગયો હતો. ભૂપતિએ દાવો કર્યો હતો કે સશસ્ત્ર સંઘર્ષ નિષ્ફળ ગયો છે, જાહેર સમર્થન ખતમ થઇ ગયો છે. (પીટીઆઇ)■

# પશ્ચિમ રેલવે ચાર સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ કરશે

મુંબઈ : આગામી દિવાળી અને છઠ જેવા તહેવારો પહેલા, પશ્ચિમ રેલવેએ ભીડ ટાળવા માટે તેના ચાર મુખ્ય સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂક્યો છે.

આ પ્રતિબંધ ૧૫ થી ૩૧ ઓક્ટોબર સુધી મુંબઈના બાંદ્રા ટર્મિનસ અને ગુજરાતના વાપી, ઉધના અને સુરત સ્ટેશનો પર અમલમાં રહેશે, એમ પશ્ચિમ રેલ્વેના એક નિવેદનમાં સોમવારે જણાવાયું હતું. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ઓક્ટોબરમાં તહેવારોની મોસમ દરમિયાન, મુંબઈના બાંદ્રા રેલવે સ્ટેશન પર ટ્રેનમાં ચઢવા માટે ઉતાવળ કરતા થયેલી ભાગદોડમાં નવ મુસાફરો ઘાયલ થયા હતા. (પીટીઆઈ)■

# એબીવીપીની ઓફિસમાં ઘૂસી ધીંગાણું: મનસેની વિદ્યાર્થી પાંખના સભ્યો વિરુદ્ધ ગુનો

પુણે: પુણે શહેરની કોલેજ ખાતે લગાવવામાં આવેલા પોસ્ટર્સને કારણે થયેલા વિવાદ બાદ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)ની ઓફિસમાં ઘૂસવા બદલ પોલીસે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ની વિદ્યાર્થી પાંખના કેટલાક સભ્યો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

સદાશિવ પેઠ વિસ્તારમાં આવેલી એબીવીપીની ઓફિસને લૉક કરીને આરોપીઓએ ત્યાં ધીંગાણું મચાવવાનો પ્રયાસ કર્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર વાડિયા કોલેજ ખાતે કેટલીક જગ્યાએ મનસેની વિદ્યાર્થી પાંખનો 'બહિષ્કાર' કરો એવા સંદેશ સાથેનાં પોસ્ટર્સ લગાવવામાં આવ્યાં હતાં. પોસ્ટર્સમાં એબીવીપીનો ઉલ્લેખ પણ હતો. (પીટીઆઇ)■

# થાણે-ભિવંડી રોડના ભારે ટ્રાફિક જૅમમાં એમ્બ્યુલન્સ ફસાઇ ને યુવકે દમ તોડ્યો

થાણે: થાણે જિલ્લામાં ટ્રકે મોટરસાઇકલને અડફેટમાં લેતાં ગંભીર રીતે ઘવાયેલા ૨૯ વર્ષના યુવકને સારવાર માટે હૉસ્પિટલ લઇ જતી એમ્બ્યુલન્સ ભારે ટ્રાફિક જૅમમાં ફસાઇ જવાથી માર્ગમાં અધવચ્ચે તેનું મૃત્યુ થયું હતું.ભિવંડી વિસ્તારમાં નિમ્બાવલી નાકા નજીક સોમવારે સાંજે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ વિનોદ પાટીલ તરીકે થઇ હતી, જે વાશિંદમાં ખાનગી કંપનીમાં કામ કરતો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

કાશેળી ગામમાં રહેતો વિનોદ પાટીલ સોમવારે સાંજે મોટરસાઇકલ પર ઘરે આવવા માટે નીકળ્યો હતો ત્યારે પૂરપાટે વેગે આવનારી ટ્રકે મોટરસાઇકલને ટક્કર મારી હતી, જેમાં વિનોદ પાટીલ રસ્તા પર પટકાયો હતો અને ટ્રકનું ટાયર તેના પર ફરી વળ્યું હતું.

ભિવંડી તાલુકા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે વિનોદ પાટીલે હેલ્મેટ પહેર્યું હતું, જે અકસ્માતમાં ટાયર નીચે કચડાયું હતું. (પીટીઆઇ)■

અંક ટૂંક સમયમાં પ્રગટ થશે



# એટીએસનું માલેગાંવમાં ઑપરેશન: દેશ વિરોધી પ્રવૃત્તિ કરનારો પકડાયો

મુંબઈ: મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વૉડે (એટીએસ) આંધ્ર પ્રદેશ પોલીસ સાથે જૉઈન્ટ ઑપરેશન હાથ ધરી નાશિક જિલ્લાના મહારાષ્ટ્રમાંથી દેશ વિરોધી પ્રવૃત્તિમાં કથિત રીતે સંડોવાયેલા શકમંદની ધરપકડ કરી હતી.

માલેગાંવમાંથી સોમવારે પકડાયેલા આરોપીની ઓળખ તૌસીફ શેખ તરીકે થઈ હતી. આંધ્ર પ્રદેશમાં નોંધાયેલા એક કેસમાં ત્યાંની પોલીસ તેને શોધી રહી હતી, એમ એટીએસના અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ દેશના વિરોધમાં કટ્ટરવાદનો દુષ્પ્રચાર કરવાનો આરોપ શેખ પર છે. તે અમુક વિદેશી નાગરિકોના સંપર્કમાં પણ હોવાનું જાણવા મળ્યું હતું.

આ કેસમાં આંધ્ર પ્રદેશ પોલીસે અગાઉ કેટલાક આરોપીઓની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછમાં શેખનું નામ સામે આવ્યું હતું. ફરાર શેખની આંધ્ર પ્રદેશ પોલીસ શોધ ચલાવી રહી હતી.

શેખ મહારાષ્ટ્રના નાશિક જિલ્લામાં હોવાની આધારભૂત માહિતી આંધ્ર પ્રદેશ પોલીસને મળી હતી. માહિતીને આધારે પોલીસની એક ટીમ નાશિક પહોંચી હતી. મહારાષ્ટ્ર એટીએસની મદદથી આંધ્ર પ્રદેશ પોલીસે સોમવારે જૉઈન્ટ ઑપરેશન હાથ ધર્યું હતું. ઓળખ બદલીને માલેગાંવમાં રહેતા શેખને તાબામાં લેવાયો હતો. (પીટીઆઈ)■

# કથિત માઓવાદી જી એન સાંઈબાબાની પુણ્યતિથિ પર કાર્યક્રમ યોજવા બદલ ટીઆઈએસએસના વિદ્યાર્થીઓ સામે એફઆઈઆર

મુંબઈ : પોલીસે ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સના ૧૦ વિદ્યાર્થીઓ સામે ટીઆઈએસએસ કેમ્પસમાં ભૂતપૂર્વ ડીયુ પ્રોફેસર જી એન સાંઈબાબાની પુણ્યતિથિ નિમિત્તે કાર્યક્રમ યોજવા બદલ કેસ નોંધ્યો છે.

રવિવારે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન આરોપીઓએ જેએનયુના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શરજીલ ઇમામ અને ઉમર ખાલિદના સમર્થનમાં સૂત્રોચ્ચાર પણ કર્યા હતા, જેઓ હાલમાં દિલ્હી રમખાણોના કેસમાં જેલમાં છે, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમ યોજવા માટે અધિકારીઓ પાસેથી પરવાનગી લીધી નહોતી. સાંઈબાબાની કથિત માઓવાદી લિંક્સના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી અને ૨૦૨૪માં બોમ્બે હાઇ કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા હતા. ગયા વર્ષે ૧૨ ઓક્ટોબરે તેમનું અવસાન થયું હતું. રવિવારે, સંસ્થાના અધિકારીઓ અને પોલીસની પરવાનગી વિના કેટલાક વિદ્યાર્થીઓ મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં ટીઆઈએસએસ કેમ્પસમાં તેમની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે એકઠા થયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. ટીઆઈએસએસ વહીવટીતંત્રે ફરિયાદ નોંધાવી હતી, જેના પગલે ટ્રોમ્બે પોલીસે સોમવારે ૧૦ વિદ્યાર્થીઓ અને અન્યો સામે કેસ નોંધ્યો હતો. ■

# શિવસેનાની ભૂતપૂર્વ નગરસેવિકાના પતિ પર હુમલો: ત્રણ સામે ગુનો

મુંબઈ: પાલિકાની વૉર્ડ ઑફિસ દ્વારા હાથ ધરાયેલા કામને મુદ્દે થયેલા વિવાદને પગલે ત્રણ જણે શિવસેનાની ભૂતપૂર્વ નગરસેવિકાના પતિ પર હુમલો કર્યો હોવાની ઘટના જોગેશ્વરીમાં બની હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે હુમલામાં ભૂતપૂર્વ નગરસેવિકા નાઝિયા સોફીના પતિ અબ્દુલ જબ્બાર સોફી ગંભીર રીતે ઘવાયો હતો. સોમવારની સાંજે જોગેશ્વરી પૂર્વમાં આવેલા ઝૂલા મેદાન પરિસરમાં આ ઘટના બની હતી. પાલિકાના અમુક કર્મચારી તેમને સોંપેલી કામગીરી માટે આવ્યા ત્યારે ત્રણ જણે વિવાદ કર્યો હતો. સ્થાનિક રહેવાસી એવા ત્રણેય જણે અબ્દુલ સોફી સાથે ઉગ્ર બોલાચાલી કર્યા પછી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા સોફીને સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ઘટનાની જાણ થતાં સોમવારની રાતે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સોફીને મળવા હૉસ્પિટલ પહોંચ્યા હતા. (પીટીઆઈ)■

# પાનસરે હત્યાના મુખ્ય આરોપી સહિત ત્રણને જામીન

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે ૨૦૧૫માં રેશનાલિસ્ટ અને લેખક ગોવિંદ પાનસરેની હત્યાના કેસમાં ધરપકડ કરવામાં આવેલા મુખ્ય આરોપી વિરેન્દ્રસિંહ તાવડે સહિત ત્રણ જણને જામીન આપ્યા છે. હાઈ કોર્ટની કોલ્હાપુર ખંડપીઠના ન્યાયમૂર્તિ એસ જી દિઘેએ તાવડે ઉપરાંત અન્ય બે આરોપી શરદ કળસકર અને અમોલ કાળેને પણ જામીન આપ્યા છે. તાવડે અને કાળે જેલમાંથી બહાર નીકળશે, જ્યારે કળસકર જેલમાં રહેશે કારણ કે તેમને ૨૦૧૩માં રેશનાલિસ્ટ નરેન્દ્ર દાભોળકરની હત્યાના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા હતા.

ઓળખાયેલા ૧૨ આરોપીઓમાંથી અત્યાર સુધીમાં નવની ધરપકડ કરવામાં આવી છે અને ચાર પૂરક ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. આ નવ આરોપીઓ વિરુદ્ધ સુનાવણી ચાલુ છે. બે શૂટર હજુ ફરાર છે. (પીટીઆઈ)

# થાણેની ઈમારતમાં આગ લાગતાં ૧૮ વીજળી મીટરને નુકસાન

થાણે: થાણેમાં મંગળવારે સવારે ત્રણ માળની બિલ્ડિંગના મીટર બોક્સ રૂમમાં આગ લાગી હતી, જેમાં ૧૮ મીટરને નુકસાન થયું હતું. આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે, કલવા સ્ટેશન રોડ નજીક શ્રી લક્ષ્મી એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોર પર સ્થિત મીટર બોક્સ રૂમમાં સવારે ૭.૨૮ વાગે આગ લાગી હતી. ■

Sparkling Diwali amidst hills and rivers
THE WHISPERING GALLERY OF NATURE Silent HILLS RESORT PVT.LTD. Since 1991
60Kms from Mumbai on NH 48
Vaitarna River Bridge, Manor,
Rooms, Picnic, Conference Halls,
Water Park, Pure Veg Restaurant,
Ample Parking
9967362161 / 9769864420 / 9594837020 / 9890747997
www.silenthillsresort.com

# પોલીસ કોન્સ્ટેબલે દારૂના નશામાં રાહદારીઓને અડફેટમાં લીધા

પુણે: પુણે જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલે દારૂના નશામાં કાર હંકારીને રાહદારીઓને અડફેટમાં લેતાં છ જણ ઘાયલ થયા હતા.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે રંજનગાંવ વિસ્તારમાં રવિવારે રાતે ૧૧ વાગ્યે આ અકસ્માત થયો હતો.

પોલીસ કોન્સ્ટેબલ હેમંત ઇનામે રાતે ડ્યૂટી પતાવીને કારમાં ઘરે જવા માટે નીકળ્યો હતો. અધવચ્ચે અચાનક તેણે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને રાહદારીઓને અડફેટમાં લીધા બાદ તેની કાર બે મોટરસાઇકલ સાથે ટકરાઇ હતી.

કોન્સ્ટેબલ સાદાવેશમાં હતો અને ઘટના સમયે તે દારૂના નશામાં હોવાનું જણાયું હતું. અકસ્માત બાદ એ વિસ્તારના લોકોએ કોન્સ્ટેબલને પકડીને ઢોરમાર માર્યો હતો.

અકસ્માતને નજરે જોનાર સાક્ષીદારના નિવેદનને આધારે કોન્સ્ટેબલ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને તેના લોહીના નમૂના તપાસ માટે મોકલી દેવામાં આવ્યા હતા. (પીટીઆઇ)■

કપોળ મરણ

સ્વ. વસંતબેન પ્રતાપરાય પારેખ (ઉ. વ. ૮૫)
સાવરકુંડલા નિવાસી હાલ, માટુંગા, સોમવાર ૧૩-૧૦-૨૦૨૫ ના રોજ શ્રીજીચરણ પામ્યા છે.
❖ શોકાતૂર ❖
પુત્રી - જમાઈ :-
બીના ગીરીશ મહેતા
ફાલ્ગુની મીનેષ મહેતા
નીતા અનિલ વોરા
સોનલ અતુલ દોશી
ચારૂલ અમીત મહેતા
પારેખ પરિવારનાં જય શ્રીકૃષ્ણ
• પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# વીજળી ગુલ થવાના વિરોધમાં સ્થાનિકોનું વિરોધ પ્રદર્શન: ૧૧૦ સામે ગુનો નોંધાયો

થાણે : લાંબા સમય સુધી વિસ્તારમાં વીજળી ગુલ થવાના મામલે નવી મુંબઈમાં એક પોલીસ સ્ટેશનની બહાર વિરોધ પ્રદર્શન કરનારા ૧૧૦ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો હતો, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું કે, સતત ત્રણ દિવસ વીજળી ન હોવાના કારણે ગુસ્સે ભરાયેલા સ્થાનિકોએ શનિવારે મોડી રાતે રબાલે પોલીસ સ્ટેશન બહાર આંદોલન કર્યું હતું, જે રવિવારની વહેલી સવાર સુધી ચાલુ રહ્યું હતું.

૧૧૦ લોકો સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી, જેમાંથી ૧૩ લોકોની ઓળખ થઈ ગઈ છે, એમ કહેતા અધિકારીએ ઉમેર્યું હતું કે તપાસ ચાલી રહી છે, અને હજુ સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી. ■

# દિવાળી પહેલા સુધરાઈની વિશેષ સ્વચ્છતા ઝુંબેશ

મુંબઈ: દિવાળી પહેલા મુંબઈના તમામ મુખ્ય રસ્તા, ડિવાઈડર, ફૂટપાથ સહિત બજાર પરિસરની સફાઈ માટે મુંબઈ મહાનગરપાલિકા આજથી પાંચ દિવસ વિશેષ ઝુંબેશ હાથ ધરવાની છે.

'સ્વચ્છ મુંબઈ, સુંદર મુંબઈ 'અભિયાન હેઠળ મુંબઈમાં સમયાંતરે વિશેષ સ્વચ્છતા ઝુંબેશ અમલમાં મૂકવામાં આવતી હોય છે. ૧૫ ઓક્ટોબરથી ૧૯ ઑક્ટોબર, ૨૦૨૫ સુધીના સમયગાળામાં દિવાળી પહેલા પાલિકા દ્વારા વિશેષ સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. હાલ મુંબઈમાં બે શિફ્ટમાં સફાઈ કરવામાં આવે છે, જેમાં બપોરની શિફ્ટમાં સફાઈ માટે નીમવામાં આવેલી 'પિંક આર્મી'ની મદદથી આ ઝુંબશ સાંજના અને રાતના સમયમાં હાથ ધરાશે. ■

ઓગણીસમી પુણ્યતિથિ
૧૯.૯.૧૯૩૯

૧૫.૧૦.૨૦૦૬
પરિમલભાઇ છબીલદાસ પારેખ
સંબોધન તમને ક્યા સગપણ નું કરીએ, તમે સદા કરેલ કર્મોને અમે નમીએ,
ફોરમ ફેલાવી સદા સહુના જીવનમાં તમે, તમેજ કહો, તમને હવે કેમ કરીને વીસરીએ.
સદા અર્પણ-શ્રદ્ધા સુમન
પારેખ-મહેતા-જુઠાણી-લાખાણી પરિવાર જે.પી. પારેખ એન્ડ સન

# પુણેમાં અકસ્માત: યુવતી સહિત બેનાં મોત

પુણે: પુણેમાં પાલિકા પરિવહનની બસ મોટરસાઇકલ સાથે ટકરાતાં ૨૭ વર્ષની યુવતી સહિત બેનાં મોત થયાં હતાં, જ્યારે અન્ય એકને ઇજા પહોંચી હતી. પોલીસ અધિકારીના જણવ્યા અનુસાર કાત્રજ ટનલ નજીક મંગળવારે સવારના નવ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો.

આ અકસ્માતમાં યુવતી સહિત બે જણનાં મોત થયાં હતાં, જ્યારે અન્ય યુવતીને ઘાયલ થઇ હતી. મૃતકોની ઓળખ આકાશ ગોગાવલે (૨૯) અને અનુષ્કા વાડકર (૨૭) તરીકે થઇ હતી. (પીટીઆઇ)■



# પાત્ર ગામડાંને વન્ય અધિકારો સત્વરે આપવા અજિત પવાર સક્રિય

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે મંગળવારે રાજ્યના પાત્રતા ધરાવતા ગામોને સામુદાયિક વન અધિકારો આપવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા અને તમામ કલ્યાણકારી યોજનાઓ વંચિત આદિવાસી અને ગરીબ સમુદાયો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો.

રાજ્યના લગભગ ૧૭ હજાર ગામ સામુદાયિક વન અધિકારો માટે પાત્ર છે, પરંતુ અત્યાર સુધીમાં ફક્ત ૫ હજાર ગામને જ આ અધિકાર આપવામાં આવ્યા છે એ બાબત પર પવારે ધ્યાન દોર્યું હતું. તેમના કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર તેમણે આદિજાતિ વિકાસ વિભાગ અને અન્ય સંબંધિત એજન્સીઓને બાકી રહેલા દાવાઓને પ્રાધાન્ય આપવા અને જળગાંવ, ધુળે અને નંદુરબાર જિલ્લાઓમાં આંશિક રીતે મંજૂર કરેલી અરજીઓ પર તાત્કાલિક સુનાવણી કરવા સૂચના આપી હતી.

વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ના અમલની સમીક્ષા કરતા પવારે કહ્યું કે આદિવાસી વન પટ્ટા ધારકોને પાક લોન, ગોપીનાથ મુંડે અકસ્માત વીમા યોજના અને વારસા સંબંધિત અધિકારોનો લાભ મળવો જોઈએ. ખેડૂત આઈડી કાર્ડ જારી નહીં થાય ત્યાં સુધી આધાર કાર્ડના આધારે લાભ આપવો જોઈએ. પાકના નુકસાન માટે વળતર પણ આપવું જોઈએ.

પંચાયત અધિનિયમ (પેસા) હેઠળ ૧ હજાર ૭૩૪ નવા આદિવાસી બહુમતી ગામોનો સમાવેશ કરવા માટે કેન્દ્રને દરખાસ્ત મોકલવામાં આવે અને ૫૦ ટકાથી વધુ આદિવાસી વસ્તી ધરાવતા પરંતુ વન વિસ્તારો વગરના ગામોને પણ તેના હેઠળ આવરી લેવામાં આવે એ અંગે પણ નાયબ મુખ્ય પ્રધાને નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ)

# જિલ્લા પરિષદમાં પાંચ અને પંચાયત સમિતિમાં બે મંજૂર સભ્યો લેવામાં આવશે? કાયદામાં સુધારો કરવાની માગ

મુંબઈઃ જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીઓ અંતર્ગત, જિલ્લા પરિષદમાં પાંચ અને પંચાયત સમિતિમાં ૨ સભ્યોની સ્વીકૃત સભ્ય તરીકે નિમણૂક કરવા માટે જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિ અધિનિયમમાં સુધારો કરવામાં આવે તેવી વિનંતી રાજ્યના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ પત્ર દ્વારા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને કરી હતી.

મુખ્ય પ્રધાને આ મુદ્દે સકારાત્મક પ્રતિભાવ આપ્યો છે અને ગ્રામીણ વિકાસ વિભાગને કાર્યવાહી કરવા સૂચના આપી છે. તેથી, બાવનકુળેએ એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ સુધારા પછી, સમુદાયલક્ષી કાર્યકરને ગ્રામીણ વિકાસ પ્રક્રિયામાં ભાગ લેવાની તક મળશે. દરમિયાન, જો સરકાર આ નિર્ણયનો અમલ કરશે, તો જિલ્લા પરિષદો અને પંચાયત સમિતિઓ તેમ જ નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં મંજૂર સભ્યોની નિમણૂક માટે માર્ગ મોકળો થશે.

ગ્રામીણ સ્તરે સક્રિય રીતે કાર્યરત કાર્યકરોને યોગ્ય પ્રતિનિધિત્વ અને તકો પૂરી પાડવા માટે, હાલના મહારાષ્ટ્ર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિ અધિનિયમમાં સુધારો કરવો જરૂરી છે. ઉપરોક્ત અધિનિયમની જોગવાઈઓ મુજબ, માન્ય સભ્યોની નિમણૂક કરી શકાય છે, પરંતુ વર્તમાન નીતિ મુજબ, આ તકો મર્યાદિત રીતે ઉપલબ્ધ છે. તેથી, રાજ્ય સરકારે ઉપરોક્ત અધિનિયમમાં સુધારો કરવો જોઈએ અને જિલ્લા પરિષદ માટે પાંચ અને પંચાયત સમિતિ માટે બે માન્ય સભ્યોની નિમણૂક કરવાની જોગવાઈ કરવી જોઈએ, એમ બાવનકુળેએ વિનંતી પત્રમાં જણાવ્યું હતું. આનાથી એવા લાયક કાર્યકરોને તક મળશે જેઓ સમાજ માટે કાર્ય કરી રહ્યા છે પરંતુ વિકાસ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ચૂંટણી લડવાની ક્ષમતા ધરાવતા નથી, અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓનું કાર્ય વધુ અસરકારક અને સમાવેશી બનશે. આપણે આ સંદર્ભમાં સકારાત્મક નિર્ણય લેવો જોઈએ અને ઉપરોક્ત સુધારા અંગે સંબંધિતોને સૂચનાઓ આપવી જોઈએ જેથી કાર્યકરોને યોગ્ય પ્રતિનિધિત્વની તકો પૂરી પાડી શકાય, બાવનકુળેએ પત્રમાં માંગ કરી હતી.

દરમિયાન, એક તરફ, રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો માહોલ છે અને જો મહાયુતિ અને મહાવિકાસ આઘાડી સાથે મળીને ચૂંટણી લડે, તો ઘણા ઉમેદવારોને તક નહીં મળે. અગાઉ, નગરપાલિકાઓમાં સંખ્યાત્મક તાકાતના આધારે મંજૂર સભ્યોની ભરતી કરવામાં આવતી હતી. હવે, જો જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિઓમાં મંજૂર સભ્યોની નિમણૂક કરવામાં આવે તો ઘણાને તક મળી શકે છે.

# કૉલેજની વિદ્યાર્થિનીને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ પાંચ સામે ગુનો

પાલઘરઃ વિરારમાં ઈમારતના ચોથા માળેથી કૂદકો મારી કૉલેજની વિદ્યાર્થિનીએ કથિત આત્મહત્યા કર્યાના બે દિવસ બાદ પોલીસે વિદ્યાર્થિનીને આત્મહત્યા માટે ઉશ્કેરવાના આરોપસર પાંચ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

વિરારમાં રહેતી ૧૯ વર્ષની વિદ્યાર્થિનીએ રવિવારે ચોથા માળે આવેલા તેના ફ્લૅટમાંથી કૂદકો માર્યો હતો. બાદમાં સારવાર દરમિયાન સોમવારે હૉસ્પિટલમાં તેનું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે મૃતકના વડીલોની ફરિયાદને આધારે પોલીસે વિદ્યાર્થિની સાથે કૉલેજમાં ભણતા પાંચ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો, જેમાં એક યુવતીનો પણ સમાવેશ થાય છે. યુવતીએ જ વિવિધ ઍપ્લિકેશનની મદદથી વિદ્યાર્થિનીની વાંધાજનક તસવીરો મેળવી હતી. બાદમાં એ તસવીરો સોશ્યલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી હતી.

વારંવારની ધમકી અને ત્રાસથી વિદ્યાર્થિની ડિપ્રેશનમાં આવી ગઈ હતી અને જીવન ટૂંકાવ્યું હતું. આ કેસમાં મંગળવારની મોડી સાંજ સુધી કોઈની ધરપકડ કરાઈ નહોતી. પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

# મહિલાનો વિનયભંગ કરવા બદલ યુનાની ડૉક્ટર વિરુદ્ધ ગુનોઃ ૨૪ કલાકમાં ચાર્જશીટ

થાણેઃ ક્લિનિકમાં આવેલી મહિલા દર્દીનો કથિત વિનયભંગ કરનારા યુનાની ડૉક્ટર વિરુદ્ધ એફઆઈઆર નોંધ્યા પછી પોલીસે ૨૪ કલાકમાં જ મંગળવારે કોર્ટમાં આરોપનામું દાખલ કર્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ કથિત ઘટના ભિવંડીમાં રવિવારે બની હતી. મદરેસાની ૨૬ વર્ષની શિક્ષિકા યુનાની ડૉક્ટર સલીમ મોહમ્મદ સમી ખાન (૫૨)ના ક્લિનિકમાં ગઈ હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ડૉક્ટરે અશ્લીલ ટિપ્પણી કરી હતી અને પછી મહિલાને નિર્વસ્ત્ર કરવાનો પ્રયાસ કર્યો હતો. ડરી ગયેલી મહિલાએ પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૪ હેઠળ સોમવારે ગુનો નોંધ્યો હતો. ઝડપથી તપાસ કરી પોલીસે આ કેસમાં ૨૪ કલાકની અંદર આરોપનામું કોર્ટમાં દાખલ કર્યું હતું.

આ કેસની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં હાથ ધરાશે, એવું અધિકારીએ ઉમેર્યું હતું. (પીટીઆઈ)

# મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સુધી એસઆઈઆર ન કરવા રાજ્ય ચૂંટણી પંચે ઈસીને વિનંતી કરી

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ટાંકીને, રાજ્યમાં મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા (એસઆઇઆર) ને જાન્યુઆરી ૨૦૨૬ સુધી મુલતવી રાખવા માટે ચૂંટણી પંચને વિનંતી કરી છે.

રાજ્ય ચૂંટણી પંચે ૯ સપ્ટેમ્બરના રોજ લખેલા તેના પત્રમાં જણાવ્યું હતું કે અધિકારીઓ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવામાં વ્યસ્ત છે . ભારતની માનનીય સુપ્રીમ કોર્ટે ૬ મે ૨૦૨૫ ના રોજ આપેલા તેના આદેશ દ્વારા રાજ્ય ચૂંટણી પંચને મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ચાર મહિનાની અંદર પૂર્ણ કરવાનો પ્રયાસ કરવાનો નિર્દેશ આપ્યો છે, અને રાજ્ય ચૂંટણી પંચને યોગ્ય કેસોમાં સમય લંબાવવાની સ્વતંત્રતા આપી છે, એમ તેમાં જણાવાયું છે. રાજ્ય ચૂંટણી પંચે એ પણ જણાવ્યું કે એસઆઇઆર પ્રક્રિયામાં ભાગ લેનાર ડેપ્યુટી કલેક્ટર અને તહસીલદાર જ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે રિટર્નિંગ ઓફિસર અને સહાયક રિટર્નિંગ ઓફિસર તરીકે નિયુક્ત થાય છે. તેથી બંને કામ ન થઇ શકે. અગાઉ,સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં જ્યારે ચૂંટણી પંચે રાજ્યભરના મુખ્ય ચૂંટણી અધિકારીઓની પરિષદ યોજવાનું આયોજન કરી રહ્યું હતું ત્યારે રાજ્ય ચૂંટણી પંચે જાન્યુઆરી ૨૦૨૬ સુધી એસઆઇઆર કરાવવાની પોતાની અસમર્થતા વ્યક્ત કરી હતી. સઘન સુધારામાં ઘરે-ઘરે જઈને સંપૂર્ણ અને નવી મતદાર યાદી તૈયારી કરવામાં આવે છે. વિધાનસભા ચૂંટણીના મહિનાઓ પહેલા, જૂન ૨૦૨૫ માં બિહારમાં એસઆઇઆરનો આદેશ આપવામાં આવ્યો હતો, જેમાં મતદારોને પાત્રતા સાબિત કરવા માટે ૧૧ દસ્તાવેજોમાંથી એક રજૂ કરવાની જરૂર હતી. આ પગલાને કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. બિહારમાં મતદાર યાદીઓના એસઆઇઆરની વિરોધ પક્ષોએ ભારે ટીકા કરી હતી, તેમણે દાવો કર્યો હતો.

# બોગસ સુસાઇડ નોટ્સઃ પોલીસે લાતુર કોર્ટમાં પાંચ જણ સામે ત્રણ આરોપનામાં દાખલ કર્યાં

લાતુરઃ આત્મહત્યા કરનાર લોકોની બોગસ સુસાઇડ નોટ બનાવવાના આરોપનો સામનો કરી રહેલા પાંચ જણ સામે પોલીસે મંગળવારે લાતુર જિલ્લાની અલગ અલગ કોર્ટમાં ત્રણ આરોપનામાં દાખલ કર્યાં હતાં.

પોલીસના જણાવ્યા અનુસાર આરોપીઓએ જાતિ આધારિત અનામત, નોકરીઓ અને નાણાકીય વળતર માટે દબાણ લાવવા ખોટી માહિતી રજૂ કરીને સંબંધિત અધિકારીઓ અને રાજ્ય સરકારને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો.

દરમિયાન લાતુરના રહેવાસીઓ એવા પીડિતો દ્વારા કથિત રીતે લખાયેલી સુસાઇડ નોટ્સ તેમના સંબંધીઓ અથવા પરિચિતોએ ક્વોટાના મુદ્દાને લઇ સરકાર પર દબાણ લાવવા અને આર્થિક મદદ મેળવવા બોગસ તૈયાર કરી હતી. (પીટીઆઇ)

## છેલ્લા પાનાનું ચાલુ

### સબ-રજિસ્ટ્રાર

ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું કે હવે રજિસ્ટ્રેશન બોરીવલી, કુર્લા, અંધેરી, મુંબઈ સિટીની ઓફિસો અને ઓલ્ડ કસ્ટમ્સ હાઉસ નજીક મુખ્ય સબ રજિસ્ટ્રાર ઓફિસોમાં કરાવી શકાય છે. આ નિર્ણયથી રહેવાસીઓના સમય અને મુસાફરીની મુશ્કેલીઓ બચવાની અપેક્ષા છે, રજિસ્ટ્રેશન પ્રક્રિયા સુવ્યવસ્થિત કરશે અને ઓફિસની કામગીરીને વધુ કાર્યક્ષમ બનશે. (પીટીઆઈ)

### વિપક્ષની ચૂંટણી

તેમજ શાસક પક્ષોની છે. આ પોસ્ટ કરીને તેમણે શાસક પક્ષ પર કટાક્ષ કર્યો હતો. 'અમે શાસક પક્ષને આમંત્રણ આપ્યું છે. જો તેઓ આવી રહ્યા નથી, તો તેઓ ચૂંટણીઓ પારદર્શક રીતે યોજાય તેવું ઇચ્છતા નથી', દેશપાંડેએ વધુમાં જણાવ્યું હતું.

ભાજપના પ્રવક્તા નવનાથ બને આ પ્રતિનિધિમંડળની મુલાકાત પર પ્રહાર કર્યા હતા, કેટલાક પ્રશ્નોના જવાબો માટે અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, મહાવિકાસ આઘાડીનું પ્રતિનિધિમંડળે પહેલાં, આ પાંચ પ્રશ્નોના જવાબ આપવા જોઈએ.

૧. જ્યારે લોકસભા ચૂંટણીમાં ભાજપને મહારાષ્ટ્રમાં ઓછી બેઠકો મળી, ત્યારે ભાજપે લોકોના નિર્ણયનો સ્વીકાર કર્યો, પરંતુ વિધાનસભા ચૂંટણીમાં મહા વિકાસ આઘાડીની હાર પછી, તેને અચાનક ''મત ચોરી'' કેમ યાદ આવી?

૨. જો મહાવિકાસ આઘાડી જીતે છે, તો ઇવીએમ સાચું, જો ભાજપ જીતે છે, તો ઇવીએમ પર શંકા છે, શું આ દંભ લોકશાહી માટે યોગ્ય છે?

૩. જો ચૂંટણી પ્રક્રિયા અંગે આટલી બધી શંકાઓ છે, તો શું મહારાષ્ટ્રમાં મહા વિકાસ આઘાડીના સાંસદો અને ધારાસભ્યો તાત્કાલિક રાજીનામું આપવાના છે?

૪. લોકશાહીના નામે ગળું કાપી રહેલી મહાવિકાસ આઘાડી શું લોકોનો વિશ્વાસ પાછો મેળવવા માટે કંઈ કરશે કે પછી તે ફક્ત કોઈ યુક્તિ રમશે?

૫. મહા વિકાસ આઘાડી લોકોના નિર્ણય પર શંકા કરીને મહારાષ્ટ્રના મતદારોનું અપમાન કેમ કરે છે?

શું મહાવિકાસ આઘાડીના નેતાઓ પાસે આ પ્રશ્નોના જવાબો છે? જો નહીં, તો તે સાબિત થશે કે તે ''મત ચોરી'' નથી પણ તમારો ''મત'' ચોરાઈ ગયો છે!

### મુંબઈમાં ઓક્ટોબર

કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૪ ડિગ્રી નોંધાયું હતું. તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૫.૩ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૧.૬ ડિગ્રી નોંધાયું હતું. હવામાન ખાતાના કહેવા મુજબ હાલ પૂર્વીય પવનો ફૂંકાઈ રહ્યા હોવાથી ગરમી અને ઉકળાટ વધી ગયો છે. રાજ્યમાં આ વર્ષે ચોમાસામાં અનેક જિલ્લામાં અતિવૃષ્ટિ થઈને પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. ખેડૂતોના ઊભા પાક પર પૂરના પાણી ફરી વળ્યા હતા. લાખો હેક્ટર જમીન પર રહેલા પાકને અતિવૃષ્ટિને કારણે નુકસાન થયું હતું. હાલ ચોમાસાએ વિદાય લઈ લીધી છે, છતાં રાજ્ય પર ફરી કમોસમી વરસાદનું સંકટ નિર્માણ થયું છે, જેમાં વિદર્ભ અને મરાઠવાડા પર વધુ સંકટ તોળાઈ રહ્યું છે.

### નૌકા સપ્તાહ

અપાર સંભાવનાઓ છે. મહારાષ્ટ્રે હંમેશાં દેશના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ઈન્ડિયા મેરીટાઇમ વીક ૨૦૨૫ રાજ્ય અને દેશમાં દરિયાઈ ક્ષેત્ર માટે નવી તક ઊભી કરશે. દરિયાઈ રોકાણ માટે મહારાષ્ટ્ર અનુકૂળ વાતાવરણ પ્રદાન કરે છે અને આ કાર્યક્રમ દ્વારા વધુ વેગ મળશે. જવાહરલાલ નહેરુ પોર્ટ ઓથોરિટીએ તેની ક્ષમતામાં વધારો કર્યો છે અને તૈયાર થઈ રહેલું વાઢવણ બંદર વિકાસની નવી સંભાવનાઓ ઊભી કરશે.'

કેન્દ્રીય પ્રધાન સોનોવાલે કહ્યું કે મુંબઈ આવા વૈશ્વિક કાર્યક્રમો માટે એક આદર્શ સ્થળ છે. મહારાષ્ટ્ર દરિયાઈ ક્ષેત્રમાં રોકાણ માટે વિશાળ તકો ઉપલબ્ધ કરે છે જેનાથી ઉદ્યોગોને ફાયદો થશે.

બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય અને ભારતીય બંદર સંગઠન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સાત ભાગીદાર દેશના પ્રધાન સાથે ૧૦૦થી વધુ દેશો, ૫૦૦ એક્ઝિબિટર્સ, હજારો પ્રતિનિધિઓ અને લગભગ એક લાખ લોકો ભાગ લે તેવી અપેક્ષા છે. (પીટીઆઈ)

### મહારાષ્ટ્રમાં

શંકા રાજકીય વર્તુળોમાં ઊભી થઈ છે. મહાનગરપાલિકાની વોર્ડ રચનાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે અને તે મુજબ વટહુકમ પણ પ્રકાશિત કરવામાં આવ્યો છે. જો આગામી એક-બે દિવસમાં કાર્યક્રમ જાહેર નહીં થાય તો આરક્ષણ અંગેનો ડ્રો દિવાળી બાદ થશે કે કેમ તે અંગે શંકા છે. મહાનગરપાલિકા વહીવટીતંત્રના અધિકારીઓએ આ સંદર્ભે શહેરી વિકાસ અને રાજ્ય ચૂંટણી પંચના અધિકારીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ હજુ સુધી કોઈ નક્કર માહિતી નથી મળી. દરમિયાન, સુપ્રીમ કોર્ટના સૂચન મુજબ, ઓક્ટોબરના અંત સુધીમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી યોજવી જરૂરી હતી. જોકે પ્રત્યક્ષ ચૂંટણીઓ યોજવામાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને આ ચૂંટણીઓનો સમયગાળો લંબાવવામાં આવ્યો હતો.

### મહારાષ્ટ્રના રાજકારણમાં

ધરાવે છે. વાત એમ છે કે શરદ પવાર આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં યુવાનોને કેન્દ્રમાં રાખીને રાજકારણ કરશે તેવા સંકેતો મળી રહ્યા છે. પરિણામે યુવાનોને હવે રાજકારણમાં વધુ સારી તક મળવાની સંભાવના છે. મંગળવારે યોજાયેલી રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)ની બેઠકમાં શરદ પવારે પક્ષના પદાધિકારીઓને મહત્ત્વની સૂચનાઓ આપી રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં રાજકીય પૃષ્ઠભૂમિ ન ધરાવતા ૫૦ ટકા યુવાનોને આ ચૂંટણીમાં તક આપવામાં આવશે એવી જાહેરાત કરી હતી. પક્ષના પદાધિકારીઓને રાજ્યમાં વધુમાં વધુ યુવાનોને તક આપવાનો પ્રયાસ કરવાનો આદેશ આપ્યો હતો.

### કોસ્ટલ રોડની

વાહનચાલકે વીડિયો ઉતાર્યો હતો, જેમાં કારની એરબેગ ખૂલેલી અને ઇમર્જન્સી લાઇટ ચાલુ હોવાનું નજરે પડે છે. વીડિયોમાં યુવક ડ્રાઇવરની સીટ પરથી બહાર નીકળતો દેખાય છે, જ્યારે બીજો પ્રવાસી આગળની સીટ પર બેઠેલો છે અને એક મહિલા અકસ્માત બાદ કાર નજીક ઊભેલી નજરે પડે છે. (પીટીઆઇ)

### માતા રમાબાઈ

દ્વારા ૮.૪૬ હેક્ટર ક્ષેત્રફળની જમીન ૩૦ જૂન, ૨૦૨૫ના હસ્તાંતર કરવામાં આવી હતી. તો સાર્વજનિક નિર્માણ વિભાગની ૭.૧૭ હેક્ટર જમીન ૧૩ ઓક્ટોબર, ૨૦૨૫ના આપવામાં આવી હતી.

એમએમઆરડીએ લગભગ ૧૦,૦૦૦ પરિવાર સાથે વ્યક્તિગત ડેવલપમેન્ટ કરાર કર્યો છે. એસઆરએની મદદથી ૩,૬૬૨ ઝૂંપડાઓ ખાલી કરાવી દેવામાં આવી છે. પહેલા તબક્કાનું ટેન્ડર ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના થયું હતું. બુધવારે ભૂમિપૂજન બાત જીઓ ટેક્નિકલ ઈન્વેસ્ટિગેશનનું કામ તાત્કાલિક શરૂ કરવામાં આવ્યું હતું. લગભગ ૧૭,૦૦૦ ઝૂંપડાંવાસીઓને આ યોજનાનો લાભ મળવાનો છે.

### મહારાષ્ટ્ર કેબિનેટે

અનુસાર, મુંબઈ અને છત્રપતિ સંભાજીનગર સ્થિત નવ શૈક્ષણિક સંસ્થાઓ અને બે છાત્રાલયોને અપગ્રેડ કરવામાં આવશે. પાંચ વર્ષના સમયગાળા માટે ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, કેબિનેટે મુંબઈ ખાતે બોમ્બે હાઈ કોર્ટ અને નાગપુર અને ઔરંગાબાદ ખાતે તેની બેન્ચમાં ૨,૨૨૮ નવી જગ્યાઓ માટે મંજૂરી આપી છે.

## હિન્દુ મરણ

ભૃગુપુર નિવાસી હાલ મુલુંડ સ્વ. કમળાબેન જેઠાલાલ નાનચંદ શાહના સુપુત્ર. સ્વ. નવીનચંદ્રનાં ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૮૫) તા. ૧૩-૧૦-૨૫ને સોમવારે સ્વર્ગવાસ થયેલ છે. તે રાજુલા, નિલેશ, જયેશ, પ્રિતીના માતુશ્રી. નરેન્દ્રકુમાર, મયુરી, અનીતા, ચિરાગકુમારના સાસુ. સ્વ. મણીલાલ માણેકલાલ શાહના સુપુત્રી. સ્વ. વસંતલાલ, સ્વ. કંચનબેન, સ્વ. વિમળાબેન નરોતમદાસ મઠિયા. સ્વ. શાંતાબેન દલીચંદભાઇ કોઠારી, સ્વ. હસમુખભાઇના નાનાબહેન. નિશિત, મનન, પ્રિયાંક, ક્રિષ્ણા-અમીત, મેહુલ, જશના દાદી તથા નાની. લૌકિક વ્યવહાર - સાદડી પ્રથા બંધ રાખેલ છે.

સ્વ. રમેશભાઇ ડાયાલાલ પોપટ આદીત્યાણાવાળા (હાલ રાજકોટ) તે વિજયભાઇ તથા મનોજભાઇના ભાઇ. રેખાબેનના પતિ. જયદીપભાઇના પિતા. શ્રુતિબેનના સસરા. તા. ૧૪-૧૦-૨૫ના અવસાન પામેલ છે. બેસણું તા.૧૬/૧૦ ગુરુવારના સાંજે ૪થી ૫. ઠે. કષ્ટ ભંજન હનુમાન મંદિર, રેલવે ફાટક પાસે, કોઠારિયા સોલવન્ટ, ગોંડલ રોડ, રાજકોટ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ કેશોદ હાલ કાંદિવલી, સ્વ. મણિબેન કરસનદાસ વિઠલાણીના સુપુત્ર જશવંતભાઈ વિઠલાણી (ઉં.વ. ૮૫) તે સ્વ. ઉષાબેન તથા કલાવતીબેનના પતિ. સ્વ. જયંતિલાલ, સ્વ. હસમુખભાઇ, સ્વ. નિર્મળાબેન, સ્વ. શારદાબેન તેમજ પદમાબેનના ભાઈ. ડૉ. સોના અજીત પુનગાંવકર તથા અમિતભાઇના પિતાશ્રી. નીરવ તથા હાર્દિકના મોટાપપ્પા. સ્વ. ગિરધરલાલ ભગવાનજી ઉન્નડકટ (પરલી) તથા સ્વ. વાસુદેવ બાંદેલકરના જમાઈ. તા. ૧૩/૧૦/૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬/૧૦/૨૫ ગુરુવારના ૪.૩૦ થી ૬.૩૦. શ્રી લોહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

રાણપુર નિવાસી હાલ વાશી શશીકાંતભાઇ મોહનલાલ પરીખ (ઉં. વ. ૯૩) તા. ૧૩-૧૦-૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઉષાબેનના પતિ. જયંત, નીતા પંકેશ મોદી, નીના રાજીવ વોરાના પિતા. સૌ. ડોલીના સસરા. સ્વ. સવાઇલાલ વોરાના જમાઇ. જીમી-હેતા, પુલિન-કોમલના દાદા. મધુબેન, જશુબેન, ઇંદુબેન, ધીરેન્દ્રભાઇ તથા રમેશભાઇના ભાઇ. સાદડી તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી અંજારીયા ભાટીયા**

ઇચલકરંજી નિવાસી વિજય ભાટીયા (ઉં. વ. ૭૭) તે સ્વ. લક્ષ્મીબાઇ જીવણદાસ દુતિયાના પુત્ર. તે વર્ષા (મૃદુલા)ના પતિ. સ્વ. વલ્લભભાઇ, સ્વ. હંસરાજભાઇના ભાઇ. તે ગં. સ્વ. આશાબેનના દિયર. સ્વ. ઇન્દુમતી જમનાદાસ સંપટના જમાઇ. ચિ. હેમંત, અ. સૌ. નીતા, અ. સૌ. કાલિન્દીના કાકા. મુંબઇ મુકામે તા. ૧૩-૧૦-૨૫ સોમવારના શ્રી જીના ચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ માટુંગા સ્વ. કેશવજી ગોરધનદાસ પારેખના પુત્ર સ્વ. પ્રતાપરાય કેશવજી પારેખના ધર્મપત્ની. સ્વ. વસંતબેન (ઉં. વ. ૮૫) તે સુદાનવાળા સ્વ. કાળીદાસ નરોત્તમદાસ મોદીના પુત્રી. તે બીના ગીરીશ મહેતા, ફાલ્ગુની મીનેષ મહેતા, નીતા અનિલ વોરા, સોનલ અતુલ દોશી, ચારૂલ અમીત મહેતાના માતુશ્રી સોમવાર તા. ૧૩-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

ગામ જામખંભાળિયા હાલ મલાડ, સંજય સેલારકા (ઉં.વ. ૬૪) તા. ૧૧/૧૦/૨૫ના શનિવાર શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયંતીલાલ લવજીભાઈ સેલારકા તથા સ્વ. રજનીબેન સેલારકાના પુત્ર. પ્રજ્ઞા ભાવેશકુમાર પારેખના ભાઈ. મણિલાલ ઝવેરચંદ વખારિયાના ભાણેજ. ધ્વનિ ધ્રુમિલ કાણકિયા તથા બંસીના મામા. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**શિહોર સં. ઔ. અં. બ્રાહ્મણ**

ગામ ધાંધળી નિવાસી હાલ બોરીવલી, હર્ષદ પંડ્યા (ઉં.વ. ૬૨) તા. ૧૩/૧૦/૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. દલપતરામ અને સ્વ. કાંતાબેનના સુપુત્ર. કવિતાના પતિ. રાજ, કૃષ્ણાના પિતા. જેલેક્સના સસરા. માયા, ખુશ્બુ અને જયના કાકા. અરુણાબેન, દિનેશભાઇના મોટાભાઈ. લૌકિક વિધિ બંધ રાખેલ છે. ઠે. મારવાડી ચાલ, રૂમ નં-૧, કસ્તુરબા રોડ નં.૧, દત્તપાડા સબ-વે પાસે, બસ સ્ટૉપના પાછળ, બોરીવલી ઈસ્ટ.

**નવગામ ભાટિયા**

શ્રીમતી રોહિણી મથુરદાસ (ચિનુભાઈ) વેદ (ઉં.વ. ૮૫) સ્વ. જામનબેન દ્વારકાદાસ સંપતના પુત્રી. સ્વ. અજીતભાઈ, સ્વ. કોકિલાબેન, નિરંજનભાઈ, રેખાબેન, મયંકભાઈના બેન. સૌ. મોના કમલ, સૌ. રૂપાલી સાવિયો, સૌ. નિશિતા તરુણના માતૃશ્રી. અનુષ્કાના નાનીમા, તારીખ ૮મી, સપ્ટેમ્બર, ૨૦૨૫, શ્રીજીચરણ પામ્યા છે. ભજન સંધ્યા તા. ૧૬-૧૦-૨૫, ગુરુવારના ૫:૦૦ થી ૬:૩૦. મંડપમ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, ઈસ્કોન મંદિર, જુહુ, મુંબઈ.

**કચ્છી ભાટિયા**

પ્રજ્ઞા ભાટિયા (ઉં.વ. ૬૧) તે જગદીપ ભાટિયાના ધર્મપત્ની. મંથન અને કુશના માતુશ્રી. કૃષ્ણાયના દાદી. પન્ના અને સ્વ. ઉદય ઉદેશીના બહેન. સ્વ. સુખલાલભાઈ અને સ્વ. તારાબેનના પુત્રી. કૃપાલી તથા ઝલકના સાસુજી. રવિવાર, તા. ૧૨/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬/૧૦/૨૫ના સાંજે ૫ થી ૬.૩૦. શ્રી હાલાઇ લોહાણા મિત્ર મંડળ ટ્રસ્ટ હોલ, એસ.વી. રોડ, શ્રી શંકર મંદિર પાસે, કાંદિવલી વેસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ**

શ્રીમતી ઇન્દિરાબેન પંડ્યા (ઉં.વ. ૯૨) સ્વ. સનતકુમાર માણેકલાલના ધર્મપત્ની તા. ૧૨-૧૦-૨૫ના મલાડ મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે સંજય, સ્વ. અનિલના માતુશ્રી. શિલ્પા, રાજેશ્રીના સાસુજી. તેજસ, માનુશી, જય, યાશિકાના દાદી. લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

**ઉદવાડા**

હોશંગ ફરામરોઝ બાપુના (ઉં. વ. ૯૪) તે મરહુમ રતનબાઇ ફરામરોઝના દીકરા. તે કેટાયુન બાપુનાના ખાવીંદ. તે નીલુફર, મરહુમ નેવીલ, ફીલી તથા કેકીના પપ્પા. તે ઝરવાન, નુશાદના બપાવાજી. તે મરહુમ દીનામાય, મરહુમ દિનશાહ, મરહુમ દારા, મરહુમ નરગેશ રૂસ્તમ દેસાઇ તથા પરવીઝ ફિરોઝ પટેલના ભાઇ. ગુજર પામ્યા તા. ૧૧-૧૦-૨૫ના. રે. ઠે. ઉદવાડા ગામ.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દૌલતી નિવાસી હાલ મુલુંડ અશોકભાઇ નાગરદાસ શાહના ધર્મપત્ની જયશ્રીબેન (ઉં. વ. ૬૩) શુક્રવાર તા. ૧૦-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સવિતાબેન નાગરદાસ શાહના પુત્રવધૂ. તે અમી અને જીનેશના માતા. હેમંતકુમાર અને ધ્વનિના સાસુ. દીપચંદ હરિચંદ શાહના પુત્રી. માતૃવંદના ગુરુવાર તા. ૧૬-૧૦-૨૫ના સવારના ૯.૦૦ કલાકે શીશુકુંજ હોલ, એસ.એલ. રોડ, મુલુંડ (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વરલ નિવાસી હાલ સાયન સ્વ. ધરમશીભાઇ મૂળચંદભાઇ શાહના સુપુત્ર જયંતીભાઇ (ઉં.વ.૯૫) તા. ૧૩-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નિર્મળાબેનના પતિ. મહેશભાઇ, ગીતાબેનના પિતાશ્રી. ભાવનાબેન, યોગેશભાઇના સસરા. સ્વ. કાંતિભાઇ, કિશોરભાઇ, અરવિંદભાઇ, સ્વ. નરેન્દ્રભાઇ તથા કિર્તીભાઇ, સ્વ. જયાબેન અનોપચંદભાઇ શાહ તથા રેખાબેન દિલીપભાઇના ભાઇ. તે દાઠા નિવાસી લાલચંદભાઇ ખીમચંદભાઇ શાહના જમાઇ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬-૧૦-૨૫ના ૯.૩૦થી ૧૧.૩૦. ઠે. એસ.એન.ડી.ટી. કોલેજ હોલ, ૩૩૮, રફી અહમદ કીડવાઇ રોડ, માટુંગા (ઇસ્ટ).

**બેતાલીશ દશા હુમ્મડ દિગંબર જૈન**

ગામ જાંબુડી હાલ મુંબઇ બાબુલાલ રાયચંદ શાહ (ઉં. વ. ૯૦)તે લલિતાબેનના પતિ. ભૂપેન્દ્રભાઇ, યોગેશભાઇ, રાકેશભાઇ, જયશ્રીબેનના પિતાશ્રી. વિનોદચંદ્રના ભાઇ. રવિવાર, તા. ૧૨-૧૦-૨૫ના દેહપરિવર્તન થયેલ છે. પ્રાર્થનાસભા- પ્રવચન ગુરુવારે તા. ૧૬-૧૦-૨૫ના ૯.૧૫થી ૧૧.૩૦. ઠે.વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે બોરીવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નિર્મળાબેન અમીચંદભાઇ મહેતાના સુપુત્ર દિલીપભાઇ (ઉં.વ.૭૨) મંગળવાર તા. ૧૪-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. કીર્તિદાબહેનના પતિ. શ્વેતા, ડો. બિનોલી તથા ધ્રુવના પિતાશ્રી. કોરલ તથા નૈતિકના સસરા. સ્વ. વીરબાળાબેન રજનીભાઇ વોરા, હાલ માટુંગાના જમાઇ. હર્ષદભાઇ, સુશીલાબેન, સ્વ. સુધાબેન, પ્રતિમાબેન, રેખાબેન તથા નીતાબેનના ભાઇ. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૬-૧૦-૨૫ના સવારના ૧૦થી ૧૨. ઠે. ભાનુશાલી બેન્કવેટ, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના આસંબીયાના વિમળા નાગજી દેઢિયા (ઉં.વ. ૭૬) તા. ૧૨-૧૦-૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. ઉમરબાઈ ધારશી જેસંગના પુત્રવધૂ. નાગજીના ધર્મપત્ની. વર્ષા, હર્ષા, નીતિનના માતુશ્રી. કોડાયના લક્ષ્મી ગાંગજી કેશવની સુપુત્રી. મણિલાલ, નવીન, પ્રવીણ, પ્રભા, રંજનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નીતિન દેઢિયા, એ-૧૧, સોનીગરા પ્રિમિયા, નીગડી, પુના-૪૪.

ગુંદાલાના હરીલાલ સંગોઇ (ઉં.વ. ૭૩) તા. ૧૩-૧૦-૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઇ નાનજીના પુત્ર. સ્વ. હંસાના પતિ. કેતન, પ્રિયાના પિતા. કાનજી, જાદવજી, રતનના ભાઇ. હીરબાઇ માવજીના જમાઇ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. કેતન સંગોઇ, બી-૨, શ્રી સરસ્વતી અનંતરાજ સો., કર્વે રોડ, ડોંબીવલી (પ.).

મોટી ખાખરના શ્રી પ્રવિણ કુંવરજી શાહ (મારૂ) (ઉં.વ. ૮૩) તા. ૧૩-૧૦-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી વેલબાઇ કુંવરજીના સુપુત્ર. કવિતા (કેસર)ના પતિ. બીરેન, દીપાના પિતાશ્રી. રમેશ, સ્વ. ધિરજ, છસરાના મંજુબેન હરીલાલ ગાલા, થાણાના ભાનુબેન દીલીપ કામથે, ડોણના જયા જયંત છેડાના ભાઇ. ભુજપુરના માતુશ્રી નાનબાઈ હંસરાજ ધરમશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : બીરેન શાહ, ૧૪૦૨, ઓએસીસ રોયલ, પાંચ પખાડી રોડ, થાણા-૬૦૪.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ મલાડ, વિનયચંદ્ર મોહનલાલ મહેતા (ઉં.વ. ૯૩) તા. ૧૩/૧૦/૨૫ના સોમવાર અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જસવંતીબેનના પતિ. રાજકોટ નિવાસી દીપચંદ દોશીના જમાઈ. રાજેશભાઈ, હિતેષભાઇ, હર્ષાબેન, જ્યોતિબેન તથા નૂતનબેનના પિતાશ્રી. ચેતનાબેન, દિપ્તીબેન, જયરાજ દેસાઈ, જગદીશ દોમડીયા, હિતેન્દ્ર પોપટાણીના સસરાજી. ઝુબીન, નિલોફર, પાર્થ, પ્રિયંકાના દાદા. શ્રેણિક, દેવેન, તેજલ, હેતલ, હર્ષિત, દિપાલીના નાના. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

રાજકોટ નિવાસી હાલ પ્રાર્થનાસમાજ મુંબઈ, કુમારભાઈ પ્રભુલાલ મેહતા (ઉં.વ. ૭૫) તા. ૧૩/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શોભનાબેન (સરયૂ)ના પતિ. સરયૂબેન, કિરીટભાઈ, સ્વ. કિર્તીદાબેનના ભાઈ. અમિત, અમીષીના પિતા. અમીબેન તથા રૂપેશભાઇના સસરા. સાસરાપક્ષે સ્વ. નાથાલાલ અને સ્વ. જયાબેનના જમાઈ. સાદડી અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ અંધેરી વેસ્ટ, પુષ્પાબેન દોશી (ઉં.વ. ૯૧) તે સ્વ. હસમુખભાઈ હરજીવનદાસ મૂળજી દોશીના ધર્મપત્ની. પિયરપક્ષે ભાવનગર નિવાસી સ્વ. દામોદર ઠાકરસી શાહની દીકરી. સ્વ. ચેતનાબેન, નીલેશભાઈ, રાકેશભાઈના માતૃશ્રી. પ્રીતિબેન, ફાલ્ગુનીબેનના સાસુ. અમિષી, મિથિલ અને ફેનિલના દાદી. તા. ૧૩/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. માતૃવંદના ૧૫/૧૦/૨૫ના ૩ થી ૫. જલારામ હોલ જેવીપીડી સ્કીમ, ગુલમોહર રોડ, વિલે પાર્લે વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી

# વિકાસ સપ્તાહ

૨૪ વર્ષ જનવિશ્વાસ, સેવા અને સમર્પણનાં

## વિકાસ સપ્તાહે લખ્યો વિશ્વાસનો અધ્યાય

**₹૨૮૮૫ કરોડ**થી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનાં

## લોકાર્પણ અને ખાતમુહૂર્ત



માનનીય મુખ્યમંત્રી

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ના

વરદ્‌હસ્તે



"ગુજરાતનો હંમેશાં સંકલ્પ રહ્યો છે,
રાજ્યના વિકાસથી દેશનો વિકાસ,
**વિકસિત ભારત** માટે **વિકસિત ગુજરાત**...
- **શ્રી નરેન્દ્રભાઈ મોદી**, માનનીય વડાપ્રધાન"

ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી ઋષિકેશ પટેલ**

માનનીય મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને
તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર,
વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ₹ ૨૦૭૯ કરોડથી વધુના કુલ ૨૯૯ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



ગૃહ વિભાગના ₹ ૪૨ કરોડથી વધુના કુલ ૭ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ₹ ૨૫૨ કરોડથી વધુના કુલ ૬૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



બંદરો અને વાહનવ્યવહાર વિભાગના ₹ ૨૩ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

પ્રાથમિક શિક્ષણ વિભાગના ₹ ૧૩૮ કરોડથી વધુના કુલ ૮૮ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ₹ ૪૦ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ₹ ૮૩ કરોડથી વધુના કુલ ૮ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

૧૦ IAS કોચિંગ સેન્ટરનો શુભારંભ



ઉદ્યોગ અને ખાણ વિભાગના ₹ ૩૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના ₹ ૮૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

ટેકનિકલ શિક્ષણ વિભાગના ₹ ૩૧ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ₹ ૫૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

પ્રવાસન વિભાગના ₹ ૨૧ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

કાર્યક્રમ સ્થળ માટે સ્કેન કરો

૧૫ ઑક્ટોબર ૨૦૨૫, બુધવાર | સવારે ૧૦:૦૦ વાગે | મહાત્મા મંદિર, ગાંધીનગર

કાર્યક્રમનું જીવંત પ્રસારણ: CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat

# વિશ્વબજારના નબળા સંકેત સાથે એફઆઈઆઈની વેચવાલીને કારણે સેન્સેક્સ બીજા દિવસે પણ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એશિયા અને યુરોપના બજારમાં નરમાઇના સંકેત વચ્ચે સ્થાનિક બજારમાં પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીને કારણે ઇન્ડેક્સના હેવીવેઇટ શેરોમાં દબામ આવતાં સેન્સેક્સ સતત બીજા દિવસે નેગેટીવ ઝોનમાં ગબડ્યો હતો. પ્રારંભિક સુધારો ગુમાવીને સેન્સેક્સ ૨૯૭.૦૭ પોઇન્ટ અથવા તો ૦.૩૬ ટકાના ઘટાડા સાથે ૮૨,૦૨૯.૯૮ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સત્ર દરમિયાન તે ૫૪૫.૪૩ પોઇન્ટ અથવા તો ૦.૬૬ ટકા ગબડીને ૮૧,૭૮૧.૬૨ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઇનો નિફ્ટી ઇન્ડેક્સ ૮૧.૮૫ પોઇન્ટ અથવા તો ૦.૩૨ ટકા ઘટીને ૨૫,૧૪૫.૫૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

બજાજ ફાઇનાન્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ટાટા સ્ટીલ, ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ, એનટીપીસી, ટ્રેન્ટ, એશિયન પેઇન્ટ અને એક્સિસ બેન્ક સેન્સેક્સના ટોપ લુઝર શેરમાં સામેલ હતા. જ્યારે ટેક મહિન્દ્રા, આઇસીઆઇસીઆઇ બેન્ક, પાવર ગ્રીડ, હિંદુસ્તાન યુનિલીવર અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો ટોચના વધનાર શેરોમાં સમાવેશ હતો.

મૂડીબજારના માહોલમાં આ સત્રમાં સુધારો જોવા મળ્યો હતો અને ટાટા કેપિટલના નિરસ લિસ્ટિંગ બાદ એલજી ઇલેક્ટ્રોનિકસના વિક્રમી લિસ્ટીંગે ઉત્તેજના વધારી દીધી છે. એલજી ઇન્ડિયાના શેર લિસ્ટિંગે કોલ ઇન્ડિયાનો ૧૫ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો છે. આ શેર તેના રૂ. ૧,૧૪૦ના ઇશ્યૂ ભાવ કરતાં પચાસ ટકા વધુ પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો. ભારતના રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુના આઇપીઓમાં આ શરૂઆતે ઇતિહાસ રચ્યો છે, કારણ કે આ એક એવી લીગ જ્યાં મોટાભાગના જાયન્ટ ઇશ્યૂ લિસ્ટિંગ ગતિ જાળવી રાખવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. સૌથી ઊંચા લિસ્ટિંગ પ્રીમિયમનો અગાઉનો રેકોર્ડ કોલ ઇન્ડિયા પાસે હતો, જેનો આઇપીઓ પંદરેક વર્ષ પહેલા છેક ૨૦૧૦માં આવ્યો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં ટેક મહિન્દ્ર ૧.૨૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૩૬ ટકા, પાવર ગ્રીડ ૦.૩૩ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૩૧ ટકા, રિલાયન્સ ૦.૦૪ ટકા એચસીએલ ટેકનોલોજી ૦.૦૩ ટકા અને મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૦૧ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે બજાજ ફાઈનાન્સ ૧.૮૦ ટકા, બીઈએલ ૧.૭૬ ટકા, તાતા સ્ટીલ ૧.૭૧ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૫૬ ટકા, એનટીસીપી ૧.૪૦ ટકા, ટ્રેન્ટ ૧.૩૮ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૨૨ ટકા અને એક્સિસ બેન્ક ૧.૦૮ ટકા ઘટ્યા હતા.

ટાટા ટ્રસ્ટના બોર્ડે ટાટા સન્સના ચેરમેન એન ચન્દ્રસેકરનની ટાટા સન્સના ચેરમેન તરીકેની ત્રીજી ટર્મ માટે ભલામણ કરી છે. તેમની વય ૬૫ વર્ષની થઇ છે અને ટાટા જૂથના નિયમ પ્રમાણે આ વય પછી વ્યક્તિએ તેનો એક્ઝિક્યુટીવ હોદ્દો છોડવો પડે છે, પરંતુ તે ૭૦ વર્ષ સુધી નોન એક્ઝિક્યુટીવ તરીકે કાર્યરત રહી શકે છે. હવે નિર્ણય ટાટા સન્સના બોર્ડે લેવાનો છે.

આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિઅલ લાઇફે સપ્ટેમ્બર ક્વાર્ટર માટે ૧૮ ટકાના વધારા સાથે રૂ. ૨૯૬ કરોડનો નપો નોંધાવ્યો છે. પ્લાનેક્સ રિસાઇક્લિંગ લિમિટેડે આગામી પાંચ વર્ષમાં દસ મિલિયન મેટ્રિક ટન જેટવા વેસ્ટનું રિસાઇક્લિંગ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. કંપનીની સીઓઓ અને સહસ્થાપક ઇશિતા બંસલે જણાવ્યું હતું કે, કંપની ૧૫ ઇન્ટિગ્રેટેડ વેસ્ટમેનેજમેન્ટ સેન્ટર્સ છે, જે પ્લાસ્ટિક, ટાયર, ઇ-વેસ્ટ અને સોલર પેનલનું રિસાઇક્લિંગ કરે છે. કંપની વેસ્ટ મટિરિઅલ માટે લગભગ ૧૦૦ અને તેના અંતિમ નિકાલ માટે ૨૫૦ જેટલી કંપનીઓ સાથે વ્યવસ્થા ધરાવે છે.

પ્રીમિયમ હેલ્થકેર અને વેલનેસ પ્રોડક્ટ્સ પ્રોડ્યુસર અને એક્સપોર્ટર ક્યુપિડ લિમિટેડને મહારાષ્ટ્ર રાજ્ય નિકાસ પુરસ્કાર સમારોહ ૨૦૨૫માં તેની ઉત્કૃષ્ટ નિકાસ કામગીરી માટે માન્યતા આપવામાં આવી છે. ક્યુપિડ લિમિટેડે આફ્રિકા, લેટિન અમેરિકા, એશિયા, યુરોપ અને મધ્ય પૂર્વના આંતરરાષ્ટ્રીય બજારોમાં મજબૂત વૃદ્ધિ અને સાતત્યપૂર્ણ શ્રેષ્ઠતા દર્શાવી છે. ઇરેડિઆએ બીજા ક્વાર્ટરમાં ૪૧ ટકાના વધારા સાથે રૂ. ૫૪૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

દરમિયાન, ભારત ૨૦૪૭ સુધીમાં દરિયાઈ ક્ષેત્રમાં વૈશ્વિક નેતૃત્વ મેળવવાનું લક્ષ્ય ધરાવે છે, જેમાં ૮૦ લાખ કરોડ રૂપિયાના રોકાણ અને ૧.૫ કરોડ નોકરીઓના સર્જનની યોજના હોવાનું મંગળવારે કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ ખાતાના પ્રધાન સર્બાનંદ સોનોવાલએ ઇન્ડિયા મેરીટાઇમ વીક, ૨૦૨૫ દરમિયાન જણાવ્યું હતું.પોર્ટ, શિપિંગ અને વોટરવેઝ મંત્રાલય દ્વારા આયોજિત આ ઇવેન્ટમાં વિશ્વભરના મેરીટાઇમ એક્સપર્ટ, ઇનોવેટર્સ, પોલિસી મેકર્સ અને ઉદ્યોગપતિઓ એકત્ર થાય છે.

એલજીના જોરદાર લિસ્ટિંગથી ઉત્તેજના ફેલાઇ છે પરંતુ તાજેતરમાં ઘણી કંપનીના નવા શેર ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થયા હોવાથી પ્રાઇમરી માર્કેટમાં ચિંતા પણ સર્જાઇ છે. ઓમ ફ્રેઇટ ફોરવર્ડર્સના શેર પાછલા બુધવારે ઇશ્યૂ ભાવ સામે લગભગ ૪૦ ટકાના જોરદાર ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા છે. આ અગાઉ ગ્લોટીસના શેર પાછલા મંગળવારે તેના ઇશ્યુ ભાવ સામે ૩૫ ટકાના જોરદાર ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટ થયા હતા અને એ જ સાથે ફેબટેક ટેકનોલોજીસના શેર ઇશ્યૂ ભાવ સામે ૨.૬૮ ટકાના ડિસ્કાઇઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. જોકે, બુધવારે એડવાન્સ એગ્રોલાઇફના શેરમાં ઇશ્યુ ભાવ સામે ૧૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

એનએસઇ અને બીએસઇ દ્વારા ૨૨ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલા પરિપત્રો મુજબ, દિવાળી નિમિત્તે મુહૂર્ત ટ્રેડિંગ સત્ર આ વર્ષે ૨૧ ઓક્ટોબરે યોજાશે. દિવાળી મુહૂર્ત ટ્રેડિંગ સત્ર બપોરે ૧:૪૫ વાગ્યાથી ૨:૪૫ વાગ્યાની વચ્ચે યોજાશે અને ટ્રેડ મોડિફિકેશનનો અંતિમ સમય બપોરે ૨:૫૫ વાગ્યાનો રહેશે. આ ઉપરાંત ઈક્વિટી, કોમોડિટી ડેરિવેટિવ્ઝ, કરન્સી ડેરિવેટિવ્ઝ, ઈક્વિટી ફ્યુચર્સ અને ઓપ્શન્સ અને સિક્યોરિટીઝ લેન્ડિંગ અને બોરોઈંગ જેવા વિવિધ સેગમેન્ટમાં એક જ સમય સ્લોટમાં ટ્રેડિંગ થશે.

સેક્ટરલ અને બ્રોડ બેઝ્ડ સહિત બધા જ ઈન્ડેક્સ ઘટ્યા હતા. ટેલિકોમ્યુનિકેશન, કંઝ્યુમર ડ્યુરેબલ્સ સૌથી વધુ ઘટ્યા હતા. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૨.૪૬ લાખ કરોડથી રૂ. ૨.૭૯ લાખ કરોડ ઘટીને રૂ. ૪૫૯.૬૭ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સની ૭ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨૩ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૭૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૯૫ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૧૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૩૮ ટકા ઘટ્યો હતો.

બધા સેક્ટરલ ઈન્ડાયસીસ ઘટ્યા હતા, જેમાં મુખ્યત્વે ટેલિકોમ્યુનિકેશન ૧.૩૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૧૩ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૦૧ ટકા, રિયલ્ટી ૦.૯૬ ટકા, મેટલ ૦.૯૫ ટકા, કોમોડિટીઝ ૦.૮૮ ટકા, સર્વિસીસ ૦.૮૭ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૭૧ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૬૯ ટકા, એનર્જી ૦.૬૭ ટકા અને હેલ્થકેર ૦.૬૧ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૩૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૩૩૩૭ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૮૭૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૨૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૩૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૫૩ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૨૧૫ સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૭૫ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૮૩.૭૪ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૦૦૫ સોદામાં ૧,૧૧૨ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૪,૦૨,૪૨૫ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૫૮,૪૨,૬૮૫.૨૯ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા ગબડીને ૮૮.૮૧ના નવાં તળિયે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાના અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી વેચવાલી રહી હોવાના એક્સચેન્જના અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા ગબડીને ૮૮.૮૧ના નવાં તળિયે બંધ રહ્યો હતો.

જોકે, આજે સંભવિતપણે રિઝર્વ બૅન્કના બજારમાં હસ્તક્ષેપ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટાડાતરફી રહ્યા હોવાથી રૂપિયામાં મોટો કડાકો અટક્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૬૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૮.૭૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૮૧ અને ઉપરમાં ૮૮.૭૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૧૩ પૈસાના ઘટાડા સાથે ૮૮.૮૧ના મથાળે બંધ રહ્યો હતો. આ પૂર્વે ગત ૩૦મી સપ્ટેમ્બરના રોજ ડૉલર સામે રૂપિયો ૮૮.૮૦ના તળિયે બંધ રહ્યો હતો.

નિષ્ણાતોના મતાનુસાર હાલના તબક્કે ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ટૅરિફની રૂપિયા પર માઠી અસર પડી રહી છે. જો ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ કાપ મૂકે તેવો આશાવાદ વધવાની સાથે આગામી દિવસોમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ જળવાઈ રહે અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ઈક્વિટીમાં આંતરપ્રવાહ રહે તો રૂપિયાના સુધારાને ટેકો મળી શકે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૮.૫૦થી ૮૯ આસપાસની રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૦ ટકા વધીને ૯૯.૩૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. આ સિવાય આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૯૭.૦૭ પૉઈન્ટનો અને ૮૧.૮૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૪૦.૧૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. જોકે, આજે એકમાત્ર વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૨.૧૫ ટકા તૂટીને બેરલદીઠ ૬૧.૯૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વૈશ્વિક સોનાએ ૪૧૦૦ ડૉલરની સપાટી કુદાવતા સ્થાનિકમાં વધુ ₹ ૧૯૯૭ની તેજી, ચાંદીમાં ₹ ૨૭૭૫નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિશ્વના બે સૌથી મોટા અર્થતંત્ર અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વૉરની ચિંતા તેમ જ અમેરિકી ફેડરલ રિઝર્વ આ વર્ષની શેષ બન્ને નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ન્યૂ યોર્ક ખાતે ગઈકાલે સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૪૧૭૯.૪૮ ડૉલરની અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૩.૬૦ ડૉલર સુધીની ઊંચી સપાટીએથી પાછા ફર્યા બાદ આજે લંડન ખાતે સોનાના ભાવમાં આગેકૂચ જળવાઈ રહી હોવાના નિર્દેશો હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિમતી ધાતુઓમાં વન વૅ તેજીનું વલણ જળવાઈ રહેતાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૮૯થી ૧૯૯૭ની તેજી આવી હતી જેમાં શુદ્ધ સોનાએ રૂ. ૧.૨૬ લાખની સપાટી કુદાવી હતી, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨૭૭૫ના ઉછાળા સાથે રૂ. ૧.૭૮ લાખની સપાટી પાર કરી ગયા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા નબળો પડ્યો હોવાથી આયાત પડતરોમાં વધારો થવાથી હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૮૯ વધીને રૂ. ૧,૨૫,૬૪૭ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૯૯૭ વધીને રૂ. ૧,૨૬,૧૫૨ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી માત્ર રોકાણલક્ષી છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી. વધુમાં આજે ચાંદીમાં સ્ટોકિસ્ટોનું સટ્ટાકીય આકર્ષણ જળવાઈ રહેવાની સાથે ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૭૭૫ની તેજી સાથે રૂ. ૧,૭૮,૧૦૦ના મથાળે રહ્યા હતા.

દરમિયાન ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સત્ર દરમિયાન હાજરમાં સોનાના ભાવે ઔંસદીઠ ૪૧૭૯.૪૮ ડૉલરની સપાટી દાખવ્યા બાદ પાછા ફર્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે સલામતી માટેની માગ જળવાઈ રહેતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૪૧૨૯.૧૬ ડૉલર આસપાસ અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૪૧૪૭.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, ગઈકાલે ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૩.૬૦ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ આજે વધ્યા મથાળેથી ૧.૬ ટકાના ઘટાડા સાથે ૫૧.૪૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વૉરની સાથે રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતા, ફેડરલ દ્વારા રેટ કટના આશાવાદ, કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી અને એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં જોવા મળી રહેલા અવિરત આંતરપ્રવાહ સોના-ચાંદીની તેજીને ટેકો આપી રહ્યા હોવાનું નેમો મનીનાં વિશ્લેષક હૅન ટૅને જણાવતા ઉમેર્યુ હતું કે જો આગામી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં આંચકાજનક રીતે વ્યાજદરમાં કપાતનો નિર્ણય ન લે તો સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર આસપાસ આવી શકે છે.

જોકે, હાલમાં રોકાણકારોની નજર દક્ષિણ કોરિયામાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ તથા ચીનના પ્રમુખ શિ જિનપિંગ વચ્ચે બેઠક યોજાશે કે નહીં તેના પર તેમ જ આજે મોડી સાંજે અમેરિકી ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ જૅરૉમ પૉવૅલના વક્તવ્ય પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં વધુ ₹ ૧૦નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહી હોવાથી વેપાર ક્વિન્ટલે રૂ. પાંચથી ૧૫ના ઘટાડા સાથે રૂ. ૩૮૨૦થી ૩૮૫૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરનાં નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં વધુ ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૮થી ૨૯ ટ્રકનો રહ્યો હતો. જોકે, એકંદરે તહેવારોની મોસમની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૮૨થી ૪૦૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડા સાથે રૂ. ૪૦૩૬થી ૪૧૦૨માં થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૦થી ૩૯૭૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

# રવી મોસમમાં સમયસર ફર્ટિલાઈઝરની ઉપલબ્ધિ માટે ચૌહાણનો અધિકારીઓને નિર્દેશ

નવી દિલ્હી: વર્તમાન રવી વાવેતરની મોસમ દરમિયાન ખેડૂતોને સમયસર અને સરળતાપૂર્વક ખાતર અર્થાત્ ફર્ટિલાઈઝરનો પુરવઠો ઉપલબ્ધ થાય તે માટે કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે અધિકારીઓને નિર્દેશ આપ્યો છે.

તાજેતરમાં સમીક્ષા હેઠળની બેઠક દરમિયાન અધિકારીઓને રસાયણ અને ખાતર મંત્રાલય સાથે નિકટતાપૂર્વક સહયોગ જાળવવાનું જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે રવી મોસમના મુખ્ય પાક ગણાતા ઘઉંનું દેશનાં ઘણાં હિસ્સાઓમાં વાવેતર શરૂ થઈ ગયું હોવાથી કૃષિ પ્રધાને રવી વાવેતરની તૈયારીઓ અંગે સમીક્ષા કરવાની સાથે ખરીફ પાકનાં સ્ટોકની સ્થિતિની તેમ જ પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોની પણ સમીક્ષા કરી હોવાના અહેવાલ હતા. બેઠક દરમિયાન મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારે વરસાદને કારણે અમુક વિસ્તારોમાં પાકને નુકસાન પણ થયું છે, જ્યારે સારા વરસાદને કારણે અમુક પાકની સ્થિતિ ઘણી સારી છે.

આ ઉપરાંત રવી વાવેતર વધવાની સાથે એકંદરે ઉત્પાદનમાં વધારો થવાની શક્યતા પણ યાદીમાં એક અધિકારીએ વ્યક્ત કરી છે.

એકંદરે દેશભરના જળાશયોમાં પાણીનું સ્તર ગત સાલની સરખામણીમાં સારું છે.

હાલમાં દેશનાં મુખ્ય ૧૬૧ જળાશયોમાં પાણીની અનામત દસ વર્ષની સરેરાશ અનુસાર ગત સાલના ૧૦૩.૫૧ ટકાની સરખામણીમાં વધીને ૧૧૫ ટકાના સ્તરે રહી હોવાથી કૃષિ ઉત્પાદકતા સારી રહેવાનો નિર્દેશ આપે છે, એમ ચૌહાણે ઉમેર્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર પાક વર્ષ ૨૦૨૫-૨૬ (જુલાઈ-જૂન)ની ખરીફ મોસમમાં વાવેતર વિસ્તાર ૬.૫૧ લાખ હેક્ટર વધીને ૧૧૨૧.૪૬ લાખ હેક્ટરનાં સ્તરે રહ્યો હતો. અધિકારીઓના જણાવ્યાનુસાર ટામેટા અને કાંદાનું વાવેતર વેગ પકડી રહ્યું છે. હાલમાં કાંદાનો વાવેતર વિસ્તાર ગત મોસમનાં ૩.૬૨ લાખ હેક્ટર સામે વધીને ૩.૯૧ લાખ હેક્ટર રહ્યો છે. જ્યારે બટાટાનો વાવેતર વિસ્તાર ગત સાલના ૦.૩૫ લાખ હેક્ટર સામે વધીને ૦.૪૩ લાખ હેક્ટર તેમ જ ટામેટાનો વાવેતર વિસ્તાર ગત સાલના ૧.૮૬ લાખ હેક્ટર સામે વધીને ૨.૩૭ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

# કોપર અને બ્રાસની અમુક વેરાઈટીઓ સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારો

મુંબઈ: કોપરમાં વૈશ્વિક સ્તરે પુરવઠાખેંચની સ્થિતિ વચ્ચે હાલમાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓનાં ભાવમાં મક્કમથી સુધારાતરફી વલણ રહેતું હોવાના અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે કોપર, બ્રાસ અને એલ્યુમિનિયમની અમુક વેરાઈટીઓ, ઝિન્ક સ્લેબ અને ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૬નો સુધારો આવ્યો હતો. જોકે, આજે માત્ર નિકલમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટી આવ્યા હતા, જ્યારે નિરસ માગે કોપર આર્મિચર અને કોપર સ્ક્રેપ હેવીમાં કિલોદીઠ અનુક્રમે રૂ. ત્રણ અને રૂ. એકનો ઘટાડો આવ્યો હતો. તેમ જ અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ વધીને રૂ. ૧૦૩૧ અને ટીન તથા કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૩૨૬૮ તથા રૂ. ૯૪૭ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૪૫ અને રૂ. ૬૪૫, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૯૭ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૬૮ના મથાળે રહ્યા હતા.

# આયાતી તેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ: મથકો પાછળ સરસવમાં નરમાઈ

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૯ રિંગિટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૬૪ સેન્ટ વધી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે વાયદાના પ્રોજેક્શનમાં ૭૨ પૉઈન્ટનો ઘટાડો દર્શાવાઈ રહ્યો હતો. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો ખપપૂરતા રહેતાં આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે દેશી તેલમાં માત્ર સરસવમાં મથકો પાછળ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ના ઘટાડાને બાદ કરતાં અન્ય તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૪૫, ગોકુલ એગ્રોના ડિસેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૦, રિલાયન્સ કન્ઝ્યુમરનાં નવેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૭૫ તથા જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા. વધુમાં આજે ભારત ફૂડ્સની સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૨૫ના મથાળે બાયબેકમાં લેવાલી નીકળી હોવાના અહેવાલ હતા. આજે ગુજરાતમાં ગોંડલ મથકે ગઈકાલની શેષ મગફળીની ૭૦,૦૦૦ ગૂણીની આવક હતી, જ્યારે રાજકોટ મથકે ૫૫,૦૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૯૫૦થી ૧૨૬૫માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર ત્રણ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૦૦થી ૪૪૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૨૫૦થી ૪૩૫૦માં થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૭૫, સિંગતેલના રૂ. ૧૪૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૫ અને સરસવના રૂ. ૧૫૦૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૭૫માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ગુજરાતમાં ખરીફ મગફળીનું ઉત્પાદન ૪૬.૦૭ લાખ ટન થવાનો અંદાજ

મુંબઈ: દેશમાં તેલીબિયાનાં મુખ્ય પાક ગણાતા મગફળીના ઉત્પાદનમાં ગુજરાત રાજ્ય મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને છેલ્લાં ૧૬ વર્ષથી દેશનાં અગ્રણી સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશનની ગ્રાઉન્ડનટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા પાકનું કદ તથા ગુણવત્તા માટે સર્વેક્ષણ હાથ ધરવામાં આવી રહ્યું છે. તેમ જ વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની ખરીફ મોસમ માટે કાઉન્સિલે ૪૬.૦૭ લાખ ટન મગફળીના ઉત્પાદનનો અંદાજ મૂક્યો છે.

એસોસિયેશનની કાઉન્સિલે ગત વર્ષ ૨૦૨૪-૨૫ની ખરીફ મોસ માટે આરંભિક તબક્કે ગુજરાતમાં ૪૨.૨ લાખ ટન મગફળીના ઉત્પાદનનો આરંભિક અંદાજ મૂક્યો હતો, પરંતુ ત્યાર બાદ ખેતરોમાં પાકની સ્થિતિ, પાકની પરિપક્વતા વગેરેની આકારણી કર્યા બાદ ઉત્પાદનનો અંદાજ ૧૦ ટકા વધારીને ૪૬ લાખ ટનનો મૂક્યો હતો, જ્યારે વર્તમાન ખરીફ મોસમ માટે ગુજરાતમાં ૪૬.૦૭ લાખ ટનનાં ઉત્પાદનનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

એસોસિયેશનની કાઉન્સિલનાં કૉ ચેરમેન વિનોદ પટેલ, ડૉ. બી. વી મહેતા અને રાજેશ અંકોલા સહિતનાં ૨૦ સભ્યોની ટીમે ગત ૯થી ૧૧ ઑક્ટોબર દરમિયાન સૌરાષ્ટ્રનાં વિવિધ જિલ્લાઓના મગફળીના ઉત્પાદક વિસ્તારોની મુલાકાત લીધી હતી અને વૈજ્ઞાનિક મેટ્રિક્સ અમલી કરીને, રાજ્ય સરકારે નોંધેલા વિસ્તાર તથા મગફળીની પ્રતિ હેક્ટર ઊપજ મેળવીને ઉત્પાદનના અંદાજ મેળવવામાં આવ્યા હોવાનું એસોસિયેશને યાદીમાં જણાવ્યું છે.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગુજરાતના અમરેલી, ભાવનગર, જામનગર, દ્વારકા, જૂનાગઢ, ગિર સોમનાથ, પોરબંદર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા તથા અન્ય જિલ્લાઓ મળીને કુલ ૨૨.૦૨ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે અને હેક્ટરદીઠ ૨૦૯૨.૦૨ કિલની ઊપજ સાથે ઉત્પાદન ૪૬.૦૭ લાખ ટન આસપાસની સપાટીએ રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે.




**BOOK YOUR CABIN NOW!**
For Bookings & Business Collaborations: +91 98199 57598 | +91 90049 95154

## ૪. ધાર્મીક સંબંધી

**ભાગવત કથા-મેડિકલ-શૈક્ષણિક પ્રોજેક્ટ**
સમદર્શન સેવા પરિવાર, (ફંડ રેઝીન્ગ ઈવેન્ટ) ગીતા પ્રવચન, ભાગવત કથા, શ્રીવિષ્ણુસહસ્ત્રનામસ્ત્રોતમ્, વ્યાસપીઠ, પૂ. ઈશ્વરચંદ્ર વ્યાસ, દિવંગતોના મોક્ષાર્થે, લાભ લેવા વિનંતી છે. 25 ડિસેમ્બર, 2025થી 1 જાન્યુઆરી, 2026 (ક્રિસમસ વેકેશન) ''ત્રયોદશ જ્યોતિર્લિંગ તિર્થ'', બરૂમલ, ધરમપુર, વલસાડ (વેબસાઈટ જોવો) AC રૂમ, તમામ ભોજન, મુખ્ય યજમાનશ્રી, પોથી યજમાનશ્રી. 9076308117, 9324250850. (૨૭૯-એ)

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૬. પરચુરણ

**પટવા**
મોતી પિરોવાવાળા જૂના દાગીના સુધારવાવાળા. ઘરે બોલાવો. 9821369617 / 9324805010. (એસડીબી-૨૯૦૭)

## ૭. ખુશખબર

DIWALI DHAMAKA
EXCLUSIVE STORE DISCOUNT
20%* ON TIMEX WATCHES
*T&C apply
GALA ELECTRO
7, Sharda Bhuvan, Sation Road, Kandivali (W)
(B-16596)

## ૯. લગ્ન સંબંધી

■ મુંબઈનાં / NRI નાં બાયોડેટાઓ મેળવવા રજીસ્ટ્રેશન રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૬૩૦)

■ વિક્રોલી ગોદરેજ પ્લેટેનિયમનાં વૈષ્ણવ પરિવારની ગલ્ફ સેટલ લંડનથી માસ્ટર્સ ભણેલી 1985 કન્યાને સમકક્ષ યુવક જોઈએ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૬૩૬)

■ મુંબઈની જૈન - ડિવોર્સી 1995 કન્યાને NRI આવકાર્ય રાજેશ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૬૩૭)

■ ઘાટકોપરનાં ડિવોર્સી બિઝનેસમેન યુવક - 1989 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૬૩૮)

## ૧૦. મહિલાઓ માટે

**દિવાળી ગિફ્ટ**
દિવાળી તથા શુભ પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે મળશે- 9930310057. (બી-૧૬૬૦૧)

**દેશી પધ્ધતિથી બનેલા**
દવા વગરના ખાતરથી બનેલું અનાજ ઘંટુલામાં પીસેલા બધી જાતના લોટ (આંટા), ઘાણીમાંથી કાઢેલું તેલ, રાગીના આટા તેમજ ઘઉંના આટામાંથી બનાવેલી પાણી પુરી તળેલી તેમજ બેક પાણી પુરી, દિવાળી માટે ગ્લુટોન ફ્રી નાસ્તા અને બાળકો માટે દિવાળીની ગીફ્ટ જ્ઞાન તેમજ ગમ્મત સાથે જુદી જુદી ટાઈપની ગેમ્સ ગીફ્ટ બોક્ષ સાથે તૈયાર મળશે. કોન્ટેક: ૯૯૬૭૦૨૮૪૯૯, નોંધ અમારી કંપની પાસે FSSAI No. અને GST No. છે. (બી-૧૬૬૨૯)

**ઉર્લી હોલસેલમાં**
દરેક સાઈઝમાં ઉર્લી દીવા તથા સ્વસ્તિક દીવા હોલસેલમાં મળશે- 9930310057. (બી-૧૬૬૦૦)

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૬૬૦૭)

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીયમુના**
પંઢરપુર, બેઠકજી, સીમલા, મનાલી, કુલ્લુ, વ્રજયાત્રા, શ્રીનાથજી, કચ્છ રણોત્સવ. 9892377559. (૧૫૩૯૦/એ)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૨. યાત્રા સહેલગાહ

**દિવ્ય ટુર**
જગન્નાથપુરી સાથે ગંગાસાગર, દુબઈ, ચારધામ, આસામ મેઘાલય અરૂણાચલ પ્રદેશ અને યુપી ટુર, ગોકુળ મથુરા અને સફેદ રણ: 9819304112. (૩૪૬-એ)

**દિવ્ય ટુર**
જગન્નાથપુરી સાથે ગંગાસાગર, દુબઈ, ચારધામ, આસામ મેઘાલય અરૂણાચલ પ્રદેશ અને યુપી ટુર, ગોકુળ મથુરા અને સફેદ રણ: 9819304112. (૩૭૩-એ)

## ૧૪. નોકરી ખાલી છે

■ ગૃહિણીઓ, નિવૃત્ત, વરિષ્ઠ નાગરિકો માટે બોરીવલીમાં પ્રતિષ્ઠિત કંપની સાથે વ્યવસાય કરવાની સુવર્ણ તક 9820877751. (બી-૧૬૫૫૯)

FEMALE COMPUTER OPErator Required in a Retail Showroom at Andheri West. Tally Experienced Preferred. Time: 11-8.30. Contact: 9833092001. (374-A)

## ૧૭. જગ્યા આપવી છે

**ચેંબુર તિલકનગર**
**3 બેડરૂમ હોલ કિચન, ભાડેથી / વેચાણથી, આપવું છે, ઓનર:- 9821045046. (૩૫૯-એ)**

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા ''જીનલ વોરા'' - 9320206906, 9321103249. (૩૪૨/એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**2 બેડરૂમ હોલ કિચન, વલ્લભબાગ લેન, ભાડેથી, 3 બેડરૂમ હોલ કિચન, 90 ફીટ રોડ, વેચાણથી. સંપર્ક:- દલાલ ભાવેશ મીરાની - 9870019019. (૩૫૯-ઈ)**

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**
૬૦', ૯૦', ઓડિયન વલ્લભબાગ, રાજાવાડી, ૧ થી ૬ બેડરૂમના ફ્લેટસ તથા ઓફિસ, શોપ રેડી, બંધાતામાં લેવા, વેચવા, ભાડે થી હિતેશભાઈ 9920927958, 9820008003. (૩૫૯-સી)

**સાયન**
૧ બેડરૂમ, હોલ, કિચન, 380', ફર્નીશ્ડ, ૧ કાર પાર્ક, ઓનરશીપ. 9136655744, 9638387574. (૩૫૧-સી)

**માટુંગા**
૩ બેડરૂમ, હોલ, કિચન - 933', 1050', 1100', નવું બિલ્ડિંગ, લીફ્ટ, કાર પાર્ક, OC છે. 9136655744. (૩૫૧-ડી)

**શિવાજી પાર્ક**
સ્પેશ્યસ ૨ બેડરૂમ, હોલ, કિચન, 860', નવું બિલ્ડિંગ, લીફ્ટ, કાર પાર્ક, સી.વ્યુ. 9136655744. (૩૫૧-ઈ)

**ANDHERI**
**FLATS - OFFICES Available for sale - Purchase - Rent સ્ટેશન - હાઈવે નજીક બજેટમાં લેવા 9820601794 Bharat Mayani. (SDB-2913)**

**ઘાટકોપર (વેસ્ટ)**
**જીવદયા લેન, જુનું માણેકલાલ એસ્ટેટ- ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટો બુકીંગમાં લેવા મનીશ વોરા- 9324339343. (૩૨૫/એ)**

**પવઈ**
**એલ એન્ડ ટી, સાકીવિહાર રોડ, વેલ ફર્નિશ્ડ 1 બેડરૂમ હોલ કિચન (પાર્કિંગ સાથે) વેચાણથી. 9222431307. (૩૪૩-એ)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**
**પ્રાઈમ લોકેશનમાં સ્ટેશનથી પાંચ મિનિટનાં અંતરે ફુલ્લી ફર્નિશ્ડ 2 BHK, Hall Kitchen, પાર્કિંગ સાથે રજીસ્ટર્ડ સોસાયટી - 800' Carpet Area - 2.60 Cr. સંપર્ક- ભરત શાહ 9820280034. (૩૧૬)**

**અંધેરી (વેસ્ટ)**
ભાડેથી ભરડા વાડી, નવું બિલ્ડીંગ, 2 બેડરૂમ 770' કારપેટ, ફર્નિશ્ડ, 2 AC સાથે, હાયર ફ્લોર 3,00,000/= ડિપોઝીટ, ભાડું - 90,000/= બંકીમ - 9322246219 હેમંત -9833720382. (૩૫૧-એ)

**લોનાવલા**
**દહેરાસરની સામે 3 BHK. બંગલો વેચાણમાં 9869151200. (બી-૧૬૫૭૧)**

**વાલ્કેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૯૦૬)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૩૬૨-એ)

**માટુંગા**
ત્રણ બેડરૂમ બાલ્કની ૧૧૦૦ કાર્પેટ બે પાર્કિંગ ચાર એરકંડીશનર. ભાવ ૫૨૦૦૦ પણ ૪૫૦૦૦માં ઓફર આપો. વિનોદ: 9892980593. (૩૫૫-એ)

**અંધેરી (વેસ્ટ)**
સ્ટેશન દેરાસર પાસે, ''ભાડેથી'' ૨ બેડરૂમ, (660') 3/75000, તદ્દન નવું બિલ્ડીંગ, સ્વીમીંગ પુલ, હેલ્થ કલ્બ, થિયેટર, લાયબ્રેરી અને ઘણી સુવિધાઓ, રેડી પઝેશન, (ફક્ત શાકાહારી) ''નિરજ એસ્ટેટ'' 9821277077. (૩૬૮-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**પાર્લા (ઈસ્ટ વેસ્ટ)**
**૨-૩-૪ બેડરૂમ હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૩૫૬/એ)**

**સાન્તાક્રુઝ (ઈસ્ટ/વેસ્ટ)**
**૨-૩-૪ બેડરૂમ હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૩૫૬/બી)**

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**
**૨-૩-૪ બેડરૂમ હોલ- કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૩૫૬/સી)**

**પારલા વેસ્ટ**
અર્જન્ટ 4 બેડ સેલ 1500 કાર્પેટ સારા એરીયામાં રિ-ડેવલપમેન્ટ ચાન્સ અમિત - 7045622403. (બી-૧૬૫૯૦)

**વિલેપાર્લે વેસ્ટ**
3 બેડરૂમ સેમી ફર્નિશ્ડ 1000 કાર્પેટ ભાડેથી આપવાનો, કાનજી સ્વામી દેરાસર પાસે, ભાડું રૂ. 1,20,000/- ડિપોઝીટ 4,00,000/- (નેગોશીયેબલ) ખાલી કબજો. સંપર્ક: જીતેશભાઈ: 9821122362. (૩૫૩-એ)

**''નવા બિલ્ડિંગમાં...''**
મુંબઈભરમાં : દલાલી વગર - બુકીંગ કરાવા સંપર્ક : ''અવન્તે રીયલ્ટી'' - 9819766658, 8356926392. (બી-૧૬૬૧૪)

**ભાંડુપ**
એલબીએસ રોડ જૈન મંદિર 2 બેડ જોડી (4c) 1400' 2 બેડ 700' (2c) દરેક એમીનીટી ટાવર હાયર ફ્લોર જય જિનેન્દ્ર લક્ષ્મીચંદ સંગોઈ 9223222537. (બી-૧૬૬૧૭)

**પરેલ**
2 બેડ 600 ફૂટ (2.5) 1 બેડ માસ્ટર બેડરૂમ 400 (1.70) 450 (180) 475 (190) ઓલ ઈન રેડી પજેશન વીથ OC જૈન મંદિર નજીક જૈન સમાજ 1/2/3/4 લીવ લાયસન્સ આઉટ રાઈટ દુકાન મકાન 3 બેડ (2 cr) 2 બેડ (1.5 cr) લેવા વેચાણ જય જિનેન્દ્ર લક્ષ્મીચંદ સંગોઈ 9223222537. (બી-૧૬૬૧૮)

**તીન બત્તી**
2 BHK - એરિયા 900' 1 પાર્કિંગ, ફર્નિશ્ડ, તૈયાર કબજો. ભાડું 2.00 લાખ દર મહિને, લેવા - વેચવા. ''અગરવાલ'' 9821231619. (૩૭૦-એ)

**બ્રીચ-કેન્ડી**
3 BHK - એરિયા 1400' 1 પાર્કિંગ, ફર્નિશ્ડ, તૈયાર કબજો. ભાડું 3.50 લાખ દર મહિને, લેવા - વેચવા. ''અગરવાલ'' 9821231619. (૩૭૦-બી)

**વરલી**
રુનવાલ રિઝર્વ 3 BHK, એરિયા 1500' તૈયાર કબજો, 2 પાર્કિંગ,. 10.50 Cr., લેવા - વેચવા. ''અગરવાલ'' 9821231619. (૩૭૦-ડી)

**મલબાર હિલ**
3 BHK, એરિયા 1850', ફર્નિશ્ડ 2 પાર્કિંગ,. ભાડું દર મહિને 5 લાખ (Nego), લેવા - વેચવા. ''અગરવાલ'' 9821231619. (૩૭૦-ઈ)

**તિરુપતિ એપાર્ટમેન્ટ પાસે**
પેડર રોડ 2/3 BHK, એરિયા 1200', મિડલ ફ્લોર, 1 પાર્કિંગ, તૈયાર કબજો. 8 Cr., લેવા - વેચવા. ''અગરવાલ'' 9821231619. (૩૭૦-એફ)

**બોરીવલી વેસ્ટ**
નાટકવાલા લેનમાં બ્રાન્ડ ન્યુ ટાવરમાં 567' 2 બેડ + પાર્કિંગ, 1.75 કરોડ. 9819569698. (૩૫૮-ઈ)

**નાનાચોક**
1 બેડરૂમ - 400' - કાર્પેટ - પાર્કિંગ - ફર્નિસ્ટ - 1,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૪-એ)

**નાનાચોક**
2 બેડરૂમ - 1100' - જુનુ ભાડું ફરનીસ્ટ - 2,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૪-બી)

**કેમ્પસકોર્નર**
2 બેડરૂમ - 1010' - કાર્પેટ -ગેરેજ - પાર્કિંગ - 6,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૪-ડી)

**કેમ્પસકોર્નર**
3 બેડરૂમ - 1350' - કાર્પેટ - પાર્કિંગ - 9,00,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૯૪-સી)

**જુહુ-3 બેડ**
**1000' - 1100' - 1240' - 1400' નવા બિલ્ડિંગમાં એમેનિટીસ સાથે વેચાણથી. (6.25 - 7.50 Cr.) અનિલભાઈ 9004900290. (૩૭૨/બી)**

**પાર્લા-3 બેડ**
**1000' - 1150' - 1240' નવા બિલ્ડિંગમાં જીમ, સ્વિમિંગ પુલ સાથે વેચાણથી. (4.25 - 6 Cr.) અનિલભાઈ 9004900290. (૩૭૨/એ)**

**મલાડ વેસ્ટ**
વેચવાનું છે એસ વી રોડ, ૨ બેડરૂમ ફૂલી ફર્નિશ કાર્પેટ ૬૭૮ વિથ પાર્કિંગ ૨.૧૧ Cr. નેગોશીયેબલ ઓનર ૯૮૧૯૯૭૩૩૪૧. (એસડીબી-૨૯૧૭)

**ગ્રાન્ટરોડ**
ભારતનગરમાં, દેરાસર/ ઉપાશ્રય પાસે, ફર્નિશ્ડ ૨ બેડરૂમ, ૭૪૦' કાર્પેટ, ઓનરશીપથી, 9820034317. (બી-૧૬૬૩૫)

**દેવલાલી**
વેચાણથી. શ્રી શાંતિનાથજી દેરાસરની બાજુમાં, 2 બેડરૂમના ફ્લેટો, રેડી પઝેશન, મહારેરા રજિસ્ટર્ડ પ્રોજેક્ટ. પરેશ - 9930803959/ 9930106054. (૩૭૮-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**
ભાડેથી ભરડાવાડી, સ્ટેશન પાસે, નવું બિલ્ડિંગ, 2 બેડરૂમ, 650' કારપેટ, અનફર્નિશ્ડ, 1 પાર્કિંગ, ફક્ત વેજીટેરીયન ફેમિલી માટે, 2,50,000/ 75000, બંકિમ - 9322246219 અથવા હેમંત - 9833720382. (૩૭૮-સી)

**વિલેપાર્લે (વેસ્ટ)**
2 બેડ હોલ કિચન, પહેલા માળે, લિફ્ટ નથી, સ્ટેશન, દેરાસર, સંન્યાસ આશ્રમ નજીક. (55,000/2,00,000/-) ભાડે થી. Call- 9372035575. (૩૭૭-એ)

**બોરીવલી (વેસ્ટ)**
**ફેકટરી લેન, નવા બિલ્ડિંગમાં ૨ બીએચકે ૬૪૦', મીડલ ફ્લોર, રોડ ફેસિંગ, ૧ પાર્કિંગ સાથે. વેચાણથી લેવા. ભાનુ પ્રોપર્ટીઝ - 9967346036, 9930219031. (૩૭૬-એ)**

**દાદર**
ઈન્ડસ્ટ્રીયલ ગાલા, ઓફિસ, ગોડાઉન, શોરુમ, ફ્લેટ, ભાડેથી- લેવા- વેંચવા. કેતન ગાલા- 9892077714. (બી-૧૬૫૫૮)

**MG ROAD**
સ્ટેશનથી ચાલતા 10 મિનિટ, 3 બેડરૂમ - 2 બેડરૂમના ભાવે, 1050' યુસેબલ કાર્પેટ, ફર્નિશ હાયર ફ્લોર, 2.25 કરોડમાં મળશે. સંજીવ - 9821925693. (જેપી/૪૫૨૫-ઈ)

**મલાડ વેસ્ટમાં**
ભાડા પર શુભ પ્રસંગ માટે લિબર્ટી ગાર્ડન, 2 Bed (દિવસ દીઠ 6,000/-) અને 3 Bed (દિવસ દીઠ 9000/-) ઉપલબ્ધ (AC) 7021469923. (બી-૧૬૬૩૨)

**SALE MATUNGA WEST**
**3 BHK 876 Carpet 4.30 Cr. 2 BHK 670 Carpet 3.33 Cr. 2 BHK 600 Carpet 3 Cr. All Inclusive New Bldg Ready Ravi: 9820109761. (JP/4523-C)**

**GHATKOPAR (EAST)**
Luxurious Residential & Commercial Underconstruction Projects also Resale Buy, Sell, Rent Flats and Offices. SJ Real Estate 9022279684. (368-F)

**MINERVA**
For Rent 3 BHK - 2150' Higher Floor - Furnished - 2 Parking, Ready Poss. Per Month 3.50 Lac. Buying - Selling "Agarwal" 9821231619. (370-A)

**GOREGAON-MALAD**
1/2/3/4 BHK for Sale / Purchase Contact - Agarwal Estate Consultants 9820232273. (B-16625)

AT GOVANDI EAST, DEOnar, 5 minutes, Metro and Railway Stations, Near Jain Temple, Brand New, Well Ventilated Spacious 2 BHK, 1 Parking, 2 Lifts, Rent 64K, Owner: 9820288191, after 12 noon. (B-16633)

## ૧૮. જગ્યા જોઈએ છે

**■ મલાડ અથવા આજુબાજુના વિસ્તારમાં રેડી ટુ મૂવ ફ્લેટ 5 થી ૧૦ વર્ષ નવા-જૂના મકાનમાં 750-800 સ્કવેર ફૂટ (બે થી સવા બે રૂમ - કિચન), ૧૦૦% ચેક પેમેન્ટ ફર્નિચર સાથે ખરીદવામાં રસ છે સંપર્ક : 8356993813, 9892697438. (બી-૧૬૫૮૮)**

## ૧૯. ફેકટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**દુકાન SHOPS**
ભાડેથી વેચાણથી, ગ્રાઉન્ડ ફ્લોર 587' તથા 1 ફ્લોર 781' લિંક રોડ મલાડ વેસ્ટ સંપર્ક બ્રોકર 9819781688/ 9819674859. (જેપી-૪૫૨૦-બી)

**બોરીવલી (વેસ્ટ)**
કોમર્શિયલ જગ્યા - સ્ટેશન પાસે ૧૨૦૦' + ૩૦૦' ટેરેસ, ઓફિસ રેડી ટુ મુવ, 1 પાર્કિંગ સાથે, લીઝથી અથવા વેચાણથી તુરંત આપવાની છે. અન્ય ઘણા પ્રપોઝલ આપની જરૂરિયાત મુજબ. ફોન:- ''કલ્પેશ શાહ'' ૯૮૨૧૪૧૧૧૭૨. ''પાર્થ શાહ'' ૯૮૨૧૯૧૧૦૬૩. (બી-૧૬૫૯૧)

READY POSSESSION WITH OC
SHOPS & OFFICES (NO GST)
> Shop 300 sq. ft. Onwards
> Office 805 sq. ft. Onwards
SHOPS OFFICES
@ Ram Mandir (E)
IDEAL FOR CLASSES, STOCK BROKER, FINANCIAL INSTITUTIONS, CORPORATES, MNC'S ETC
Site: Delta House, Next to Raheja Ridge Wood & Lotus Business Park, Ram Mandir (E)
9594947878
9594948787
(JP-4522-K)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડે થી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**અંધેરી વેસ્ટ**
ઓફિસ ભાડેથી 750 કાર્પેટ એસ. વી. રોડ, પાનેરી શોરૂમની ઉપર, ભાડું રૂા. 1,10,000/-, ડિપોઝીટ રૂા. 4,00,000/-, લિફ્ટ અને પાર્કિંગ સાથે, તુરંત કબજો. જીતેશભાઈ: 9821122362. (૩૫૩-બી)

**ઘાટકોપર ઈસ્ટ**
**દુકાન ભાડેથી, ૩૦૦ સ્કે. ફીટ, બ્યુટી પાર્લર માટે સંપર્ક: 9819852994. (૩૭૫-એ)**

**ઘાટકોપર વેસ્ટ**
**દુકાન ભાડેથી, ૩૦૦ સ્કે. ફીટ, હોટેલ તથા બ્યુટી પાર્લર માટે સંપર્ક: 9819852994. (૩૭૫-બી)**

**વિલેપાર્લે વેસ્ટ**
૧૦૦' ગ્રાઉન્ડ ફ્લોર, ફુલ્લી ફર્નિશ્ડ ઓફિસ, AC, પાણી. એજન્ટ: 9757235535. (એસડીબી-૨૯૧૬)

**CHURCHGATE**
To Sell 2 Offices Single or Joint Jolly Bhavan No. 1 New Marine Lines. Fully Furnished WhatsApp 7021831500. (SDB-2915)

**MANGALWADI**
**Old Rent Building Ground Plus Two Floors on Main JSS Road Girgaum having 3 Shops and 7 Residences for Sale or Redevelopment Whatsup 7021831500. (SDB-2914)**

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા**
લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન ડાયરો ANNIVERSARY. મનસુખભાઈ 9326801860, 8169552801. (૩૪૩-એફ)

**''પ્રાર્થના - 6500/-''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'',''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'':- 9820889938. (૩૩૮/બી)

**SHREENATH - બજેટથી**
પ્રાર્થનાસભા + લગ્નગીત + મામેરું + મહેંદી + એનિવર્સરી + ડાયરો. કિરણભાઈ - 9821795355. (બી-૧૬૬૩૪)

## ૩૧. નાણાંકીય

**FUNDING**
For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (365-E)

**"UNCLAIMED SHARES"..**
Recover your Unclaimed Physical Shares easily with "Investment House".. IEPE, Trans, Demat of Physical, Duplicate Shares, Claim Dividend from IEPF.. Call - 9619315362, 8291226197. (B-16613)

## ૩૨. જમીન-મિલકત

**દેવલાલી**
5 બેડરૂમ અતિ સુંદર બંગલો વિલા With Garden ભરપૂર હવા ઉજાસ પાણી તુરંત કબજો સુરેશભાઈ - 9869170308. (બી-૧૬૫૮૦)

ફાર્મ હાઉસ બંગલો વેચવાનો છે.
એક એકર જમીન રોડ ટચ
(40,000 + Sq. Fts.)
એગ્રીકલ્ચરલ લેન્ડ કમ્પાઉન્ડ વોલ
+ 5 BHK ફાર્મ હાઉસ બંગલો
(Approx. 3,200 + Sq. Fts. Carpet) સાથે.
વજેશ્વરી રોડ, મેદેગાવ, વિરાર ઈસ્ટ.
બોરીવલી સ્ટેશનથી માત્ર 45 KM.
3.75 CR.
ઓનર 9820568080
(૩૪૯-સી)

**રાજકોટની આજુબાજુ**
**ગામ - કાલાવડ રોડ, મોરબી રોડ, જામનગર રોડ નાના-મોટા, ખુલ્લા પ્લોટ, જમીન લેવા-વેંચવા: 9082411822/ 9930730755. (૩૬૪-એ)**

# ચીને આખા વિશ્વને આવરી લેતી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ બનાવી

બેઇજિંગ: સંરક્ષણ ક્ષેત્રમાં ચીને એક મોટું પગલું ભર્યું છે. ચીને વિશ્વભરમાં પહોંચ ધરાવતી તેના પ્રકારની પ્રથમ મિસાઇલ ડિફેન્સ સિસ્ટમ વિકસાવી રહ્યું છે. સાઉથ ચાઇના મોર્નિંગ પોસ્ટના એક રિપોર્ટ અનુસાર, આ વૈશ્વિક ડિફેન્સ સિસ્ટમ જેને ડિસ્ટ્રિબ્યુટેડ અર્લી વોર્નિંગ ડિટેક્શન બિગ ડેટા પ્લેટફોર્મ કહેવામાં આવી રહ્યું છે. ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા પ્રસ્તાવિત અમેરિકાની ગોલ્ડન ડોમ પ્રોજેક્ટ જેવી જ છે. રિપોર્ટ મુજબ, આ સિસ્ટમ હજુ પણ નિર્માણના પ્રારંભિક તબક્કામાં છે અને તે એક સાથે વિશ્વમાં ગમે ત્યાંથી ચીન પર છોડવામાં આવતી ૧,૦૦૦ મિસાઇલ પર નજર રાખી શકે છે.

વર્ષ ૧૯૮૩માં અમેરિકા અને સોવિયેત યુનિયન શીત યુદ્ધમાં હતા. મિસાઇલ લોન્ચર્સ તહેનાત કરવામાં આવ્યા હતા અને સબમરીન એકબીજા પર નજર રાખી રહી હતી. આ સમય દરમિયાન તત્કાલીન અમેરિકન રાષ્ટ્રપતિ રોનાલ્ડ રેગને સ્ટાર વોર્સ નામથી સ્ટ્રેટેજિક ડિફેન્સ ઇનિશિયેટિવની જાહેરાત કરી હતી. ૨૩, માર્ચ, ૧૯૮૩ના રોજ અમેરિકાના લોકોને સંબોધતા રેગને કહ્યું હતું કે, એક એવી સિસ્ટમની કલ્પના કરો જે આંતરખંડીય બેલિસ્ટિક મિસાઇલોને આપણા કિનારા સુધી પહોંચે તે પહેલાં જ અટકાવી શકે અને તેનો નાશ કરી શકે. એક એવી સિસ્ટમની કલ્પના કરો જે આપણા શહેરો અને આપણા લોકોને પરમાણુ હુમલાથી બચાવી શકે. આ ઐતિહાસિક ભાષણના આઠ વર્ષ પછી ૧૯૯૧માં સોવિયેત યુનિયનનું પતન થયું અને રેગનનું સ્ટાર વોર્સ વિઝન ક્યારેય સાકાર થયું નહીં.

# ખાદ્યપદાર્થો, ઇંધણની કિંમતો ઘટી : જથ્થાબંધ ફુગાવો નીચે આવ્યો

નવી દિલ્હી: સપ્ટેમ્બર ૨૦૨૫માં જથ્થાબંધ ભાવ સૂચકાંક (ડબલ્યુપીઆઈ)આધારિત ફુગાવામાં નોંધપાત્ર ઘટાડો થયો છે,જે ઘટીને માત્ર ૦.૧૩ ટકા થયો છે. આ ઘટાડો મુખ્યત્વે ખાદ્ય પદાર્થો અને ઉત્પાદિત ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થવાને કારણે થયો હતો. ઓગસ્ટ, ૨૦૨૫માં ડબલ્યુપીઆઈ ફુગાવો ૦.૫૨ ટકા હતો, જે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ૧.૯૧ ટકા હતો. પીટીઆઈના અહેવાલ અનુસાર, સરકારી આંકડાઓ અનુસાર, સપ્ટેમ્બરમાં ખાદ્ય પદાર્થોના ભાવમાં ઘટાડો ૫.૨૨ ટકા હતો, જે ઓગસ્ટમાં ૩.૦૬ ટકા હતો. શાકભાજીના ભાવમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. શાકભાજીના ભાવમાં ૨૪.૪૧ ટકાનો ઘટાડો થયો, જે ઓગસ્ટમાં ૧૪.૧૮ ટકા હતો. ઉત્પાદિત ઉત્પાદનોમાં ફુગાવો પણ નજીવો ઘટીને ૨.૩૩ ટકા થયો, જે ઓગસ્ટમાં ૨.૫૫ ટકા હતો. ઇંધણ અને વીજળી ક્ષેત્રમાં ઘટાડો ૨.૫૮ ટકા નોંધાયો હતો જે ઓગસ્ટમાં ૩.૧૭ ટકા હતો.

બાર્કલેઝ ઇન્ડિયાના મુખ્ય અર્થશાસ્ત્રી આસ્થા ગુડવાણીના જણાવ્યા અનુસાર, વૈશ્વિક કોમોડિટીના ભાવમાં ઘટાડો થવાને કારણે ડબલ્યુપીઆઈ ફુગાવો લાંબા સમય સુધી નીચો રહેવાની સંભાવના છે. ઈન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચના એસોસિયેટ ડિરેક્ટર પારસ જસરાયએ જણાવ્યું હતું કે સપ્ટેમ્બર ૨૦૨૫માં મુખ્ય ફુગાવો વધીને ૧.૯ ટકા થઈ શકે છે, જેનું કારણ આભૂષણોના ભાવમાં રેકોર્ડ વધારો (૩૪.૧ ટકા) હતો.

# ટ્રેડ-વૉર ઉગ્ર: કોરિયાની કંપનીનાં પાંચ અમેરિકી એકમો પર ચીનનો પ્રતિબંધ

હોંગ કોંગ: ચીનના વાણિજ્ય મંત્રાલયે મંગળવારે જાહેરાત કરી હતી કે દક્ષિણ કોરિયાના જહાજ નિર્માતા હનવ્હા ઓશનની પાંચ પેટાકંપનીઓ સાથે ચીની કંપનીઓની લેવડ-દેવડ પ્રતિબંધ મૂકી રહ્યું છે. મંત્રાલયે જાહેરાત કરી કે તે વૈશ્વિક જહાજ નિર્માણમાં ચીનના વધતા પ્રભુત્વ અંગે અમેરિકા દ્વારા કરવામાં આવી રહેલી તપાસની પણ તપાસ કરી રહ્યું છે. અમેરિકન વ્યાપાર પ્રતિનિધિએ એપ્રિલ ૨૦૨૪માં કલમ ૩૦૧ ટ્રેડ તપાસ શરૂ કરી છે. તેણે નક્કી કર્યું છે કે આંતરરાષ્ટ્રીય શિપિંગ અને શિપબિલ્ડિંગ તાજેતરમાં અમેરિકા અને ચીન વચ્ચેના ટ્રેડ વોરનું કેન્દ્ર બન્યા છે.

# શાહબાઝ શરીફના મોં પર જ ટ્રમ્પે મોદીના ભરપેટ વખાણ કર્યા

શર્મ અલ-શેખ: અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે ઈજિપ્તમાં આયોજિત ગાઝા શાંતિ શિખર સંમેલન દરમિયાન ભારત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામનો સીધો ઉલ્લેખ કર્યા વિના તેમના વખાણ કર્યા હતા. ટ્રમ્પે કહ્યું, ભારત એક મહાન દેશ છે, જેનું નેતૃત્વ મારા ખૂબ સારા મિત્ર કરી રહ્યા છે. ટ્રમ્પનું આ નિવેદન ગાઝામાં ઇઝરાયલ-હમાસ વચ્ચે લગભગ બે વર્ષથી ચાલી રહેલા યુદ્ધવિરામ પરની સહમતિ બાદ આવ્યું છે.

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ ટ્રમ્પની પાછળ ઊભા હતા ત્યારે જ ટ્રમ્પે ભારતને સંબોધિત કર્યું. તેમણે કહ્યું હતું કે, ભારત મહાન દેશ છે અને મારા ખૂબ સારા મિત્ર તેનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમણે શાનદાર કામ કર્યું છે. મને લાગે છે કે પાકિસ્તાન અને ભારત સાથે મળીને ખૂબ સારી રીતે રહેશે. આ પહેલા ટ્રમ્પે શરીફ અને પાકિસ્તાની સેના પ્રમુખ જનરલ અસિમ મુનીરની પણ પ્રશંસા કરી હતી અને શરીફને સંબોધન માટે આમંત્રિત કર્યા હતા.

## ૩૩. ધંધાદારી

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા / લંડન / ઓસ્ટ્રેલિયા / કેનેડા વગેરે દેશોમાં પાર્સલ મોકલવા. 9323766047/ 8451015519. (૩૫૮-એ)

**ONEPLUS - MOTOROLA**
Authorised Service Center, Cell World, Dadar West. 9082289967 - 9987953247 - 8176864631. (B-16543)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ. પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૩૪૩-બી)

## ૫૨. કુરીઅર્સ

**ગ્લોબેક્સ વર્લ્ડવાઈડ**
એક્સપ્રેસ કુરિયર કંપની: અમેરિકા, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા, દુબઈ. દિવાળી ફરાળ, કપડાં. હોમ ડિલિવરી સેવા. પીકઅપ: 7738371832. (બી-૧૬૫૬૨)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093/ 9594187418. (બી-૧૬૬૧૯)

# પાકિસ્તાની લશ્કરી વડા અસીમ મુનીર પર ઓળઘોળ થયા ટ્રમ્પ

વોશિંગ્ટન/ઇસ્લામાબાદ: પાકિસ્તાન અને અમેરિકા વચ્ચે સબંધો ઘણા નજીક આવી રહ્યા દેખાઈ રહ્યા છે. અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાની સેનાના વડા ફીલ્ડ માર્શલ અસિમ મુનીરને ફેવરિટ ગણાવીને તેમના જાહેરમાં વખાણ કર્યા હતા. મહત્ત્વની વાત એ છે કે, જે કાર્યક્રમમાં ટ્રમ્પે મુનીરની પ્રશંસા કરી હતી, ત્યાં તેઓ હાજર પણ નહોતા. બીજી તરફ, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે ફરી એકવાર ભારત સાથે યુદ્ધવિરામ કરાવવાનો શ્રેય ટ્રમ્પને આપ્યો હતો.

ઇજિપ્તમાં આયોજિત ગાઝા શાંતિ શિખર સંમેલનમાં વિશ્વના અનેક મોટા નેતાઓ એકઠા થયા હતા અને આમાં પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ પણ હાજર હતા. આર્મી ચીફ અસિમ મુનીર હાજર નહોતા. ટ્રમ્પે જ્યારે વડા પ્રધાન શરીફને સંબોધન માટે આમંત્રણ આપ્યું ત્યારે તેમણે કહ્યું, પાકિસ્તાનના વડા પ્રધાન શરીફ... અને મારે કહેવું પડશે કે પાકિસ્તાનના મારા ફેવરિટ ફીલ્ડ માર્શલ, જે અહીં નથી, પરંતુ વડા પ્રધાન અહીં છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u
મુંબઈ સમાચાર
# ઈન્ટરવલ
MUMBAI SAMACHAR
■ બુધવાર ■ તા. ૧૫-૧૦-૨૦૨૫


# ડ્રેગનને ડારવાની ડોનલ્ડની દમદાટીથી ભારતને શું લાભ?




કવર સ્ટોરી_નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાના તઘલખી વ્યક્તિત્વની છબીને મજબૂત બનાવવા માટે ચીન પર ૧૦૦ ટકાની ટેરીફ લાદવાની ચીમકી જ્યારથી ઉચ્ચારી છે, ત્યારથી તેની વૈશ્વિક અર્થતંત્ર પર કેવી અવળી અસર થશે અને ભારતીય અર્થતંત્રને તેનાથી લાભ થશે કે નુકસાન તેની ચર્ચાએ વેગ પકડ્યો છે.

આમ તો ટ્રમ્પે ફરી લાળા ચાવ્યા છે અને ચીનને અમેરિકા કોઇ નુકસાન પહોંચાડવા માગતું નથી, આમારા સંબંધો સારા છે, એવા વિધાનો કરીને પોતાની ખરડાયેલી છબીને વધુ બગાડી છે. જોકે આશ્ચર્ય એ વાતનું પણ છે કે વિશ્વના બજારો આવા અતરંગી માનસ ધરાવતા સ્પષ્ટ દિશા વગરના કથિત નેતાના વિધાનો ગંભીરતાથી લે છે!

ખેર પહેલી નવેમ્બર સુધી સાચી પરિસ્થિતિ એક રહસ્ય જ બની રહેવાની છે છતાં જો ટેરિફ લાગુ થાય તો શું થઇ શકે એનો તાગ મેળવવાનો અહીં પ્રયાસ છે. સરળ શબ્દોમાં કહીએ તો, ઉક્ત ટેરિફ લાગુ થતા, યુએસમાં પ્રવેશતા ચીની માલનો ખર્ચ હાલની તુલનામાં બમણો થશે. આ એક મોટું અને આક્રમક વેપાર પગલું છે, જે ચોક્કસપણે ઘણા ચીની નિકાસકારોને નુકસાન પહોંચાડશે. પરંતુ તે ભારત સહિત અન્ય દેશો માટે પણ તકો ઊભી કરી શકે છે.

**જો ચીની આયાત પર અમેરિકા ૧૦૦ ટકા ટેરિફ લાદે છે, તો તેની અસર કેવી થશે?**

* ચીની બનાવટના ઉત્પાદનની કિંમત, પરિવહન અને અન્ય ખર્ચ અગાઉ ધારો કે, ૧૦૦ ડોલર હશે, તે ૨૦૦ ડોલર થઇ જશે.

* યુ.એસ. બજારમાં ચીની ઉત્પાદનોની સ્પર્ધાત્મકતા ખૂબ જ ઘટી જશે.

* અમેરિકન આયાતકારો અન્ય દેશોમાંથી સસ્તા અથવા ઓછા ટેરિફવાળા માલના વૈકલ્પિક સ્રોત શોધી શકે છે.

હાલમાં, ટ્રમ્પના પાપે હાલ ચાલી રહેલા વેપાર અને ભૂરાજકીય તણાવના ભાગરૂપે ચીની માલ અને ટેકનોલોજી (ઉદાહરણ તરીકે, મહત્ત્વપૂર્ણ સોફ્ટવેર અથવા રેર અર્થ મેટલ્સ પર) સામે પહેલાથી જ વિવિધ ટેરિફ અને પ્રતિબંધક પગલાં છે. તેના પર ૧૦૦ ટકા ટેરિફનો અતિરિક્ત ભાર હાલના અવરોધોને ઓર વધારે છે.

ભારત વિશે વાત કરતા પહેલા, આપણે સમજવું જોઈએ કે આ પગલું ખુદ ચીન, અમેરિકા અને અન્ય દેશો પર કેવી અસર કરશે!

**ચીન પર કેવી અસર થશે?**

*નિકાસમાં તીવ્ર ઘટાડો થશે. ઘણા ચીની નિકાસકારો મુખ્ય બજાર તરીકે યુએસ પર આધાર રાખે છે.

*કેટલીક ચીની કંપનીઓ ટેરિફ અવરોધને બાયપાસ કરવા માટે ઉત્પાદન અન્ય દેશોમાં (ઉદાહરણ તરીકે, દક્ષિણપૂર્વ એશિયા, વિયેતનામ, બાંગ્લાદેશ) ખસેડી શકે છે.

*ચીન યુ.એસ. આયાત પર તેના પોતાના ટેરિફ, ક્વોટા અથવા નોન-ટેરિફ અવરોધો સાથે બદલો લઈ શકે છે.

*આ ટેરિફ બોજ વિશ્વના અન્ય ભાગો (આફ્રિકા, લેટિન અમેરિકા, વગેરે) સાથે વેપારને વધુ ગાઢ બનાવવા અથવા સપ્લાય ચેઇનમાં વધુ આત્મનિર્ભરતા માટે દબાણ કરવા માટે ચીન દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને વેગ આપી શકે છે.

**અમેરિકા પર કેવી અસર થશે?**

*છૂટક વેપારીઓ અને ગ્રાહકોને ઊંચા ભાવનો સામનો કરવો પડશે. ચીની માલ વધુ મોંઘો થશે અને ઘણી રોજિંદા વસ્તુઓ (ઇલેક્ટ્રોનિક્સ, રમકડાં, ઉપકરણો) વધુ ખર્ચાળ થઈ શકે છે.

*ચીની ઘટકો (ઇલેક્ટ્રોનિક પાર્ટસ, કાચો માલ, વગેરે) ધરાવતી સપ્લાય ચેઇનને પુનર્ગઠન અથવા અવેજીની જરૂર પડશે, જે મોંઘા સરવાળે મોંઘા અથવા ઓછા કાર્યક્ષમ હોય એવું બની શકે છે!

* ફુગાવાના દબાણમાં વધારો થઈ શકે છે, ખાસ કરીને ગ્રાહક માલ પર વધુ અસર વર્તાશે.

* કેટલીક યુએસ કંપનીઓ અન્ય દેશોમાં સોર્સિંગ શિફ્ટ કરવાનો પ્રયાસ કરી શકે છે, જે ચીન સિવાયના દેશોના નિકાસકારો માટે નવી તકો ખોલશે.

**આંતરરાષ્ટ્રીય સ્તરે કેવી અસર થશે?**

*વેપાર પ્રવાહ ફરીથી ગોઠવાશેઃ ખરીદદારો એવા દેશોમાં વૈકલ્પિક સપ્લાયર્સ શોધશે જ્યાં આટલી ઊંચી ટેરિફ નથી.

*વૈશ્વિક પુરવઠા શૃંખલાઓ વિભાજિત થઈ શકે છે અથવા વધુ પ્રાદેશિક બની શકે છે.

*મુક્ત વેપારને નિરુત્સાહિત કરનારી બદલાની ભાવના ધરાવતી નીતિઓ, વેપાર યુદ્ધ જેવી પરિસ્થિતિઓ સર્જાઇ શકે છે.

* જે દેશો ચીન સાથે ઉત્પાદનમાં સ્પર્ધા કરે છે તેમના બજારહિસ્સામાં વધારો થઇ શકે છે. ખાસ કરીને કાપડ, ઇલેક્ટ્રોનિક્સ, મશીનરી જેવા ક્ષેત્રોમાં આ બાબત સ્પષ્ટ છે.

આમ, જ્યારે સીધો લક્ષ્ય ચીન છે, ત્યારે ઘણી અન્ય અર્થવ્યવસ્થાઓ એકંદરે સકારાત્મક અસરો અનુભવી શકે છે. જોકે ચીનના પ્રત્યાઘાતને કારણે કેટલાક સ્થાને નકારાત્મક અસરો પણ જોવાશે!

**ભારતને કેવી રીતે ફાયદો થઈ શકે છે?**

ચાલો હવે આ પરિસ્થિતિમાં ભારત માટે સંભવિત ફાયદાઓનું વિશ્લેષણ કરીએ. એક વાત નોંધવી રહી કે આવું જ થશે એ ચોક્કસપણે કહી ના શકાય. અંતે શું થશે તે ભારત અને તેના ઉદ્યોગો કેવી પ્રતિક્રિયા આપે છે તેના પર આધાર રાખે છે.

૧. નિકાસની તકો વધશે

ચીની માલ યુએસમાં ઘણો મોંઘો થઈ જશે, પરિણામે યુએસ આયાતકારો વૈકલ્પિક સપ્લાયર્સ શોધી શકે છે. ભારત પસંદગીના વિકલ્પોમાંથી એક બની શકે છે, ખાસ કરીને એવા ક્ષેત્રોમાં જ્યાં ભારત પહેલાથી જ સમાન માલનું ઉત્પાદન કરે છે.

કાપડ અને તૈયાર વસ્ત્રો પરંપરાગત રીતે ભારત માટે એક મજબૂત ક્ષેત્ર છે. આ ઉપરાંત રમકડાં, ફર્નિચર, ગૃહનિર્માણ, ગ્રાહક ઉત્પાદનો, ઇલેક્ટ્રોનિક ઘટકો, ચોક્કસ મશીનરી પાર્ટસ, ચામડાની ચીજવસ્તુઓ, ફૂટવેર જેવા ક્ષેત્રોને સારો લાભ થઇ શકે છે.

જો ભારત સ્પર્ધાત્મક લાભ લેવા માટે સ્કેલ અને ક્વોલિટી પર ફોકસ કરે તો સોલર પેનલ્સ અને રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં પણ સારો પગપેસારો કરી શકે છે. ભારતીય નિકાસકારો પહેલેથી જ આ પરિવર્તનની અપેક્ષા રાખે છે.

એક નિકાસકારે આ વિષયમાં વાત કરતા કહ્યું હતું કે, ચીની માલ પર ઊંચી જકાત ભારતને સારી સ્પર્ધાત્મકતા અપાવશે અને અમેરિકન બજારોમાં ઊંડે સુધી પહોંચવાના માર્ગો ખોલી આપશે. એકંદરે નિકાસમાં વધારો થઇ શકે છે.

**૨.વધુ સારા માર્જિન અને કિંમત નિર્ધારણની તાકાત**

ઊંચી જકાતને કારણે જ્યારે ચીની માલ મોંઘો બનશે અને તેની ભારત સામેની સ્પર્ધા નબળી પડશે ત્યારે ભારતીય નિકાસકારો વધુ સારા ભાવ મેળવી શકે છે અથવા મજબૂત સ્થિતિમાં રહીને વાટાઘાટો કરી શકે છે. બદલાયેલા સંજોગોમાં તેમને ફક્ત ખર્ચના આધારે સ્પર્ધા કરવાની જરૂર નહીં રહેશે અને તેઓ ગુણવત્તા, બ્રાન્ડ, વિશ્વસનિયતા અથવા સર્વિસની ગુણવત્તાને આધારે વેચાણ કરી શકે છે.

**૩. વિદેશી રોકાણ અને સ્થાનાંતરણ**

હાલમાં ચીનમાં ઉત્પાદન કરતી કંપનીઓ યુએસ ટેરિફ ટાળવા માટે તેમના ઉત્પાદનનો એક ભાગ ભારતમાં સ્થાનાંતરિત કરવાનું વિચારી શકે છે. આ વ્યાપક ચાઇના પ્લસ વન અથવા પુરવઠા શૃંખલાઓનું વૈવિધ્યકરણ, વ્યૂહરચનાનો એક ભાગ છે જે ઘણી વૈશ્વિક કંપનીઓ પહેલાથી જ વિચારી રહી હતી.

આ બધી ચર્ચા છતાં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે, અમેરિકા અને ટ્રમ્પ પર બિલકુલ વિશ્વાસ રાખી શકાય એમ નથી. ભારત પર જ્યારે રશિયન ક્રૂડ ઓઇલની આયાત પરની પેનલ્ટી માટે ૫૦ ટકાની ટેરિફ લાદવામાં આવી હતી ત્યારે બાંગલાદેશ અને પાકિસ્તાન જેવા શત્રુ દેશોને પણ આવો જ ફાયદો દેખાયો હતો. ચીન વિશે પણ કશું ખાતરીપૂર્વક કહી શકાય એમ નથી અને ટ્રમ્પ ક્યારે ડ્રેગનથી ડરીને છાનોમાનો બેસી જાય એ પણ કહી શકાય એમ નથી. અગાઉ જણાવ્યા પ્રમાણે ભારતની કૂટનીતિ, દૂરંદેશી કેવી છે અને વ્યક્તિગત રીતે કંપનીઓ કેવી વ્યૂહરચના બનાવે છે તેના પર પણ ઘણો આધાર છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# અફઘાનિસ્તાન સાથે યુદ્ધ છેડીને પાકિસ્તાને પાયમાલી વહોરી છે



કવિ કલાપીની પંક્તિ છે કે 'જે પોષતં તે મારતું, એવો દિસે ક્રમ કુદરતી....'. પાકિસ્તાન તાલિબાનની જનેતા છે, પરંતુ હવે એ તાલિબાન તેની જોડે શીંગડા ભેરવે છે. પાકિસ્તાને ' તેહરિક-એ-તાલિબાન'ને લક્ષ્ય બનાવીને કાબુલમાં હવાઈહુમલા કર્યા. તાલિબાને તરતજ બદલો લીધો. સરહદ પરની પાકિસ્તાનની ચોકી પર હુમલો કરીને ૫૮ સૈનિકનો ખાતમો બોલાવી દીધો. હવે કતાર,સઉદી અરેબિયા અને ઈરાન- ચીન તથા અમેરિકાની મધ્યસ્થીથી બન્ને દેશ કૂણા પડ્યા છે. સાત યુદ્ધ અટકાવવાની શેખી મારનાર ટ્રમ્પે કહ્યું છે કે હું મિડલ ઈસ્ટથી પાછા આવ્યા બાદ કામે લાગીશ.

પાકિસ્તાન અને સાઉદી અરેબિયાએ તો 'નાટો' જેવી ડિફેન્સ ડીલ કરી છે, જેમાં એક પરના હુમલાને બીજા પર હુમલો ગણવાની વાત છે, પરંતુ સાઉદી અરેબિયાએ તો બન્ને દેશને સંયમ રાખવાની સુફિયાણી સલાહ આપી. આથી ડિફેન્સ ડીલની પોલ ખુલી ગઈ છે. આ ડીલ એક પક્ષી છે. સઉદીને મદદ કરવા પાકિસ્તાન બંધાયેલું છે. સાઉદી પર કોઈ આવું બંધન નથી. આનો અર્થ એ થયો કે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થાય તો સાઉદી અરેબિયા ભારત સાથે યુદ્ધમાં નહીં ઊતરે .આનાથી પાકિસ્તાનના સઢમાંથી હવા નીકળી ગઈ છે.

પહલગામના આતકવાદી હુમલાને પગલે ભારતે કરેલા 'ઓપરેશન સિંદૂર' દ્વારા પાકિસ્તાનના દાંત ખાટી કરી નાખ્યા હતા. આમ છતાં પાકિસ્તાનની શાન ઠેકાણે આવી નહીં. તાલિબાનના વિદેશપ્રધાન ભારતની મુલાકાતે આવ્યા તેથી પાકિસ્તાને ગુસ્સે ભરાઈને અફઘાનિસ્તાન પર હવાઈ હુમલો કર્યો. પાકિસ્તાન આમ કરીને અમેરિકા અને ચીન ને ખુશ કરવા માગતું હતું. તાલિબાને અમેરિકાને પોતાનું બાંધેલું હવઈ મથક ન આપવાની તાલિબાને ના પાડતાં અમેરિકા તેના પર ખફા છે. બીજી બાજુ, ચીનના વન રોડ વન બેલ્ટમાં બલૂચિસ્તાનના બળવાખોરો મોટી અડચણ નાખી રહ્યા છે. આને તાલિબાનોની મદદ છે. તેહરક-એ-લબ્બૈકના નેતા સાદ હુસૈન રિઝવીનું પોલીસ ગોળીબારમાં મરણ થયા હોવના બીન સમર્થિત અહેવાલને લીધે કરાચી લાહોર અને મુરિદકમાં હિંસક દેખાવો થયા છે.

તાલિબાન સરકારે પણ પાકિસ્તાનને ખુલ્લી ચેતવણી આપતા કહ્યું કે જો કોઈ પણ અફઘાનિસ્તાનની સંપ્રભુતાનું ઉલ્લંઘન કરવાનો પ્રયાસ કરશે તો અફઘાનિસ્તાનની સેના તેનો જડબાતોડ જવાબ આપશે એની સામે પાકિસ્તાને પણ અફઘાનિસ્તાનને જડબાતોડ જવાબની ચીમકી આપી.પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવને લઈને કતારે ચિંતા વ્યક્ત કરી અને આ સંઘર્ષથી બંને દેશની સ્થિરતા અને સુરક્ષા પર ગંભીર અસર થવાની ચિંતા વ્યક્ત કરી તથા બંને દેશોને સંવાદ કરવા તથા સંયમ રાખવા અપીલ કરી છે.

પાકિસ્તાન - અફઘાનિસ્તાન વચ્ચે લાંબા સમયથી તણાવ ચાલી રહ્યો છે. અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયનું કહેવું છે કે સરહદ પર ઝડપથી વધતા તણાવ વચ્ચે શનિવાર, ૧૧ ઓક્ટોબરની મોડી રાત્રે પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર ગોળીબાર શરૂ થયો. આ દરમિયાન તાલિબાનના નેતૃત્વ હેઠળની અફઘાન સેનાએ ડ્યુરન્ડ લાઇન પર પાકિસ્તાની સેનાની અનેક ચોકીઓ પર કબ્જો કરી લીધો.

અફઘાન સંરક્ષણ મંત્રાલયે કહ્યું, 'અમારા હુમલાઓમાં પાકિસ્તાની પક્ષની સુવિધાઓ અને ઉપકરણો નષ્ટ થઈ ગયાં છે.'

અફઘાનિસ્તાને પાકિસ્તાન પર આરોપ લગાવ્યો છે કે તેણે અફઘાન હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કર્યું છે, જેના જવાબમાં અફઘાન સેનાએ કાર્યવાહી ડ્યુરન્ડ લાઇન પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેની એક સરહદ રેખા છે, જે બંને દેશો વચ્ચે એક વિવાદિત ક્ષેત્ર છે.

આ અગાઉ, ભૂતપૂર્વ યુએસ રાજદૂત ઝલ્માય ખલીલઝાદે કાબુલમાં કથિત પાકિસ્તાની હુમલાઓ પર ચિંતા વ્યક્ત કરી હતી કે તેનાથી ખતરનાક ખતરો ઊભો થઈ શકે છે. એકસ પર એક પોસ્ટમાં ખલીલઝાદે ઇસ્લામાબાદ અને કાબુલ વચ્ચે વાતચીત કરવાની હાકલ કરી હતી, અને કહ્યું હતું કે લશ્કરી વિસ્તરણ એ ઉકેલ નથી. ...કાબુલ અને ઇસ્લામાબાદ વચ્ચે વાતચીત થવી જોઈએ.

અફઘાન -પાકિસ્તાની સૈનિકો વચ્ચે અથડામણ એવા સમયે થઈ છે જ્યારે વિદેશ પ્રધાન અમીર ખાન મુત્તાકી એક અઠવાડિયાની ભારતની મુલાકાતે છે. ઓગસ્ટ ૨૦૨૧ માં તાલિબાને સત્તા કબજે કર્યા પછી કાબુલથી આ પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાત છે. અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકીની મુલાકાત દરમિયાન જારી કરાયેલા નિવેદનમાં જમ્મુ અને કાશ્મીરનો ઉલ્લેખ કરવા સામે પાકિસ્તાને વાંધો ઉઠાવ્યો હતો. પાકિસ્તાનના વિદેશ મંત્રાલય (MOFA) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરને ભારતનો ભાગ ગણાવવું એ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સંબંધિત ઠરાવો અને જમ્મુ અને કાશ્મીરની કાનૂની સ્થિતિનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. આ સંયુક્ત નિવેદન ભારત દ્વારા ગેરકાયદેસર રીતે કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરના લોકોના સ્વ-નિર્ણયના અધિકાર માટે સંઘર્ષ અને બલિદાન પ્રત્યે અત્યંત અસંવેદનશીલ છે. પાકિસ્તાને મુત્તાકીની ટિપ્પણીને પણ ફગાવી દીધી હતી કે આતંકવાદ પાકિસ્તાનની આંતરિક સમસ્યા છે.

પાકિસ્તાનનો આરોપ છે કે અફઘાનિસ્તાન તહેરિક-એ-તાલિબાન નામના સંગઠનના બળવાખોરોને શરણ આપે છે. જેને લઇને બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે. બીજી તરફ,

બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનવાલામાં બંડખોરે પાકિસ્તાનના નાકે દમ લાવી દીધો છે. વારંવાર આતંકવાદી હુમલા થાય છે. બલૂચિસ્તાન લિબરેશન આર્મી બલૂચીસ્તાનને આઝાદ કરવા માગે છે. આમ આંતરિક આંતરકલહને લીધે પાકિસ્તાનનું ફરી વિભાજન થાય એવાં એંધાણ દેખાઈ રહ્યા છે. આગળ શું થશે એ તો અલ્લાતાલા. જાણે ! ■

## આ તો સ્કેમ છે...

# મારુતિ કૌભાંડ એટલે દેશી-સસ્તી જનતાકારને નામે ગોટાળા

સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુની દીકરી ઇંદિરા ગાંધીજી અને પછી ઇંદિરાજીના દીકરા રાજીવ ગાંધીએ વડા પ્રધાનપદ મેળવ્યું કહેવાની જરૂર નથી. ઇંદિરા ગાંધીના શાસનકાળમાં મોટા દીકરા રાજીવને રાજકારણમાં રસ નહોતો પણ નાના સંજય ગાંધી (૧૪ ડિસેમ્બર, ૧૯૪૬-૨૩ જૂન, ૧૯૮૦) કોંગ્રેસના રાજકારણમાં ખૂબ સક્રિય હતા. એટલું જ નહીં, તેમના પર બંધારણ વાહ્ય સત્તાના ભોગવટના આરોપ પણ મુકાયા હતા.

ઇંદિરા સરકારમાં સંજય ગાંધીની વગ અને વર્ચસ્વના અનેક કિસ્સા અખબારોના પાને ચડેલા છે. સંજયને ત્રણ કારણોસર યાદ કરાય છે. અકાળ મૃત્યુ, કટોકટીમાં સત્તાના બેફામ ઉપયોગ અને મારુતિ કૌભાંડ બદલ. માતા અને મોટાભાઈની જેમ સંજય ગાંધીને સ્નાતકની પદવી મેળવવા સુધી પહોંચી શક્યા નહોતા. કદાચ આ નિષ્ફળતામાં જ પહેલી ભારતીય, સંપૂર્ણ સ્વદેશી, સસ્તી અને ભારતીય રસ્તાઓને લાયક ગાડી બનાવવાના સપનાનાં બીજ રોપાયા હોય તો નવાઈ નહીં.

જગવિખ્યાત કાર રોલ્સ રોયસમાં ત્રણ વર્ષની સ્ટુન્ડ એપ્રેન્ટીસશિપ તરીકે સંજય ગાંધી ગયા. અહીં વોકેશનલ મિકેનિકલ એન્જિનિયરિંગનો કોર્સ કરવાનો હતો. પણ ન એપ્રેન્ટીસશિપ પૂરી કે ન વોકેશનલ કોર્સ.

આ છોડીને આવ્યા બાદ સંજય ગાંધી કોંગ્રેસમાં અને ખાસ તો મમ્મીની સરકારમાં સક્રિય થઈ ગયા. સંજય સસ્તી, સ્વદેશી કારનું સપનું સાકાર કરવા પાછળ મચી પડ્યા. અલબત્ત તેમને કાર ઉત્પાદનનો લેશમાત્ર અનુભવ નહોતો.

આ સપનું સાકાર કરવા માટે સંજયને બધી સગવડ-સુવિધા-સહાય તાસક પર મળ્યા. પછી એ પ્લાન્ટ માટે જમીન હોય, ભંડોળ હોય કે મંજૂરી હોય.



અન્ય કાર ઉત્પાદક સ્પર્ધકની જેમ સંજય ગાંધીએ કોઈ લાઇસન્સ કે પરમિટ માટે લાંબી તો ઠીક થોડી-ઘણી રાહ જોવી પડી નહોતી. હા, રોલ્સ રોયસ કંપનીમાં ગયેલા દિવસો દરમિયાન કાર ઉત્પાદન માટેની અમુક બાબતો જોઈ, જાણીને શીખી. એમાંય મહત્ત્વાકાંક્ષાની જમીન પર ઉગેલા સપનાને બહુ ઝડપભેર સત્તાવાર પ્લેટફોર્મ મળી ગયું.

૧૯૭૧માં વડાં પ્રધાન ઇંદિરા ગાંધીના પ્રધાનમંડળે જનતા કારનું ઉત્પાદન શરૂ કરવાનો પ્રસ્તાવ પાસ કર્યો. આની વ્યાખ્યા કે શર્તમાં અમુક બાબતો ખાસ હતી, જેમ કે સસ્તી, પરવડે એવી, કાર્યક્ષમ અને સ્વદેશી. અને લો ભાઈ, ૧૯૭૧ની ચોથી જૂને મારુતિ મોટર્સ લિમિટેડ નામની કંપનીની સ્થાપના થઈ. કહેવાની જરૂર નથી કે એના પહેલા મેનેજિંગ ડિરેક્ટર હતા સંજય ગાંધી. રસપ્રદ બાબત એ છે કે આ કંપની કે એના એમ.ડી. પાસે કાર ઉત્પાદનનો અનુભવ, કામચલાઉ મોડેલ કે કોઈ કાર-ઉત્પાદક સાથે સહયોગ-કરાર સુધ્ધાં નહોતો.

કોંગ્રેસ સરકાર કટોકટી અને સંજય ગાંધીને લીધે ખૂબ બદનામ થઈ હતી. દિલ્હીમાં જુગ્ગી ઝૂંપડીપટ્ટી પર બુલડોઝર ફેરવવાનો મામલો હોય, પરાણે નસબંદી હોય કે અખબાર સહિતના પ્રસાર માધ્યમો પર સેન્સરશિપ હોય બધામાં સંજય ગાંધીનું નામ ઉછળ્યું હતું.

મારુતિ મોટર્સ લિમિટેડના મામલામાં કહી શકાય કે ગુડગાંવમાં વિશાળ સંકુલમાં એક પ્રોટો-ટાઈપ બની ગયું. શ્રીમતી ગાંધીએ જાહેરમાં પુત્ર સંજય ગાંધીની પ્રશંસા કરતા દીકરાની સાહસવૃત્તિને બિરદાવતા સંપૂર્ણપણે ભારતીય મોટરનું પ્રસ્તાવ મૂકવાને આવકાર આપ્યો હતો. એમાંય પોતાની બધી શક્તિ-પૈસા કોઈ લક્ઝુરિયસ કારમાં લગાડવાને બદલે સામાન્યજનો માટેના વાહનમાં લગાડવા બદલ દીકરા પર આવોરી ગયાં હતાં.

જો કે મારુતિ પ્રકરણમાં કાનાફુસી શરૂ થઈ ગઈ હતી કે કેવી રીતે અમલદારો આળોટતા હતા અને ન માને એને કેવી રીતે સી.બી.આઈ. અને 'મિસા' સહિતની ધાકધમકી અપાતી હતી.

કટોકટીના પાપે ૧૯૭૭ની લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને ઇંદિરા ગાંધીના બારેય વહાણ ડૂબી ગયા. એક તો સરકાર ગઈ અને પછી એક અનુચિત બાબતો ગાજવાજ સાથે બહાર આવવા માંડી. આમાં એક મહત્ત્વની બાબત હતી મારુતિ પ્રકરણ. આ કૌભાંડને લીધે દેશની સલામતી સાથે સમાધાન થયાનો મુદ્દો ખૂબ ગાજ્યો હતો. કટોકટી સમયના મામલાની તપાસ જનતા પક્ષની મોરારજીભાઈ દેસાઈ સરકારે શરૂ કરાવી. આમાં મારુતિ કૌભાંડની તપાસ માટે જસ્ટિસ એ. સી. ગુપ્તા પંચની સ્થાપના થઈ હતી.

આ પંચની તપાસના અહેવાલમાં સનસનીખેજ ગોટાળા પર્દાફાશ થયા હતા. દીકરાના સપનાને પૂરું કરવા માટે માતાએ અનુચિત તરફેણ કરી હોવાની વાત નીચે પંચના અહેવાલમાં લાલ લીટી દોરાઈ હતી. એટલું જ નહીં, સંજયબાબા માટે કોંગ્રેસી મુખ્ય પ્રધાન અને અન્ય નેતાઓએ કેવી વાંધાજનક કામગીરી બજાવી હતી એ પણ બહાર આવ્યું હતું.

અધધ અનૈતિક સરકારી મદદ અને બદનામી છતાં સંજય ગાંધીના નસીબમાં પોતાના સપનાની પહેલી કારનું ઉત્પાદન જોવાનું લખાયું નહોતું એ સમયની કેવી બલિહારી કહેવાય? કે પછી એ કવિ-ન્યાય ગણાય? (ક્રમશઃ) ■

સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# ૧૯૭૦ની પેઢી ને આજના યુવાનોની તાસીર... આ તે કેવો વિરોધાભાસ ?

## પહેલાં યુવાનો કહેતા કે 'તેરી યાદ દિલ સે મિટાને ચલા હૂં'. આજે હવે પાર્ટી થ્રો કરીને મજેથી લલકારે છે : 'મેરે સૈંયાજી સે આજ મૈંને બ્રેક અપ કર લિયા'!

'હમ તુમ સે મિલે ફિર જુદા હો ગયે, દેખો ફિર મિલ ગયે, અબ હોંગે જુદા' તરુણો - યુવાનો તો ઠીક, હવે તો ૭૦ વર્ષનાં ડોસા-ડોસી પણ 'રમી રમીને છુટાં' થવાં લાગ્યાં છે. પહેલાં કહેવાતું કે ' લગ્ન એ કંઈ ઢીંગલા-ઢીંગલીના ખેલ નથી , પરંતુ હવે એવું લાગે છે કે મેરેજ ઢીંગલા-ઢીંગલીના ખેલ જ છે. ન્યાયાલય-ફેમિલી કોર્ટસમાં છૂટાછેડાની યાચિકાઓનો ઢગલો થાય છે. પતિ-પત્ની વચ્ચે અનુકૂલનની સમસ્યા વધી

ગઈ છે. આની પાછળ કારણ આજની સામાજિક અને પારિવારિક વ્યવસ્થા

છે , જેનું ઉદાહરણ તાજેતરમાં 'કૌન બનેગા કરોડપતિ'માં જોવા મળ્યું

'કૌન બનેગા કરોડપતિ' ના શોમાં ગુજરાતના ઈશિત ભટ્ટે, પહેલાંની ભાષામાં એમ કહી શકાય કે

માતા- પિતાનું નાક બોળ્યું. ઈશિતને શરૂઆતમાં સહેલા પ્રશ્નો પુછાતા હતા ત્યારે મજા પડી ગઈ પરંતુ તેનામાં વિકલ્પો સાંભળવાની પણ ધીરજ નહોતી. એટલું જ નહીં, જે ઉદ્ધતાઈથી તે અમિતાભ બચ્ચન જેવી હસ્તી સાથે વાત કરતો હતો તે સોશ્યલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. ઈશિતની વર્તણૂંકથી તેના પિતા પણ પ્રસન્ન નહોતા દેખાતા. ઈશિત તેનાં માતાપિતાનું એકલ સંતાન છે કે નહીં, તે તો જાણ નથી, પરંતુ ફિલ્મો અને ધારાવાહિકોમાં

આવાં બાળકોને દેખાડાય છે, તેનાથી માતા-







પિતા પણ પ્રસન્ન થાય છે : 'અમારો છોકરો કે છોકરી કોઈનું સાંભળી લેતો નથી, કારણકે પોતે બહુ સાંભળી લીધું છે તેવી તેમને લાગણી હોય છે. આવી જ લાગણી ચીજવસ્તુ સાથે મળીને વાપરવામાં પણ હોય છે જેને આજકાલની ભાષામાં 'શેરિંગ' કહે છે. ઘરે કોઈ મહેમાનનાં છોકરાં આવ્યાં હોય ત્યારે થોડો સમય પૂરતું જ ચીજો વહેંચવાની આવી હોય અને તેમાંય બાળક જિદ્દી હોય તો માતા-પિતા મહેમાનના બાળકને સમજાવી દે કે નથી માનતું, શું કરીએ ! હોસ્ટેલ કે પી. જી.માં રહેવાનું બન્યું હોય તો ઠીક છે, પણ ન રહેવાનું થયું હોય તો વધુ સમસ્યા !

હવે તો છોકરીને પણ મમ્મી નાનપણથી સમજાવે કે તારે અન્યાય સહન નહીં કરવાનો. છોકરી પણ મમ્મીને જોતી હોય કે તે ઍડજસ્ટ નથી કરતી. પછી તે પણ કેમ કરી ?અન્યાય જુદી વાત છે, ઍડજસ્ટમેન્ટ જુદી વાત છે. ઍડજસ્ટ કરવું એ દરેક સમયે અન્યાય સહન કરવાનો નથી હોતો...એ વાત ઊગતી ઉંમરે સંતાનોને સમજાવવામાં આવતી નથી...

પહેલાં પ્રેમમાં હૃદય ભગ્ન થાય કે લગ્ન તૂટે તો યુવાનો ગીત ગાતાં કે , 'મૈં ઝિંદગી મેં હરદમ રોતા હી રહા હૂં', 'દિલ કા ખિલૌના હાય ટૂટ ગયા', કે પછી 'તેરી યાદ દિલ સે મિટાને ચલા હૂં' એવું હવે થતું નથી. યુવાન દાઢી વધારી દે, મેલાઘેલા કપડાં પહેરે, દારૂ પીધા રાખે, વાળ વધી ગયા હોય, સિગરેટ ફૂંક્યા રાખે,

એક ઘરમાં બેસી રહે કે પછી કોઠા પર જતો થઈ જાય, આવું ફિલ્મોમાં બતાવાતું. ( 'દેવદાસ' સિન્ડ્રોમ ! )

યુવતી હોય તે કાં સાધ્વી થઈ જાય, કાં મૂંગા મોઢે માતા-પિતા કહે ત્યાં પરણી જાય, અને આંસુ સારતી પછી

જીવનમાં ઍડજસ્ટ થઈ જાય. જોકે , હવેની છોકરી તો કહે છે : 'સૈંયાજી સે આજ મૈંને બ્રેક અપ કર લિયા' ( ફિલ્મઃ ઐ દિલ હૈ મુશ્કિલ).

આ બધાની વચ્ચે ૧૯૭૨માં આવેલી પણ ઓછી ધ્યાને પડેલી 'માન જાઈયે ' ફિલ્મ પણ જોવા જેવી છે. પરવીન બાબી અને રીના રોયને પદાર્પણ કરાવનાર નિર્દેશક બી. આર. ઈશારા ની આ ફિલ્મમાં નાયક રાકેશ પાંડે હતા ( જે ગઈ ૨૧ માર્ચે ગુજરી ગયા.) હીરોઇન રેહાના સુલતાન છે. નાયકના મિત્ર જલાલ આગા છે. અને આસીત સેન-લીના મિશ્રા રેહાનાનાં મામા-મામી છે. ફિલ્મની નાયિકા સુમન આચાર્ય ફેમિનિસ્ટ છે. જ્યારે અજય શર્મા રૂઢિવાદી છે, પરંતુ વિરોધી વિચારવાળા આકર્ષાય તે રીતે, અજય અને સુમન પ્રેમમાં પડે છે. સુમન પિતાની ઇચ્છા વિરુદ્ધ લગ્ન કરે છે. પછી અનુકૂલનના પ્રશ્નો થાય છે. બંને છૂટાછેડા લેવાનું નક્કી કરે છે.

છૂટાછેડા પછી બંને યોગાનુયોગ એક જ ટ્રેનમાં ભેગાં થાય છે. બંને એક જ ગંતવ્ય સ્થાને જતા હોય છે- સુમનની જન્મભૂમિ. અજયનો એક મિત્ર અશોક પણ તે જ ટ્રેનમાં તેમની સાથે છે. તેની ઉપસ્થિતિમાં બંને જણા હજુ પરિણીત હોવાનું નાટક કરે છે. ત્રણેય નાના શહેરમાં પહોંચે છે. આ નાટક ચાલુ રહે છે. અંતે બંને જણા સ્વીકારે છે કે લગ્નમાં એકમેકને અનુકુળ થવું પડે તો જ સંબંધ ટકે.. ફિલ્મમાં એક દૃશ્ય છે તેની વાત કરવી છે. સુમન જે હોટલમાં રોકાઈ હોય છે ત્યાં કામ કરતી એક છોકરી જે પરંપરાગત વસ્ત્રો પહેરતી હોય છે, તેને તેનો પતિ રાત્રે દારૂ પીને મારતો હોય છે. સુમન આ જુએ છે અને તેના મનમાં પુરુષ પ્રત્યે વધુ એક કટુ લાગણી ઉમેરાય છે , પરંતુ બીજા દિવસે પેલી છોકરી કંઈ બન્યું જ નથી તેમ વર્તે છે અને તેમાં કોઈ આડંબર કે દંભ નથી. તે ખરેખર પ્રસન્નતાથી કામ કરે છે. સુમન તેને પૂછે છે ત્યારે તે છોકરી તેને કહે છે કે મારો પતિ મને સારી રીતે જ રાખે છે , પરંતુ દારૂ પીવે છે પછી ભાન ભૂલી જાય છે અને મને મારવા લાગે છે. હવે પતિ દારૂ પીને થોડું મારી લે તો શું થઈ ગયું? '

અહીં કોઈ તરફેણ નથી કે પતિ દારૂ પીને પત્નીને મારી શકે , પરંતુ આ એ સમયની

સમાજની માનસિકતા હતી, નિર્દેશક અને લેખકની માનસિકતા હતી અને '૭૦ના દશકના યુવાન

પતિ-પત્ની પણ આજે કહી શકશે કે હા, એ સમયે પતિનું મારવું સામાન્ય હતું અને પત્નીઓ

ચલાવી લેતી. ઘણી તો બચાવમાં એમ કહેતી કે પુરુષ તો હોય ગરમ મગજના, તેથી શું ? .

જોકે, આજે આજે આ ન ચાલે. આજે યુગ-સમાજ બદલાઈ ગયો છે અને ફિલ્મો પણ , પરંતુ જે હજુ પણ નથી બદલાઈ તે છે લગ્ન વ્યવસ્થા. કેટલાક યુવાનો હવે માનતા થયા છે કે જો પી. જી. કે હોસ્ટેલમાં આપણે જો એકબીજાને અનુકુળ રહી શકીએ તો પછી લગ્નમાં કેરિંગ અને શેરિંગ કેમ ન અપનાવી શકીએ ? ! ■

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# અદાલત હાજિર હો!



મહાભારતમાં જો કૌરવો અને પાંડવો એમની જમીનનો મામલો પતાવવા માટે કુરુક્ષેત્રમાં લડવાને બદલે વકીલોની મદદથી મામલાને કોર્ટમાં પતાવવાનો પ્રયાસ કર્યો હોત તો આજે આટલાં વર્ષો પછી પણ એમના કેસનો ઉકેલ આવ્યો ન હોત અને આજે પણ એમના વંશજો કોઈક જિલ્લા અદાલતની બહાર બાંકડા પર બેઠેલા જોવા મળતે.

આ તો ભારતીય અદાલતોનું સૌભાગ્ય છે કે મોટાભાગના ભારતીયો એવું દ્રઢતાથી માને છે કે પોલીસમાં ફરિયાદ લખાવવી એટલે હાથે કરીને પોતાની દુર્દશા નોતરી લેવી અને અદાલતમાં જવું એટલે પોતાનું રહ્યું સહ્યું આખું જીવન બરબાદ કરવા જેવું છે. જો એમને ન્યાયતંત્ર અને પોલીસવાળા પર વિશ્વાસ હોત તો વિચાર કરો કે આજે દેશની અદાલતોમાં કેસની સંખ્યા કેટલી હોત? આવું નથી થતું તો યે પરિસ્થિતિ એવી છે કે અદાલતમાં ચાલતા કેસનો નિર્ણય આવે ત્યાં સુધીમાં તો વકીલો અને અસીલોની પેઢીઓ બદલાય જાય છે છતાં ય મામલો પૂરો જ નથી થતો. હકીકતમાં મોટાભાગના ભારતીયો અદાલતમાં પોતાનો મામલો એવી જ આશાથી લઈને જાય છે કે એ ત્યાં એનો નિર્ણય કદીયે આવશે જ નહીં. તારીખો પર તારીખ પડતી રહેશે. એક અદાલતમાં ચુકાદો આવી પણ ગયો તો આપણે એને બીજી અદાલતમાં લઈ જઈશું. જો સમસ્યાનો ઉકેલ તરત જ આવી જાય તો એમના માટે બહુ નવાઈની અને દુઃખની વાત હશે. એ લોકો મોડેથી જ ન્યાય મળશે એવી આશા લઈને અદાલતમાં આવે છે. હંમેશા ન્યાય મળવામાં મોડું થાય છે અને એ જ તો લોકો ઇચ્છે છે.

ભારતમાં ન્યાય મેળવવાનો પ્રયાસ કરવાનો અર્થ એટલે ગુનાના લાભ મેળવવાના સમયને વધારવાનો! સામાન્ય ભારતીય માણસ અદાલતના દર્શન, હિન્દી ફિલ્મોમાં જ કરે છે , જેમાં હીરો ગુનેગાર હોય છે, વકીલ અમુક ધારદાર શબ્દો કે સંવાદોમાં દલીલબાજી કરે છે અને જજ ખૂબ જ અઘરી ઉર્દૂ ભાષામાં ચુકાદો આપે છે. કોર્ટમાં બધું જ એકદમ મનોરંજક અને રંગીન રસપ્રદ હોય છે , પણ ખરેખર જો તમે કોઈ જિલ્લા અદાલતમાં જશો ને તો રોમાન્સમાંથી વાસ્તવિકતાની ધરતી પર પટકાતાં વાર નહીં લાગે! ચારેય બાજુ સામાજિક દુર્ગુણોના કીચડ વચ્ચે ભારતીય ન્યાયતંત્ર, વર્ષોથી કમળનાં ફૂલની જેમ એકલવાયું જીવન જીવી રહ્યું છે. આપણાં જજ લોકોનો બૂઢાપો ગુનેગારોના બૂઢાપા જેવો સુખી નથી જ હોતો, પણ સફળ અને વ્યસ્ત વકીલ જેટલો સલામત પણ નથી હોતો.

ઘણા રિટાયર્ડ જજો એવી આશા સાથે સરકારની વાહવાહી કરતાં રહે કે જેથી બૂઢાપામાં એમને કોઈ તપાસ પંચનું કામ મળી જાય. જજોની રિટાયર્ડ થયા પછી સ્થિતિ દયનીય બની થઈ જાય છે, કારણ કે બૂઢાપામાં જજોને જોઇને કોઇ એમને દાળ, ચોખા, મીઠું, હળદર સસ્તામાં વેંચતું નથી. આપણો દેશ દરેક બાબતમાં આત્મનિર્ભર યોજનાઓની વાત વિચારે છે, પણ ન્યાયનું સમગ્ર માળખું પોતાનામાં સક્ષમ અને પોતાની વ્યવસ્થા પોતે સંભાળે, પોતાની સમસ્યાઓનો ઉકેલ પોતે લાવે, આવું આપણે ક્યારેય નહીં વિચારીએ. નગ્ન હકીકત તો એ છે કે ગુનેગાર હોય, પોલીસ હોય, નિર્દોષ હોય, સરકાર હોય, બધાં એ જ આશામાં જીવે છે કે ગમે તેમ તોયે ન્યાયનું પલડું એમની તરફ જ નમે. ન્યાય મેળવવા માટે સૌની ખેંચતાણ ચાલતી રહે છે. સદીઓથી એમ ને એમ થીજી ગયેલ ન્યાયતંત્ર, આંખે પટ્ટી બાંધીને ઊભું રહે છે, બીજી બાજુ ભારતની નાની મોટી અદાલતોમાં નિવેદનો-દલીલો ચાલતા રહે છે અને વર્ષોનાં વર્ષો સુધી કેસનો નિકાલ આવતો જ નથી!

(આજકાલ દેશની ઘણી કોર્ટ બહુ ચર્ચામાં છે.) ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# મનમાં રમતી અપરાધ ભાવના ભોજનનું સુખ ભોગવવા દેતી નથી

આજકાલમાં દિવાળીના શુભ દિવસોનો પ્રારંભ થશે. પેઢીઓથી દિવાળી પર જાતજાતનું ભોજન અને નાસ્તા કરવાના એકબીજાના ઘરે આવવા જવાનો રિવાજ છે. ભેગા મળીને ખુશીઓ સાથે વાતોના વડા કરવાનો અવસર છે. દિવાળી પર મોટાભાગનું ભોજન તળેલું અને મીઠાઈઓ ખાવાની અનેરી મજા છે. જોકે , આ બધા વચ્ચે આપણી આજકાલ અલગ સમસ્યા છે, મજાનું ભોજન આરોગ્યા પછી આરોગ્યની વાતો કરીને પસ્તાવો કરવાનો. પરિવાર સાથે સાંજ એન્જોય કર્યા પછી જાતજાતની વાતોમાં ગિલ્ટ અનુભવવાનું. સરસ રીતે દિવાળી ઉજવીએ છીએ તો પછી મસ્તીથી ખાવા- પીવાનો આનંદ કેમ ભોગવી શકતા નથી?

આપણા ગામડામાં વડવાઓ દિવાળીની આતુરતાપૂર્વક રાહ જોતા હતા. દિવાળી સહિતના ઉત્સવો ઉજવ્યા પછી ક્યારેય કોઈપણ બાબતે ગિલ્ટ અનુભવતા જોયા નથી. એકના બદલે બે - ત્રણ સમોસા ખવાઈ જાય અથવા ટેસ્ટી ભોજન જોઈને ઓવરઈટિંગ થઇ જાય એટલે મનમાં વિચાર છાલ છોડતા નથી કે ભોજનમાં ભૂલ કરી છે, મારે ભોજન પર કાબૂ રાખવાની જરૂર હતી.

આજકાલ ગિલ્ટ એટલે કે આવી અકારણ અપરાધની ભાવના અનુભવવાની માનસિક સમસ્યાઓ વિસ્તરી રહી છે. એક અભ્યાસ મુજબ કોવિડ પછી લગભગ ૨૫% લોકો અકારણ કંઈક ખોટું કર્યાની ભાવનાથી પીડાય છે. નાની- મોટી માનસિક સમસ્યા અથવા કોઈક કારણોસર તાણમાં જીવતી વ્યક્તિઓને મનમાં અપરાધ ભાવના વધુ અસર કરે છે.

પરિવારમાં નિધન થાય, બીમારી આવે અથવા કોઈ સમસ્યા ઊભી થાય એટલે વ્યક્તિ એવું માનવા લાગે છે કે આ બધું એના લીધે જ થયું છે. પોતે કરેલાં કર્મોનાં પાપનું પરિણામ છે એવું માનવા લાગે છે. વ્યક્તિ દરેક વાતમાં અફસોસ વ્યક્ત કરતો ફરે છે. તમે પહેલીવાર



મળતા હોય તો પણ કોઈપણ કારણોસર ક્ષમા માગ્યા કરે છે. વ્યક્તિ વાતે વાતે અફસોસ કરવા સાથે પોતાના દોષને ગણાવ્યા કરતો હોય છે. દરેક વાતમાં સહાનુભૂતિ શોધતા આ લોકોમાં ડિપ્રેશન વધવા લાગે છે. જીવનમાં કોઈ ખરાબ ઘટના બને એટલે તરત જ વિચારવા લાગે કે ' મારા કોઈ કર્મનું આ ફળ હશે... હું જ ખરાબ છું ' જેવી ભાવના પ્રબળ થવા લાગે છે.

આપણા ગ્રંથોમાં આ અર્થમાં વાત લખવામાં આવી નથી, પણ વ્યક્તિના મગજમાંથી ગિલ્ટની લાગણીઓ ખસતી નથી. પ્રેમ, રોમાન્સ, સેક્સ અને બ્રહ્મચર્યની વાતો પર અપરાધની ભાવના એ વિસ્તૃત વિષય છે. ફરી દિવાળી પર યાદ કરવું છું કે આપણા બાપદાદાઓ મનભરીને મીઠાઈઓ ખાતા હતા. તળેલા મઠિયા અને ફાફડા ખાતા હતા. સવાલ એ છે કે આપણે પચાવવા માટે શ્રમ કરવાને બદલે રોતલ વિચારોની બીમારી ઊભી કરીએ છીએ.

આજકાલ બીજી એક નવી સમસ્યા ચાલે છે, ઘરઘથ્થુ અનેક ડાયેટિશ્યન સેવા આપતા હોય છે. દિવાળી પર આ પ્રજાતિ વધુ જોરમાં વાતો કરશે કે ફલાણું ખવાય અને જો ઢીકણું આરોગીએ તો બીમારીઓ આવશે,,,. આપણને બીમારી હોય એ કોઈ અધિકૃત ડોક્ટર કહે તો એ વાત માનવી જોઈએ. બાકી ડિગ્રી વગરના ડાયેટિશ્યન, લેભાગુ લખનારા અને બોલનારા ઈનફ્લુએન્સર પ્રજાતિએ ખોરાક માટે ભયાનક હાઉ ઊભો કરી દીધો છે. ઈશ્વરે આપણને ધરતી પર વડવાઓ થકી પુરસ્કૃત મોજમજા કરવા મોકલ્યા છે. મિત્રો સંબંધીઓ સાથે સારું ભોજન કરવાની મજા માણવાની છે. બીજા કોઈ મજાથી ભોજનનો લુફ્ત લેતા હોય તો આપણે જ એને જ્ઞાન આપવા તત્પર થઇ જઈએ છીએ. ભોજન કરતી વ્યક્તિને ભોજનને બદલે ગુનો કરતો હોય એવો અહેસાસ કરાવવાનો પાગલ જેવા શોખ છે. જાતજાતની રીલ્સ જોઈને લેભાગુઓએ સમાજને બીમાર કરી દીધો છે . આવા લોકોને બીજાને બીમાર કરવાનો વિકૃત આનંદ આવતો હોય છે.

બર્થ- ડે પર બાળકોને કેકનો નાનો ટુકડો જ ખાવાની પરમિશન આપતા અસંખ્ય વડીલો આસપાસ છે. ચોકલેટ તો ખવાય જ નહીં, પીઝા કે વેસ્ટર્ન ફૂડ અનહેલ્થી છે, વગેરે વારંવાર બોલીને ગુનાની ભાવના મજબૂત કરી છે. ખાસ કરીને ફિગરને લઈને સજાગ યુવતી જો એકાદ કપ વધુ આઈસક્રીમ આરોગી જાય તો એ ભોજનની ખુશી ગુમાવીને ફીગરનું ટેંશન કરવા લાગે છે.

રોજ શિક્ષણ આપવામાં આવે છે કે થાળીમાં રહેલા અનાજનો બગાડ કરવો નહીં. થાળીમાં જરૂર જેટલું લેવું એ શીખવાડીએ છીએ. કોઈ બાળક ભાવતી વાનગી ચાર પાંચ વખત માંગે તો ફરીથી ટોકવામાં આવતો હોય છે.

દિવાળી અને એ પછી લગ્નસરા સહિત ઉત્સવો આવી રહ્યા છે ત્યારે મનમાંથી સારો કે ખરાબ ખોરાક જેવી ભાવના દૂર કરીને ભોજનનો આનંદ માણતા શીખીએ. મઠિયા- ફાફડા વધુ ખવાઈ જાય તો વડવાઓને યાદ કરવા અને એમના જેટલો શ્રમ કરવાનું નક્કી કરવાનું. જે માણ્યું છે એનો અકારણ અફસોસ કરીને ભોગવેલા સુખને ધોઈ નાખવાથી કશું મળશે નહીં.

. એક વાત યાદ રાખજો કે આ ફક્ત દિવાળીનો તહેવાર નથી પણ જીવનમાં એક દિવાળી ઓછી થઇ રહી છે એની ખુશીઓને અકારણ અપરાધના ભાવ વચ્ચે ગુમાવવા કરતાં અમિતાભ બચ્ચન માટે આનંદ બક્ષીએ લખેલાં ગીતને યાદ કરવું : :' હસતે હસતે રોના, રોતે રોતે હસના જીતની ચાબી ભરી રામને ઉતના ચલે ખિલોના! '

**ધ એન્ડ :**

સત્ય એ છે કે ' ક્ષમા ' પણ અપરાધની ભાવના સાથે લખાયેલો શબ્દ છે.
(લૌરા ચૌએટ) ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# દિવાળીનાં વેકેશનમાં જેસલમેર રણ સફારીની મોજ માણવા જેવી ખરી

દીપાવલીનું નવલું પર્વ આવી ગયું છે...!?. જી હા, અને વિદ્યાર્થીઓનું મીની વેકેશન આવી ગયું છે, એટલે એકજ વાત મસ્તિસ્કમાં ઘુમરાવે ચડે હો,!, કે કિયાં ફરવા જવું,!?. તો આપને ફરવા માટે ટુરિઝમ ક્ષેત્રે રાજસ્થાન તરત મગજમાં આવે ને.!!?. જોકે ત્યાં આપને જયપુર, જોધપુર, ઉદેપુર, આબુ, સાથે જેસલમેર ચોક્કસ જવાની ખ્વાહિશ હોય કારણ કે આ ગોલ્ડન સિટી બેહદ મનમોહક છે,ત્યાંનો કિલ્લો આજે પણ અદ્ભુત છે, અદ્વિતીય છે,અને ત્યાંની હવેલીઓ, સાથે ઘણું બધું નિહાળવા જેવું છે તેમાં એક રણ સફારી ''DESERT SAFARI'' ડેઝર્ટ સફારી આજે રાજસ્થાનનું ઉત્તમ પ્રવાસન સ્થળ બની ગયું છે.

તેના વિશે પ્રથમ થોડી ભૌગોલિક માહિતી આપી દઉં તો રણ એક હલચલવાળી સપાટી રજૂ કરે છે, જેમાં ઊંચા અને નીચા રેતીના ટેકરાઓ, રેતાળ મેદાનો અને નીચા ઉજ્જડ ટેકરીઓ અથવા ભાકર દ્વારા અલગ પડેલા છે, જે આસપાસના મેદાનોમાંથી અચાનક ઊગે છે. ટેકરાઓ સતત ગતિમાં હોય છે અને વિવિધ આકાર અને કદ ધારણ કરે છે. જોકે, જૂના ટેકરાઓ અર્ધ-સ્થિર અથવા સ્થિર સ્થિતિમાં હોય છે, અને ઘણા આસપાસના વિસ્તારોથી લગભગ ૫૦૦ ફૂટ (૧૫૦ મીટર) ની ઊંચાઈ સુધી વધે છે. ઘણા પ્લેયા (ખારા તળાવોના



તળિયા), જેને સ્થાનિક રીતે ધાંડ તરીકે ઓળખવામાં આવે છે, તે સમગ્ર પ્રદેશમાં પથરાયેલા છે.આ જમીનમાં ઘણાં મુખ્ય જૂથો હોય છે રણની જમીન, લાલ રણની જમીન, સીરોઝેમ્સ (ભૂરા રંગની રાખોડી માટી), તળેટીની લાલ અને પીળી માટી, ખારા પ્રદેશની ખારી માટી, અને ટેકરીઓમાં જોવા મળતી લિથોસોલ્સ (છીછરી હવામાનવાળી માટી) અને રેગોસોલ્સ (નરમ છૂટી માટી). આ બધી જમીન મુખ્યત્વે બરછટ રચનાવાળી, સારી રીતે પાણી નિતારેલી અને ચૂના જેવી ( કેલ્શિયમ ધરાવતી) હોય છે. ચૂનાનો જાડો સંચય ઘણીવાર વિવિધ ઊંડાણો પર થાય છે. આ જમીન સામાન્ય રીતે બિનફળદ્રુપ હોય છે અને પવનના તીવ્ર ધોવાણને કારણે રેતીથી ભરાઈ જાય છે.રણમાં વાર્ષિક વરસાદનું પ્રમાણ સામાન્ય રીતે ઓછું હોય છે, જે પશ્ચિમમાં લગભગ ૪ ઇંચ (૧૦૦ મિમી) કે તેથી ઓછો વરસાદ પડે છે કારણ રેતીમાં કોઈ વૃક્ષ નથી ઓન્લી રેતાળ પ્રદેશ છે ત્યાંનાં લોકો પણ રણ સફારી ઉપર નિર્ભર છે.

હું તાજેતરમાં જેસલમેર ટુર કરી આવ્યો મેં તો ઘણી વાર જેસલમેર જોયું છે, પણ રણ સફારી વિશે ઘણું જાણેલ એટલે થયું આપણે પણ રેતીમાં લીટા જોતા આવીએ.!?. પણ જેસલમેરથી ૨૦ કિલોમીટર દૂર રણ સફારી એટલે ખાસું વિશાળ છે, રણ સફારીનો જરાતરા પરિચય કરાવું તો મુખ્યત્વે ત્યાં પ્રવાસીઓ નાઈટ રાત્રી રોકાણ કરવા આવે છે,!, એટલે સંધ્યા થાય તે પહેલા રણ સફારીમાં અસંખ્ય તંબુની અત્યાધુનિક અ. ઈ. હોટલ છે, રણમાં તંબુ...તંબુ...

રણમાં ગયા પછી રેતી પર ઉતારે ત્યાં મોટર સાઇકલ જેવી ટચૂકડી જીપડીઓમાં બેસવાની મોજ અલગ હો તેનો ચાર્જ જુદો પણ રેતીમાં આ જીપડી ચાલે તે જોઈને આપણો જીવ તાળવે ચોંટી જાય પણ ત્યાં કોઈ રસ્તો નહીં ગમે ત્યાં ગમે તેમ મોજે મોજથી જીપડી ચાલે,!. ત્યાં ઊંટ પર ફરવાની મજા નિરાળી હોય છે, પ્રવાસીઓ કેમલ રાઈડમાં બેસે અને સાંજે સૂરજ અસ્ત થાય અને અવનીમાં ઊતરતો હોય તેવો વિરાટ ગોલ્ડન સૂરજ જોઈ રાત્રી થતા જ જીપમાં પરત જે તે તંબુ હોટેલમાં લઈ આવે ત્યાં આવતા Wel come સોન્ગ સાથે રાજસ્થાની સ્પેરા ડ્રેસમાં લેડીઝ તિલક કરે અને ફ્રેશ થયા બાદ હોટલ વચ્ચે રાજસ્થાની કલાકાર પોતાની કલરફુલ પાઘડી અને ઢોલ,પેટી, મંઝિરા સાથે ગાયક કલાકાર આમ તો અભણ કે ઓછું ભણેલા હોય પણ પોતાની ગાયકીના હિસાબે અને તેની સાથે લેડીઝ સપેરા કલાકાર પોતાનો ઓરિજનલ રાજસ્થાની બ્લેક ડ્રેસમાં આવી રાજસ્થાની ગીત પર નૃત્ય કરે ત્યારે ફરતા ટુરિસ્ટ બેઠા હોય ઢોલિયો ઢાળી અને ખુલ્લી રાત્રીમાં પૂનમ ચાંદમાં કુદરતનાં ખોળે હોય નીરવ શાંતિ તેમાં આ ગીતો દિલમાં જુગનુ જાગી જાય અને મોજે મોજ કરતા છેલ્લે ટુરિસ્ટ પણ નાચવા લાગે આ મોજ માણ્યા બાદ ભોજન લઈ શુભરાત્રી કરી મસ્ત નીંદર કરી સુપ્રભાતે ચા, નાસ્તો કરી હોટલથી જવાનો સમય થાય પણ આ રણ સફારી આમ તો મોંઘી છે.!?. હા એક વ્યક્તિ દીઠ ૧૫૦૦ રૂપિયા જેવો મિનિમમ ચાર્જ પેકેજ સાથે લે છે, પણ એક વાર રણ સફારીની મોજ માણવા જેવી ખરી. ■

## પ્રકરણ-૩૨

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...




યોગેશ સી પટેલ

'સર, ટીવી ચાલુ કરું?' દરવાજે ટકોરા મારી કેબિનમાં પ્રવેશેલા કોન્સ્ટેબલે ઉતાવળે કહ્યું.

'કેમ? શું થયું?' ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ સુનીલ જોશીએ પૂછ્યું.

સામાન્ય રીતે જોશીની કેબિનમાં અવાજ મ્યૂટ કરીને ટીવી પર ન્યૂઝ ચેનલ ચાલુ રાખવામાં આવે છે, પણ અત્યારે વારંવાર આરેની ઊથલપાથલના સમાચારો આવતાં હોવાથી કંટાળીને તેમણે ટીવી બંધ કરાવ્યું હતું.

જોશીની બાજુની રૂમમાં તેમનો ઑર્ડરલી અને વાયરલેસ મશીન પર દેખરેખ રાખનારા કોન્સ્ટેબલ્સ બેસે છે. એ રૂમનું ટીવી પણ હંમેશાં ચાલુ હોય છે. કોઈ મહત્ત્વના સમાચાર આવે તો જોશીનો ઑર્ડરલી તેમનું ધ્યાન દોરતો હોય છે. અત્યારે ન્યૂઝ ચેનલો પરના ફ્લૅશ જોઈને જ કોન્સ્ટેબલ જોશીની કેબિનમાં આવ્યો હતો.

'કોઈ મહત્ત્વના સમાચાર આવવાના છે!' કોન્સ્ટેબલે જણાવ્યું.

'એટલે?' અચરજ સાથે જોશીએ કોન્સ્ટેબલને ટીવી ઑન કરવાનો ઇશારો કર્યો.

'ગણતરીની મિનિટોમાં જ વિરોધ પક્ષના નેતા ગજાનન બાપટ આરેની ઘટનામાં મોટો ખુલાસો કરશે... મહારાષ્ટ્રના રાજકારણની શરમજનક બાજુ ઉઘાડી પાડવાનો બાપટનો દાવો...'

ન્યૂઝ ફ્લૅશ જોઈને ડીસીપી ચોંક્યા: 'આ શું બોલવાનો છે?'

કોન્સ્ટેબલ પાસે કોઈ જવાબ ન હોવાથી તે અનુત્તર રહ્યો.

'બાપટના હાથમાં એવું તે શું લાગ્યું કે તે મોટા ધડાકાના દાવા કરે છે? ગોહિલને ફોન લગાવીને પૂછ!' જોશીએ કોન્સ્ટેબલને આદેશ આપ્યો.

કોન્સ્ટેબલ તેના મોબાઈલથી ગોહિલને કૉલ કરી રહ્યો હતો, પરંતુ નેટવર્ક સમસ્યાને કારણે કૉલ લાગતો નહોતો. એ દરમિયાન જોશી રિમોટથી ચૅનલો બદલી રહ્યા હતા. બધી ચૅનલ પર આ જ સમાચાર ફ્લૅશ થતા હતા.

'પાંચ જ મિનિટમાં બાપટ મીડિયા સામે રહસ્યો ખોલશે...' નવી લાઈન ફ્લૅશ થવા લાગી.

'શું થયું? ગોહિલ ફોન નથી ઊંચકતો?' ડીસીપીનો અવાજ થોડો મોટો થયો.

'સર... નેટવર્કનો પ્રોબ્લેમ લાગે છે... કૉલ નથી જતો!' કોન્સ્ટેબલે કહ્યું.

એટલામાં ચૅનલ પર ફ્લૅશ બદલાયા: 'પોલીસ અને સરકારની મિલીભગત... આરેના કાંડમાં વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકરની સંડોવણી... પણ પોલીસ નિષ્ક્રિય...'

જોશીને આંચકો લાગ્યો. બધું કામ પડતું મૂકી તેમણે રિવોલ્વિંગ ચૅર ટીવી તરફ ફેરવી. તેમના હૃદયના ધબકારા વધવા લાગ્યા. બાપટના દાવા ખરેખર પોલીસ માટે મુસીબત ઊભી કરનારા હતા.

'સર... ગોહિલ સરનો ફોન હજુ નથી લાગતો.' વારંવાર પ્રયત્ન કરવા છતાં ગોહિલનો સંપર્ક ન થતાં કોન્સ્ટેબલે કહ્યું.

'હવે રહેવા દે... પહેલાં બાપટ શું કહે છે એ સાંભળવા દે!' જોશી ઉચાટ જીવે બોલ્યા.

એટલામાં ગજાનન બાપટ ચૅનલોનાં માઈક સામે ગોઠવાયા એટલે જોશી પણ તેમને સાંભળવા ટટ્ટાર થઈ ગયા.

'હું પહેલેથી જ કહું છું કે સરકારના વરદહસ્ત વિના આટલા મોટા કાંડ શક્ય જ નથી...' બાપટે શરૂઆત કરી.

'આરેના જંગલનો મુખ્ય માર્ગ કૉન્ક્રીટનો બનાવીને પહોળો કરવામાં આવ્યો... છતાં આ માર્ગ પર વાહન ડ્રાઈવરોનાં મોત થાય છે... એ મુદ્દો હું વારંવાર ઉઠાવું છું, પણ પોલીસ તેને ગંભીરતાથી નથી લેતી!'

બાપટનું બોલવાનું ચાલુ હતું: 'હેલિકૉપ્ટર તૂટી પડ્યા પછી બીજું ભોપાળું સામે આવ્યું... જમીનમાંથી લાશો મળી... પછી ડ્રગ્સ લૅબોરેટરી પકડાઈ!'

'સરકારની સંડોવણી વિના આટલો મોટો હત્યાકાંડ શક્ય છે? ડ્રગ્સના કારોબાર માટે જ આ બધાનો ભોગ લેવાયો હોવાની મને ખાતરી છે... શરમ હોય તો ગૃહ પ્રધાન અને મુખ્ય પ્રધાને રાજીનામાં આપી દેવાં જોઈએ!'

બાપટે પોલીસ પર પણ નિશાન તાક્યું: 'પોલીસ તેનું કામ ઈમાનદારીથી કરતી હોત તો આ ગોરખધંધા ચાલ્યા જ ન હોત! ઊલટું, અમે નાગરિકોની પડખે ઊભા રહીએ... તેમના માટે અવાજ ઉઠાવીએ તો અમને રોકવામાં આવે છે. કૅન્ડલ માર્ચ ન કાઢવાનું કહીને પોલીસે પરવાનગી નકારી કાઢી છે, પણ અમે કૅન્ડલ માર્ચ કાઢીશું જ... કેમ કે નાગરિકો અમારી સાથે છે!'

'આરેના કાંડમાં સરકારની શંકાસ્પદ ભૂમિકાનો પુરાવો સામે આવ્યો છે. ડ્રગ્સનો ધંધો કરનારા સલ્લુની બૉડી મળી છે... તેના પગના ઑપરેશન માટે આર્થિક ભંડોળ પૂરું પાડવાનો ભલામણ પત્ર વિધાનસભ્ય જાંભુળકરજીએ એક ટ્રસ્ટને આપ્યો હતો!' બાપટે સૌથી મોટો ધડાકો કરતાં જોશીના હૃદયમાં ફાળ પડી.

'આ જ બતાવે છે કે વિધાનસભ્યની ડ્રગ્સના વ્યવસાયી સાથે સાઠગાંઠ હતી, પણ આ વાત સામે આવવાના ડરે સલ્લુને પતાવી દેવાયો અને જમનીમાં દાટી દેવાયો હતો. એ તો હેલિકૉપ્ટર તૂટી પડ્યું એટલે જમીનમાં દટાયેલાં રહસ્યો બહાર આવ્યાં!'

બાપટે પડકાર ફેંક્યો: 'મારી વાત ખોટી હોય તો પોલીસ આ ખબરને રદિયો આપી બતાવે! પોલીસ જાંભુળકરજી સામે શા માટે કાર્યવાહી કરતી નથી?'

ચતુર રાજકારણી એવા બાપટે લુચ્ચા હાસ્ય સાથે પ્રણામ કરીને વિદાય લીધી. બાપટે ખરેખર અભ્યાસ કરીને પાસા ફેંક્યા હતા.

ડીસીપીએ રિમોટથી ટીવીનો અવાજ મ્યૂટ કર્યો એની સાથે તેમનો મોબાઈલ રણકી ઊઠ્યો. વિધાનસભ્ય જાંભુળકરનો કૉલ હતો. તેમનો ફોન આવશે જ એની જોશીને ખાતરી હતી.

'સર!' કૉલ રિસીવ કરતાં જ જોશીએ કહ્યું.

'શું સર... સરના ધડ પરથી માથું ઉડાવવાનું જ નક્કી કર્યું છે તમારી ટીમે?' ટીવી પર ન્યૂઝ જોઈને જાંભુળકરના મગજનો પારો છટક્યો હતો.

'સર... મને જ ખબર નથી આ કઈ રીતે થયું!' જોશી પાસે શબ્દો નહોતા.

'જે વાત મને જણાવવામાં ન આવી તે વિરોધ પક્ષ પાસે કઈ રીતે પહોંચી?' જાંભુળકરનું માથું ખાસ્સું તપેલું જણાતું હતું.

ખરેખર તો પીએ ચૌધરી ચાલ ચાલે તે પહેલાં બાપટ ગેમ રમી ચૂક્યા હોવાનો જાંભુળકરને ગુસ્સો હતો. જાંભુળકર પહેલું ડગ માંડે તે પહેલાં જ બાપટે તેમને માત આપી હતી અને તેમની ઊજળી છબિના લીરેલીરા ઉડાડી દીધા હતા.

'એટલે... સર!'

'પત્ર વિશે પહેલાં મને પૂછવું જોઈતું હતું. મને જાણ કરી નહીં અને બાપટને ખબર પડી ગઈ! આ કોણે કર્યું?'

'ડીસીપી... બાપટ સાથે મળીને કોઈ રમત રમો છો? આ મુદ્દો હું વિધાનસભામાં ઉઠાવીશ.'

'સર... આ વાત ક્યાંથી અને કઈ રીતે લિક થઈ તેની હું તપાસ કરાવીશ!' ડીસીપીનો અવાજ નરમ પડ્યો.

> **વિધાનસભ્યની ડ્રગ્સના વ્યવસાયી સાથે સાઠગાંઠ હતી, પણ આ વાત સામે આવવાના ડરે સલ્લુને પતાવી ને જમનીમાં દાટી દેવાયો...**

'જે કરવું હોય તે જલદી કરો... યાદ રાખજો, મારી સાથે ડબલ ગેમ કરવાનું ભારે પડશે. આ રમતમાં તમને જીતવા નહીં દઉં!' કહીને જાંભુળકરે કૉલ કટ કર્યો અને તેમણે કહ્યુંય નહીં 'જય મહારાષ્ટ્ર... આમ્હી નાહી ભ્રષ્ટ!'

* * *

'કઈ ગુફામાં ભરાયો છે... ક્યારનો તારો ફોન લાગતો નથી!' ગોહિલે કૉલ રિસીવ કરતાં જ ડીસીપી સુનીલ જોશી તાડૂક્યા.

'આરે પોલીસ સ્ટેશનમાં છું... સર!' ગોહિલે કહ્યું.

'તો ક્યારનો નેટવર્કનો ઇશ્યુ કેમ આવતો હતો?'

'અમે યુનિટ છવ્વીસ પાસે ડ્રગ્સ લૅબોરેટરી આસપાસ સીસીટીવી કૅમેરા શોધી રહ્યા હતા, જેથી સલ્લુના સાથીઓની ઓળખ થાય!'

ગોહિલે સ્પષ્ટતા કરતાં કહ્યું: 'એ પરિસરમાં મોબાઈલ નેટવર્ક નહીંવત્ હોય છે!'

'મળ્યાં કૅમેરાનાં ફૂટેજ?'

'સર, ત્યાં દૂર દૂર સુધી કોઈ કૅમેરા નથી અને મુખ્ય માર્ગ નજીક કૅમેરા છે તેનાં ફૂટેજ મુખિયા મેશ્રામ અને યુવાનો સાથે ચેક કર્યાં. એમાં સલ્લુનો એકેય સાથી નજરે પડતો નથી!'

ગોહિલે કહેતાં જોશી વધુ ગરમાયા: 'એટલે કે એ લોકો પણ ચાલાક હતા... કોઈ પુરાવા છોડ્યા નથી, બરાબરને?'

'સર... અત્યારે તો એવી જ સ્થિતિ છે, પણ આપણે રહેવાસીઓની મદદ લઈ રહ્યા છીએ!'

'આમ મદદ લેવામાં જ આપણી પત્તર ખંડાઈ જાય છે!' જોશી ઘણા ગુસ્સામાં જણાતા હતા.

'હું સમજ્યો નહીં, સર!'

'ચૅનલો પર સમાચાર જોયા?'

'ના, પણ ખબર પડી... બાપટ વિશે કહો છોને?'

'હા. મેં કહ્યું હતુંને... ભલામણ પત્રવાળી માહિતી કોન્ફિડેન્શિયલ છે. કોઈને ખબર ન પડવી જોઈએ... તો બાપટને કઈ રીતે જાણ થઈ?'

એ જ સમયે સબ-ઈન્સ્પેક્ટર દત્તા બંડગર કૅબિનમાં આવ્યો. ગોહિલે તેને બેસવાનો ઇશારો કરી જોશી સાથે ફોન પર વાતચીત ચાલુ રાખી.

'સર, આપણા અધિકારીઓમાંથી કોઈ આવું કરે એવું લાગતું નથી. તેમને બહારની કોઈ વ્યક્તિ પાસેથી માહિતી મળી હશે!' ગોહિલે બચાવ કર્યો.

'મને અને કમિશનરને ગૃહ પ્રધાને બોલાવ્યા છે... આ માહિતી લિક કરવાનું ગંભીર પરિણામ આવશે. આપણા ડિપાર્ટમેન્ટના કોઈએ આ વાત બહાર કરી હતી કે કેમ તેની તપાસ કર!'

'જી... સર!'

'જલદી કરજે. જાંભુળકર સમજે છે કે આપણે બાપટ સાથે મળીને ગેમ રમીએ છીએ! આ વાતને લઈ તે રાજકારણ ન રમે તે જોવાનું છે!' કહીને જોશીએ કૉલ કટ કર્યો.

'ભલામણ પત્રવાળી વાત લિક થઈ એને લઈ ડીસીપી ગુસ્સામાં છે... હવે આપણી વચ્ચેની નાનામાં નાની વાત પણ બહાર ન જવી જોઈએ... બધા સમજી ગયાને!' ગોહિલે ચેતવણીના સૂરમાં કહ્યું.

કૅબિનમાં હાજર અધિકારીઓએ માત્ર 'ઑકે' કહ્યું.

'બોલ બંડગર... આમ અચાનક આવ્યો!' બોલાવ્યા વિના બંડગર આવ્યો એનું ગોહિલને આશ્ચર્ય થયું.

'સર... સલ્લુ વિશે કામની માહિતી મળી છે!' બંડગરે કહ્યું.

'કઈ?'

'સર, ડ્રગ્સ સંબંધી ત્રણ-ચાર કેસમાં સલ્લુનું નામ સામે આવ્યું હતું, પણ મહારાષ્ટ્ર પોલીસના રેકોર્ડમાં તેની કોઈ તસવીર નથી!'

બંડગર માહિતી આપતો હતો: 'હું અમસ્તા નૅશનલ ક્રાઈમ ડેટા રેકોર્ડ તપાસતો હતો તો... એ જાણવા મળ્યું કે બીજાં રાજ્યોની પોલીસ પણ તેને શોધતી હતી. તેનું કોઈ પાકું સરનામું નહોતું.'

ગોહિલ સહિત બધા અધિકારી બંડગરની વાત ધ્યાનથી સાંભળતા હતા.

'તપાસ કરતાં જણાયું કે ગુજરાતમાં સુરત પોલીસે એક વાર સલ્લુની ધરપકડ કરી હતી. છ મહિના પછી જામીન પર છૂટીને તે ફરાર થઈ ગયો હતો. પછી સુરત પોલીસે શોધ ચલાવી, પણ તે હાથ ન લાગ્યો.'

બધા કાન સરવા કરીને બેઠા હતા.

બંડગરે કહ્યું: 'મેં ચાન્સ લેવા માટે સુરત પોલીસનો સંપર્ક સાધ્યો તો તેમની પાસેથી સલ્લુની તસવીર મળી, જે હૉસ્પિટલમાંથી મળેલી તસવીર સાથે મેળ ખાય છે.'

બંડગર થોડું અટક્યો એટલે ગોહિલે પૂછ્યું: 'બીજી કોઈ માહિતી?'

'સર... સલ્લુ મોટો ડ્રગ તસ્કર હતો. કેમિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હોવાથી તેને રસાયણોનાં મિશ્રણનું પૂરતું જ્ઞાન છે. આ જ્ઞાનનો ઉપયોગ કરી તે ડ્રગ્સ બનાવવામાં માહેર બન્યો હતો.'

'વ્હૉટ?' ગોહિલના મોંમાંથી શબ્દ સરી પડ્યો.

'ઉચ્ચ શિક્ષિત સલ્લુએ તેના ભણતરનો ઉપયોગ ડ્રગ્સ બનાવવા કર્યો?' ગોહિલને આશ્ચર્ય થયું.

'સર, ગુજરાત સહિત બિહાર પોલીસમાં પણ તેની વિરુદ્ધ ગુનો નોંધાયેલો છે, પણ રાજકીય વગને કારણે બિહાર પોલીસ તેને પકડી શકી નહોતી! પછી તો કહેવાય છે કે વિદેશમાં ડ્રગ્સ સપ્લાય કરવામાં પણ તેની સંડોવણી હતી!' બંડગરે વાત પૂરી કરી.

'સર... શું વિચારો છો?' ગોહિલને વિચારમાં ડૂબેલો જોઈ બંડગરે જ પૂછ્યું.

'હું એ વિચારું છું કે સલ્લુ આટલો મોટો ડ્રગ તસ્કર હતો... આરેમાં સંતાયો હોવા છતાં તેની કોઈને જાણ કેમ ન થઈ... તેનું કોઈ અંગ પણ કાઢવામાં નહોતું આવ્યું.. તો પછી તેને માર્યો કોણે? અને મારીને એ જ સ્થળે જમીનમાં દાટી શા માટે દીધો? (ક્રમશઃ) ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| FICKLE | ચીરવું |
| CRACKLE | આડખીલી |
| HACKLE | બંધન |
| SHACKLE | તડતડવું |
| TACKLE | ચંચળ |

### ઓળખાણ પડી?



અફલાતૂન બેટિંગ પર્ફોર્મન્સને પગલે 'બ્લેક બ્રેડમેન' તરીકે ખ્યાતિ મેળવનારા વેસ્ટ ઈન્ડિઝના મહાન બેટ્સમેનની ઓળખાણ પડી?

અ) એવર્ટન વીક્સ બ) ગારફિલ્ડ સોબર્સ ક) જ્યોર્જ હેડલી ડ) ફ્રેન્ક વોરેલ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જે | સ | ૨ લ | ૩ તો | ર | ૪ લ | ■ | ૫ લો | ૬ ય | ણ |
| ત | ■ | ૭ કી | ર | ■ | ૮ ગા | ૯ શે | ■ | મ | ■ |
| ૧૦ પુ | ૧૧ કા | ર | ■ | ૧૨ ગ | ર | ણી | ■ | ૧૩ ક | ૧૪ લા |
| ૧૫ ર | દ | ■ | ૧૬ દે | ણ | ■ | ૧૭ વિ | રા | ■ | ખો |
| ■ | ૧૮ વ | ૧૯ ટા | વ | ■ | ૨૦ જી | જા | જી | ■ | વ |
| ૨૧ હી | ■ | ૨૨ પ | રો | ૨૩ વી | ■ | ણું | ■ | ૨૪ છા | ણ |
| ૨૫ ર | ૨૬ જા | ■ | ૨૭ આ | ર | ■ | ૨૮ દ | ૨૯ ર | વા | જા |
| ૩૦ રાં | ગ | ■ | ણ | ■ | ૩૧ મ | ■ | જ | ■ | રો |
| ઝા | ■ | ૩૨ અ | લ | મ | સ્ત | ■ | ■ | ૩૩ દ | ■ |
| ■ | ૩૪ ર | ન્ના | દે | ■ | ૩૫ ક | દૃ | ર | વા | દી |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | ૫-અ | ■ |
| ૬ | | | ■ | ૭ | | ■ | ૮ | | ૯ |
| ૧૦ | | ■ | ૧૧ | | | ■ | | ■ | |
| ૧૨ | | ૧૩ | ■ | | ■ | ૧૪ | ■ | ૧૫ | |
| | ■ | ૧૬ | | | ■ | | ■ | ૧૭ | |
| ■ | ૧૮ | | ■ | ■ | ૧૯ | | ૨૦ | | ■ |
| ૨૦-અ | ■ | ૨૧ | ૨૨ | ૨૩ | ■ | ■ | ૨૪ | | ૨૫ |
| ૨૬ | ૨૭ | ■ | ૨૮ | | | | ■ | ૨૯ | |
| ૩૦ | | ૩૧ | ■ | | ■ | ■ | ૩૨ | ■ | |
| | ■ | ૩૩ | | | ■ | ૩૪ | | | |

**આડી ચાવી**

૧. સુરક્ષા (૪)
૪. પ્રારંભ (૪)
૬. પ્રવાહ, વહેણ, ધાર (૩)
૭. દૂર ખસ (૨)
૮. તફાવત (૩)
૧૦. દ્વેષ, ઇર્ષ્યા (૨)
૧૧. જસત, હલકી વસ્તુ (૩) (જો. છૂ.)
૧૨. ફેલાવ (૩)
૧૫. તદ્દન, બિલકુલ, સંપૂર્ણપણે (૨)
૧૬. કપટી, દગાબાજ (૩)
૧૭. દરેક (૨)
૧૮. રહસ્ય (૨)
૧૯. ભૂતકાળની વાત (૪)
૨૧. રખડેલ, વંઠેલ, બદમાશ (૩)
૨૪. જીવતો હોય તે (૩)
૨૬. રિસાઇ જવું તે (૨) (જો. છૂ.)
૨૮. કાપલી, કાપડ-કાગળનો કચરો (૪)
૨૯. --- ઉતારવો, એટલે બદદુઆ દેવી (૨)
૩૦. માગણી, વિનંતી, પ્રાર્થના (૩)
૩૩. ચામડાનું કામ કરનાર (૩)
૩૪. સંન્યાસીએ --- છોડવું પડે (૪)

**ઊભી ચાવી**

૧. સામ્ય (૫)
૨. જ્વાળામુખ ફાટે તો--- નીકળે (૪)
૩. પૈસા (અં.) (૨)
૪. બારણું, ફરેડી (૩)
૫. મુશ્કેલી, સંકટ (૩)
૫-અ. રસકસથી ભરેલું (૨)
૭. સ્વરક્ષા માટે --- જોઇએ (૪)
૯. નવાં--- ધરો હંસલા (૪)
૧૩. નવરાત્રિમાં દાંડિયા રાસની --- જામે (૪)
૧૪. પૂજા પછી --- ઉતારવી પડે (૩)
૧૫. બહાદુર (૫)
૨૦. હજયાત્રા કરનાર (૨)
૨૦-અ. લીલોતરી (૪)
૨૨. મોટેથી રડવું તે (૨)
૨૩. વ્યવસ્થિત રીતે (૪)
૨૫. છબિ (૪)
૨૭. સાચું, હકીકત (૨)
૩૧. નૃત્ય (૨)
૩૨. નવનીત, સત્ત્વ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'વસ્તુ માટે વ્યર્થ વલખાં ન મારવા' કહેવતમાં 'વલખાં' શબ્દનો અર્થ જણાવો.

અ) વ્યવસ્થા બ) વિચાર ક) મહેનત ડ) ફાંફાં

### માતૃભાષાની મહેક

તાપીથી વાપી દક્ષિણ ગુજરાતના હળપતિઓ નવરાત્રિથી દેવ દિવાળી સુધી માતાની આરાધના માટે ૨૦થી ૨૫ના સમૂહમાં, અર્ધનારીનો વેશ ધારી ગામેગામ અને ઘરે ઘરે ફરીને ઘેર, ઘેરિયા કે ઘેરૈયા નૃત્ય કરે છે. ઘેરિયો એટલે ઘેર બાંધીને લોકનૃત્ય કરતો હળપતિ.

### સુડોકુ-૯૧૧૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | | ૭ | | | | | |
| ૨ | | ૬ | ૮ | | | | | |
| | ૯ | | | ૩ | | | | ૧ |
| | ૮ | ૯ | | | | | ૪ | |
| | | | | ૫ | | | | |
| | ૪ | | | | | ૬ | ૩ | |
| ૬ | | | | ૧ | | | ૫ | |
| | | | | | ૫ | ૧ | | ૭ |
| | | | | | ૭ | | ૨ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૧૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૪ | ૨ | ૧ | ૫ | ૮ | ૩ | ૯ |
| ૩ | ૮ | ૨ | ૭ | ૬ | ૯ | ૧ | ૪ | ૫ |
| ૫ | ૯ | ૧ | ૮ | ૩ | ૪ | ૬ | ૭ | ૨ |
| ૮ | ૨ | ૫ | ૩ | ૭ | ૧ | ૯ | ૬ | ૪ |
| ૬ | ૭ | ૯ | ૫ | ૪ | ૨ | ૩ | ૮ | ૧ |
| ૧ | ૪ | ૩ | ૬ | ૯ | ૮ | ૨ | ૫ | ૭ |
| ૨ | ૫ | ૭ | ૧ | ૮ | ૬ | ૪ | ૯ | ૩ |
| ૪ | ૧ | ૮ | ૯ | ૫ | ૩ | ૭ | ૨ | ૬ |
| ૯ | ૩ | ૬ | ૪ | ૨ | ૭ | ૫ | ૧ | ૮ |

### ગુજરાત મોરી મોરી રે

કોઈને જાણ ન થાય એમ છૂપી રીતે દાન કરવું એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

હાથ તે ડાબો જાણે જમણો ન કરે હાથ

### ઈર્શાદ

ઈમાન વેચનાર છે, આરામથી ખુદા,
ખાતો રહે છે, ઠોકરો ઈમાનદાર કેમ ?

– જલન માતરી

### માઈન્ડ ગેમ

સ્કવોશની રમતમાં ૧૯૯૦ના દાયકામાં લાગલગાટ પાંચ વખત વર્લ્ડ ચેમ્પિયન બનેલા ખેલાડીનું નામ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) જનશેર ખાન બ) રોડની માર્ટિન ક) જ્યોફ હન્ટ ડ) જોનાથન પાવર

### ગયા બુધવારના જવાબ

ભાષાવૈભવ

| A | B |
|---|---|
| DICE | પાસા |
| GUISE | વેશ |
| LICE | જૂ |
| MICE | ઉંદર |
| VICE | વ્યસન |

ઓળખાણ પડી?
ધ્રુવ જુરેલ

માઈન્ડ ગેમ
બ્યોન બોર્ગ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
વિલાપ

ગુજરાત મોરી મોરી રે
ઝેરના લાડવામાં એલચીનો સ્વાદ ન હોય

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) તાહેર ઔરંગાબાદવાલા (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૭) રસીક જુઠાણી (કેનેડા-ટોરન્ટો) (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પુષ્પા પટેલ (૧૩) મીનળ કાપડિયા (૧૪) હર્ષા મહેતા (૧૫) હર્ષા મહેતા (૧૬) લજીતા ખોના (૧૭) જ્યોતી ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) નિતીન જયંતિલાલ બજરિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) પ્રવીણ વોરા (૨૫) વિપીન શાહ (૨૬) નૂતન વિપીન શાહ (૨૭) મહેશ દોશી (૨૮) અરવિંદ કામદાર (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) વીણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) જયવંત પદમશી ચિખલ (૩૩) ભાવના કર્વે (૩૪) અંજુ ટોલીયા (૩૫) ડાયના સંતોકે (૩૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૭) અલકા વાણી (૩૮) શિલ્પા શ્રોફ (૩૯) નીતા દેસાઈ (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) હીનાબેન દલાલ (૪૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પ્રમાણી (૪૭) કમલ માટલીયા

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## મુલાયમ પીંછાનો માલેતુજાર ભાવ નવ ગ્રામના પચીસ લાખ રૂપિયા!



૨૮ હજાર ૩૬૫ ડૉલર એક વાર, ૨૮ હજાર ૩૬૫ ડૉલર બે વાર, ૨૮ હજાર ૩૬૫ ડૉલર ત્રણ એક વાર...

કર્તાહર્તાએ લિલામી હથોડો પછાડ્યો અને અનેક આંખના ડોળા બહાર આવી ગયા. કારણ એવું હતું કે પંખીના એક મુલાયમ પીંછાની લિલામી કિંમત હતી આશરે ૨૫ લાખ રૂપિયા...! 'મુઘલ - એ - આઝમ' માં પ્રેમના સાગરમાં ગળાડૂબ સલીમ અનારકલીના ચહેરા પર મુલાયમ પીંછું ફેરવે છે ત્યારે એ અમૂલ્ય બની ગયું હતું એવું જ કંઈક અહીં આ લિલામીમાં જોવા મળ્યું.

જાણવાની વાત એ છે કે લિલામ થયેલા પીંછા સાથે કોઈ પ્રણયકથા નહીં, બલ્કે પંખીકથા જોડાયેલી છે. આ પીંછું ઓસ્ટ્રેલિયાના પાડોશી દેશ ન્યૂઝીલેન્ડના મૂળ રહેવાસી માવરી લોકો સાથે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક નાતો ધરાવે છે. માવરી સમુદાયના મુખિયાના સરના તાજ પર હુયા નામના પંખીના પીંછા શોભાયમાન રહેતા હતા. યુરોપિયન ન્યુઝીલેન્ડમાં વસવાટ કરતા થયા ત્યારે હુયા ભાગ્યે જ જોવા મળતું હતું. કોઈ કારણસર યુરોપિયન લોકોને એનું ઘેલું લાગતા અલાયદી ચીજવસ્તુ એકઠી કરવાનો શોખ ધરાવતા તેમજ ફેશન બિઝનેસના લોકોની નજર બગડી અને એમના 'પાપે' પંખી લુપ્ત થઈ ગયું. અલબત્ત, એના પીંછા માટે શોખીનો માગ્યા પૈસા આપવા તત્પર હોય છે એટલે જ્યારે પીછાંના ઓક્શનની ઘોષણા થઈ ત્યારે એના ૩ હજાર ડૉલર તો સહેજે ઊપજશે એવી ધારણા હતી. જોકે, એ ધારણા સાવ જ ખોટી પડી અને મુલાયમ પીંછાના માલેતુજાર લાગે એવા અધધ ૨૮ હજારથી વધુ ડૉલર ઉપજ્યા. 'હાજર હુયા લાખનું, લુપ્ત હુયા લાખોનું' કહેવત બનાવવી પડે એવો ઘાટ થયો.

## જીવન ચલને કા નામ, પૈસે મિલે સુબહ - ઓ - શામ



ગુજરાતી ચલચિત્ર 'કુલવધૂ' માટે બરકત વિરાણી 'બેફામ'એ એક ગીત લખ્યું હતું 'ચાલતો રહેજે'. અલબત્ત , એમાં જીવનની ફિલસૂફીનું વર્ણન છે. આજે 'ચાલતો રહેજે' મંત્ર સ્વાસ્થ્ય માટે અને 'દોડતો રહેજે' અર્થ ઉપાર્જનના મંત્રો છે. અમેરિકાની એક બેંકે અપનાવેલા નુસખા અનુસાર ચાલવાના પૈસા મળી શકે છે. 'ફટનેસ બેંક' તરીકે ઓળખાતી બેંક દ્વારા એક સ્કીમ રજૂ કરવામાં આવી છે , જેમાં ખાતેદારો જેટલા વધુ ડગલાં ભરશે, ટૂંકમાં જેટલું ચાલે એટલા એને વધુ પૈસા મળે. બેંકે 'સ્ટેપ ટ્રેકર' નામની એપ બનાવી છે, જે તમારા ફોનમાં ઇન્સ્ટોલ કરતાં તરત તમારું શારીરિક ચાલચલન દૈનિક ધોરણે રેકોર્ડ કરી લેશે. ટેન્શનમાં આવી ગયા? માત્ર પગે ચાલ્યા એ જ રેકોર્ડ થશે, ઓકે?!

ડાઉનલોડ કરેલી એપ્લિકેશન ચાલવા ઉપરાંત રનિંગ, સ્વિમિંગ, સાઈકલિંગ તેમજ વ્હિલચેર જેવી વિવિધ શારીરિક ગતિવિધિઓ દરમિયાન તમે કેટલા ડગલાં ભર્યા એની ગણતરી રાખશે. આ પગલાંને આધારે બેંકમાં પડેલી તમારી મૂડી પર વ્યાજની રકમ નક્કી થશે. ઉદાહરણ તરીકે જો તમે રોજના ૧૨ હજાર ૫૦૦ પગલાં ચાલ્યા તો ૪.૭૫% વ્યાજ મળશે. જો તમે ૧૦ હજાર ડગલાં ચાલ્યા અને ૧૫ વાર ડેબિટ કાર્ડ સ્વાઈપ કર્યા તો ૫.૨૫% વ્યાજ મળશે. અમેરિકામાં મળતું આ સર્વોચ્ચ વ્યાજ છે. અલબત્ત, 'કંડિશન્સ એપ્લાય' જેવી શરતો સુધ્ધાં છે. પણ એટલું તો નક્કી કે શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી આર્થિક લાભ પણ આપવામાં આવી રહ્યો છે. હવે એવું નહીં માની બેસતા કે ફાસ્ટમ ફાસ્ટ ચાલીએ એટલે જલદી જલદી પૈસા મળી જાય...

## ત્રણ મીંડાંમાંથી પાંચ મીંડાંઃ પ્રારબ્ધ નહીં, પુરુષાર્થ



પુરુષાર્થ ચડે કે પ્રારબ્ધ? એ મુદ્દાને લઈને થતી ચર્ચાનો કોઈ અંત નથી. અલબત્ત, સફળતાના એવરેસ્ટ પર બિરાજમાન લોકોનો અભ્યાસ કરીએ ત્યારે પુરુષાર્થનું પલડું ખાસ્સું નમેલું નજરે પડે છે. સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલી એક પોસ્ટમાં પુરુષાર્થ પ્રખર હોવાની દલીલને પુષ્ટિ મળે છે. ૨૦૧૬માં મામૂલી કહી શકાય એવા ૫ હજાર રૂપિયાના સ્ટાઈપેન્ડથી શરૂઆત કર્યા પછી ૨૦૧૭માં પર્મનન્ટ નોકરી મળતા ભાઈસાહેબ મહિને દાડે ૨૨ હજારનો પગાર મળવા લાગ્યો. આજે આઠ વર્ષ પછી એ જ ઓફિસમાં આ કર્મચારી દર મહિને૨.૨ લાખ રૂપિયાનો માસિક પગાર મેળવે છે. લોકો તો સફળતાની સીડી ચડતા હોય છે, આ મહાશયને શું લિફ્ટ મળી ગઈ એવો સવાલ અનેક લોકોને થયો. કોઈએ તો ત્રણ મીંડાંવાળો પગાર પાંચ મીંડાંવાળો (હજારમાંથી લાખમાં) કઈ રીતે થયો એ જાણવાની ઉત્સુકતા પણ દેખાડી. ભાઈસાહેબે જવાબ આપ્યો છે કે 'મારી પાસે કોઈ ટેકનિકલ નોલેજ નથી. શરૂઆતનાં વર્ષોમાં નવું નવું કામ શીખતો ગયો. ૨૨ હજારથી ૪૦ હજાર સુધી પ્રગતિ કરી. હું નવશીખ્યો હતો અને કઈ દિશામાં આગળ વધવું એ અંગે મગજમાં કોઈ સ્પષ્ટતા સુધ્ધાં નહોતી, પણ પછી ખૂબ મહેનત કરી ઘડિયાળ સામે જોયા વગર કામ કર્યું. નવું નવું કામ શીખતો ગયો અને આજે દર મહિને મને ૨.૨ લાખ પગાર મળે છે. આ કોઈ નસીબના ખેલ નથી, નિરંતર કોશિશ - મહેનતનું ફળ છે.' પુરુષાર્થ કરવાથી કારકિર્દીની ગાડી પહેલા ગિયરમાંથી ચોથા ગિયરમાં સડસડાટ દોડવા લાગે છે.

## બે બદામડીના બર્ગરના બાદશાહી ઠાઠ



૧૭૭૫માં ફ્રાંસમાં પાંઉના ભાવ આસમાની થઈ જતા ગરીબ જનતા પાસે સામાન્ય બ્રેડ ખરીદવાના પૈસા નથી એ વ્યથા રાજા લૂઈ - ૧૬માની રાણી મેરી એન્તોઇનેત સમક્ષ રજૂ કરવામાં આવી ત્યારે રાણી સાહેબાએ 'તો તેમને કેક ખાવા કહો' એવું કહ્યું હોવાની વાત ચગાવવામાં આવી હતી. આપણે અહીં રાણી અને કેકના વિધાનની ખરાઈ - ખોટાઈમાં નથી પડવું.

વાત છે પહોંચમાં રહેતી વસ્તુ પહોંચ બહાર થઈ એની છે. ડાન્સ અને ફૂટબોલ માટે જાણીતા યુરોપિયન દેશ સ્પેનમાં બ્રેડની સેન્ડવિચનો એક પ્રકાર એવા બર્ગરનો બાદશાહી ઠાઠ અનેક લોકોને ચકિત કરી રહ્યો છે. રેસ્ટોરાંના મેનુમાં બર્ગરના ભાવ સાવ સામાન્ય માણસને પરવડે એવા હોય છે. ખિસ્સામાં ખણખણતા ન હોય ત્યારે મામૂલી રકમ ખર્ચી બર્ગરનો આનંદ લઈ શકાય છે. જોકે, સ્પેનની એક રેસ્ટોરાંએ 'વિશ્વના સૌથી મોંઘા બર્ગર'ની જાહેરાત કરતા લોકો ચોંકી ગયા છે. આ બર્ગર પહોંચ બહારનું છે. આઠ વર્ષના સંશોધન અને વિવિધ પ્રયોગો - અજમાયશ પછી આ અનોખું બર્ગર તૈયાર થઈ શક્યું છે. એમાં ઉમેરવામાં આવતી સામગ્રી અંગે ગુપ્તતા રાખવામાં આવી છે, પણ એનો ભાવ (૯૪૫૦ યુરો, આશરે ૯ લાખ ૬૦ હજાર રૂપિયા) જાણ્યા પછી એની રેસીપી સિક્રેટ કેમ રાખવામાં આવે છે એ સમજાય છે.

'લક્ઝરી પહોંચ બહાર હોવી જોઈએ' એ માન્યતામાંથી આ બર્ગરનો જન્મ થયો છે. બહુ ઓછા લોકોને પોસાય એવો આ ભાવ છે, પણ એ ખર્ચવાની તમારી હેસિયત હોય તો પણ તમે રેસ્ટોરાંમાં જઈ એ ખાઈ નથી શકતા, કારણ કે રેસ્ટોરાં તરફથી તમને આમંત્રણ મળે તો જ તમે આ બાદશાહી બર્ગર આરોગી શકો છો. મજાની વાત છે કે આમંત્રણ માટેની યોગ્યતા શું છે એ પણ કોઈને ખબર નથી. જો તમે સિલેક્ટ થયા તો રેસ્ટોરાંના પ્રાઈવેટ રૂમમાં અન્ય કેટલાક નસીબવંતા ગ્રાહકો સાથે તમને બેસાડી આ અલાયદું બર્ગર અને એક વિશિષ્ટ પ્રકારનું સૂપ પીરસવામાં આવે છે. સૂપના પૈસા અલગ છે કે નહીં એની જાણકારી નથી. જોકે, બર્ગર માટે આવી જંગી રકમ ખરીદવા તૈયાર થયેલી વ્યક્તિ માટે સૂપના દામ ગૌણ જ કહેવાય.

## લ્યો કરો વાત!

દક્ષિણ અમેરિકાના ચિલીના રણ વિસ્તારમાં 'હેન્ડ ઓફ ધ ડેઝર્ટ' (રણનો પંજો)નામે ઓળખાતા૩૬ ફૂટ ઊંચા પંજાના બાંધકામનો પ્રારંભ ૧૯૯૨માં થયો હતો. અહીં સહેલાણીઓ ઉત્સુકતાથી આવે છે. પહેલી નજરે લોકો થાપ ખાઈ જાય છે અને બે ઘડી માટે આ અનોખા સ્મારકને મૃગજળ માની લે છે. કોઈ રાક્ષસી કદની વ્યક્તિ રેતીમાં ખૂંપી રહી છે અને મદદ માટે હાથ લંબાવી રહી છે એવો એહસાસ થાય છે.

જોકે, ધ્યાનથી જોતા એ ' હેન્ડ ઓફ ધ ડેઝર્ટ ' ભ્રમણા નહીં પણ વાસ્તવિકતા હોવાનો ખ્યાલ આવે છે. રેતીના વિશાળ પટમાં ચાર આંગળી અને અંગૂઠાવાળા પંજા સાથે શેકહેન્ડ કરવાની ઈચ્છા થાય છે. આ સ્મારક એકલતા અને પીડા જેવી માનવીય સંવેદનાનું પ્રતીક માનવામાં આવે છે. ■

# સટાક સવાલ... ફટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**સત્તા અને સટ્ટામાં સામ્યતા શું?**
* બંનેમાં પરસેવા વિના કમાણી થાય...

**મારે પડોશણ સાથે કેવો વ્યવહાર રાખવો?**
* પડોશણના પતિ અને તમારી પત્નીને ખબર ના પડે એવો ...

પત્ની મને સોસાયટીની ચૂંટણીમાં ઊભા રહેવા આગ્રહ કરે છે..
* માની જાવ. નહીં તો ઘર બહાર ઊભા રાખશે...

**જોરુ કા ગુલામ હોય તો રાજા કેમ નહીં?**
* તમારી રાણીને પૂછી જોજો.!

**મારી પત્ની કજિયાળી છે. શું કરું?**
* તમેય સામે કજિયાની બાજી માંડો...

**શું યાદ રાખવું જોઈએ?**
* પત્નીની બર્થ ડેટ, સાસુ સસરાની મેરેજ ડેટ અને બાકી લોનના હપ્તા.

**પૈસા વિના શોપિંગ કરવું હોય તો?.**
* વિન્ડો શોપિંગ શ્રેષ્ઠ !

**લવ રિલેશનમાં બ્રેક અપ પછી શું?.**
* હાર્ટ ચેકઅપ....

**આપણે ત્યાં રામરાજ્ય ક્યારે આવશે?**
* સોનાની લંકા બન્યા પછી...

**વિદ્યા વિનયથી, તો વિનય શેનાથી શોભે?**
* વિદ્યા નામની પત્નીથી ! .

**કયો ચાટ ચિંતા કરાવે?**
* ઉચાટ....

**નેતા પુત્રી સાથે લગ્ન કરવાથી શું મળે?**
* સરકારી કોન્ટ્રાકટનાં અખૂટ વચનો...!

**કરકસર બીજો ભાઈ. તો બહેન કોણ?**
* બચત.

મને રાજયોગ હોવાનું જ્યોતિષીએ કહ્યું છે...
* બીજા શબ્દોમાં તમને સપનાં જોવાનો સારો યોગ છે

**તમે છેલ્લે કઈ ચિંતા જાતે દૂર કરી?.**
* સેલોટેપ લગાડેલી પાંચસોની નોટ પેટ્રોલ પંપવાળાને પધરાવી..! .

**મંદિરમાંથી લોન મળે?**
* મળે...પૂજારીને ફોડવાથી નહીં ,પણ કે ટ્રસ્ટીને ફોસલાવવાથી જરૂર મળે! ■

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

## ઈશ્વર સમયથી પહેલાં નથી આપતો... ધીરજ ધરવી પડે

'વાત વિજણી' જેવો એક શબ્દ પ્રયોગ કચ્છીમાં થતો હોય છે. અહીં 'વાત'નો અર્થ થાય છે ઝઘડો કરવો પણ મૂળ અર્થ થાય છે કોઈને બચકાં ભરવાં! કોઈ કાર્યનો પ્રારંભ થતો હોય ત્યારે ઝઘડો થાય કે, કોઈને 'તોડી પડાય' ત્યારે પ્રયોજાતી એક ચોવક છેઃ 'અચેતી રાત, ને વિજેતી વાત' હવે આ આખી ચોવકનાં બંધારણને સમજીએ. ગુજરાતીમાં કહેવું હોય તો એમ કહેવાય કે, ''રાત પડી નથી ને (તેણે) ઝઘડો શરૂ કર્યો નથી.'' હવે અહીં 'તેણે'ની જગ્યાએ પત્ની શબ્દ મૂકીને આખી ચોવક ફરીથી વાંચો! કેન્દ્રમાં સ્ત્રીને રાખીને ચોવક બનીઃ ''અચેતી રાત, ને વિજેતી વાત''. 'અચેતી' એટલે આવે છે અને 'વિજેતી' એટલે કરે છે, નાખે છે. પ્રેમ કરવો તો કોરાણે રહ્યો પણ રાત પડે અને મિલન થાય કે ઝઘડાની શરૂઆત થાય. હવે અહીં 'રાત'ની જગ્યાએ કોઈ 'મહત્ત્વની વાત' કે 'મહત્ત્વનું કામ' એ શબ્દોનો પ્રયોગ પણ કરી શકાય. એમ કરતાં 'પત્ની' ચોવકમાંથી નીકળી જાય અને અન્ય કોઈ વ્યક્તિ તેનું સ્થાન લઈલે!

હવે, આવા કજિયા કે કટુવેણનું પરિણામ તો સારું ન જ આવે, એટલે એવી ચોવક બની કે, ''કજિયે મેં લડું નવે'' મતલબ કે કજિયામાં કે ઝઘડામાં કે કટુવેણમાં મીઠાશ તો ન જ હોયને! 'લડું' મીઠાશની જગ્યાએ મૂકાયેલો શબ્દ છે, ગુજરાતીમાં આપણે 'લાડુ' કહીએ છીએં. અહીં-સંબંધોમાંથી મીઠાશની વિદાય અને કંકાસના પ્રવેશની વાત બેખૂબીથી વણાઈ ગઈ છે!

આવા કજિયા-કંકાસ અટકે કઈ રીતે? બેમાંથી એક જણે તો નમતું જોખવું જ પડેને? વાતનો નિવેડો તો લાવવોજ પડેને? એવો નિવેડો લાવવાની વાતને વણી લેતી એક ચોવક પણ પ્રચલિત છેઃ ''કાં રબ ડે ને કાં રજા ડે'' સમાધાનનો માર્ગ છે. અર્થ થાય છેઃ કાં તો રાબ (મીઠાશ) આપ અને કાં તો મને રજા આપ. રજા આપ એ છૂટા પડવાની વાત નથી પરંતુ ''તમારી કડવી જબાન હવે બંધ કર'' એ ઑઅર્થમાં છે.

ઘણીવાર એવું બને છે કે આવા ઝઘડા તરત શમી પણ જતા હોય છે. તેને, દૂધને ગરમ કરતાં જે ઉફાણા આવે તેની સાથે સરખાવવામાં આવે છે. એ અર્થમાં ચોવક પણ છે કે, ''ખીર વારા ઉફાંણ, સે કિતરી વાર?'' ખીર એટલે દૂધ, 'ઉફાંણ'નો અર્થ થાય છે ઉફાણું અને 'કિતરી વાર' એટલે કેટલી વાર કે કેટલો સમય! દૂધમાં આવેલું ઉફાણ કેટલીવાર ટકે ? બસ એટલી વાર જ ઝઘડો ચાલ્યો.

સમયથી પહેલાં ઈશ્વર પણ કંઈ આપતો નથી પરંતુ માણસ કલ્પના કરીને સમયથી પહેલાં જ મેળવી લેવા હવાતિયાં મારે છે, અથવા તો 'મળી ગયાની' કલ્પના કરીને તેનો આનંદ લે છે. ચોવક છેઃ ''કપા કાલે મેં નેં ચોફાર જો જગડો'' આવું ઘણી જગ્યાએ જોવા મળતું હોય છે. અહીં ઉદાહરણ 'કાલાં' અને 'કપાસ'નું આપવામાં આવ્યું છે. કપાસ ઊગે પણ એ કાલામાં ભરાયેલો હોય! ઊગતા કપાસને જોઈને કલ્પનાના ઘોડા દોડવા લાગે કે મબલખ ઊતરશે તો આમ કરશું... તેમ કરશું! અહીં 'ચોફાર' શબ્દનો ઉપયોગ થયો છે, તેનો અર્થ થાય છે 'ચોફાળ'... જે કપાસમાંથી જ બનતો હોય છે... તો આખી ચોવકનો અર્થ એ રીતે પણ થઈ શકે કે, કપાસ ઊગશે ઊતરશે, કાલાં ફોલાશે પછી... ઘરના સભ્યો વચ્ચે એવો ઝઘડો થાય કે, એ કપાસમાંથી મારો ચોફાળ બનાવડાવીશ!

ચોવકોમાં ઊંડાણ હોય છે અને જેટલા ધારો એટલા અર્થ કાઢી શકાય છે. ઉદાહરણ આપું છુંઃ ''અધમેં હારી, ને અધમેં આકાય'' 'અધમેં' એટલે અડધામાં, 'હારી' એટલે કામ પર રાખેલો નોકર કે મજૂર. 'આકાય' એટલે પરિવાર હવે એ મજૂર કે નોકરનો ખોરાક એટલો હોય છે કે, એ એકલો જ અડધા પરિવાર જેટલું ખાઈ જાય છે! પણ આ ચોવકના વ્યાપક અર્થ અને પ્રયોગ થઈ શકે છે, અને થાય છે. ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

## મનુષ્ય જીવનના મુખ્ય ત્રણ પિલર : ગણતર- ઘડતર ને ભણતર




માનવીના જીવનને સાર્થક બનાવવા માટે આ ત્રણ શબ્દ અતિ મહત્ત્વના છે : ગણતર- ઘડતર ને ભણતર.

આ ત્રણેય શબ્દ માત્ર શિક્ષણ સાથે જ જોડાયેલા નથી, પરંતુ વ્યક્તિના સર્વાંગી વિકાસ સાથે સંબંધ ધરાવે છે. ગણતર એ જ્ઞાનનું માપ છે, ઘડતર એ વ્યક્તિના સ્વભાવ અને વ્યક્તિત્વનું નિર્માણ છે અને ભણતર એ શિખવાની સતત ચાલતી પ્રક્રિયા છે. એક વ્યક્તિ જીવનમાં સાચી સફળતા મેળવવા માગે તો તેને આ ત્રણેય પર સમાન ભાર મૂકવો જરૂરી બને છે.

**ગણતરઃ**

ગણતરનો અર્થ સામાન્ય રીતે અંકગણિત, હિસાબ કે ગણિતથી થાય છે, પરંતુ અહીં તેનો અર્થ વિશાળ છે. ગણતર એટલે જ્ઞાનનું પ્રમાણ, સમજણનું સ્તર અને મનન કરવાની ક્ષમતા.

માનવ જીવનમાં જ્ઞાનનું સ્થાન અતિ મહત્ત્વનું છે. જ્ઞાન વિના માનવી અંધકારમાં ભટકે છે. વિદ્યાથી મળેલું જ્ઞાન માણસને સાચાં-ખોટાંનું ભાન કરાવે છે. ગણતર માણસના મગજને તર્કશક્તિ, વિચારશક્તિ અને નિર્ણયશક્તિ આપે છે. શિક્ષણનો પ્રથમ હેતુ જ્ઞાન આપવાનો છે. વૈજ્ઞાનિકો, તત્ત્વજ્ઞાનીઓ, કવિઓ કે વિચારકોનું મહત્ત્વ એ માટે છે કે તેમણે પોતાના ગણતર જ્ઞાનના ખજાનાને સમાજ માટે ઉપયોગમાં મૂક્યો હોય છે.

જો ગણતર છે પણ ઘડતર નથી, તો જ્ઞાન ખતરનાક પણ બની શકે. એટલે જ કહેવાય છે કે, 'અર્ધ વિદ્યા વિનાશક હોય છે.'

**ઘડતરઃ**

ઘડતર એટલે આકાર આપવો. જેમ માટીને કુંભાર પોતાના હાથે ઘડીને સુંદર ઘડો બનાવે છે, તેમ બાળકને કે યુવાનને સાચી દિશા અને સંસ્કારથી ઘડવામાં આવે તો તે આદર્શ નાગરિક બની શકે છે. ઘડતર એટલે સદ્‌ગુણો, સદાચાર અને માનવીય મૂલ્યોનો વિકાસ. માત્ર જ્ઞાન પૂરતું નથી, સારા ગુણો વગર તે જ્ઞાન અપૂર્ણ છે. ઘડતર દ્વારા વ્યક્તિનો સ્વભાવ, બોલચાલ, વર્તન અને વિચાર શૈલી સંસ્કારી બને છે. ઘડતરનો હેતુ એવો છે કે વ્યક્તિ માત્ર પોતાનું નહીં, પરંતુ સમાજનું પણ કલ્યાણ કરે.

ઉદાહરણઃ મહાત્મા ગાંધીનું બાળપણ સામાન્ય રીતે પસાર થયું, પરંતુ તેમની માતાના સંસ્કારો અને ઘડતર થકી જ એ સત્ય, અહિંસા અને નીડરતા તરફ દોરાયા.

ઘડતર વિના જ્ઞાન અપૂર્ણ રહે છે. જેમ શસ્ત્ર પાસે હોય પણ સંસ્કાર ન હોય તો તે વિનાશ સર્જે છે, તેમ જ્ઞાન સાથે સંસ્કાર (ઘડતર )જરૂરી છે.

**ભણતરઃ**

ભણતરનો અર્થ માત્ર પાઠ્યપુસ્તકમાં લખેલું વાંચવાનું કે પરીક્ષા પાસ કરવાનો નથી. ભણતર એ જીવનભર ચાલતી પ્રક્રિયા છે. માણસ જન્મથી અંત સુધી કંઈક ને કંઈક શીખતો રહે છે. બાળક બોલતાં શીખે છે, યુવાન વ્યવસાય શીખે છે, વૃદ્ધ અનુભવમાંથી શીખે છે. ભણતરનો સાચો અર્થ ત્યારે સાબિત થાય છે જ્યારે શીખેલું જીવનમાં અમલમાં આવે. માત્ર કાગળ પરનું ભણતર અધૂરું છે. ભણતર માટે શાળા કે કોલેજ જ જરૂરી નથી. જીવનના અનુભવ, લોકો સાથેના સંબંધો, કુદરત સાથેનો સંપર્ક આ બધું જ ભણતર છે.

ઉદાહરણઃ એડિસનને શાળા છોડવી પડી, પણ ભણતર અટક્યું નહીં. તેમણે પ્રયોગો અને અનુભવોથી પોતાનું ઘડતર કર્યું અને વિશ્વને વિદ્યુત બલ્બની ભેટ આપી.

ત્રણેનો પરસ્પર સંબંધઃ ગણતર, ઘડતર અને ભણતર ત્રણેય એકબીજાના પૂરક છે.

ગણતર માણસને જ્ઞાન આપે છે. ઘડતર તેને સંસ્કારી બનાવે છે. ભણતર તેને સતત આગળ વધતા રહેવા પ્રેરણા આપે છે.

જો ગણતર છે પરંતુ ઘડતર નથી, તો વ્યક્તિ સ્વાર્થી બની શકે છે. જો ઘડતર છે પરંતુ ગણતર નથી, તો વ્યક્તિ ભલું મન રાખે છતાં પણ અજ્ઞાનતાને કારણે પાછળ રહી જાય છે. જો ભણતર નથી, તો બંને થંભી જાય છે. તેથી, ત્રણેનો સંતુલિત મેળ જીવનને સફળ અને સમૃદ્ધ બનાવે છે.

શિક્ષણમાં પ્રયોગઃ

આજના સમયમાં શિક્ષણ પ્રણાલીનું મુખ્ય ધ્યેય માત્ર ગણતર એટલે કે માહિતી અને અંકગણિત પૂરતું ન હોવું જોઈએ. તેમાં ઘડતર અને ભણતરનો પણ સમાવેશ થવો જરૂરી છે.

શાળાઓએ બાળકોને માત્ર પુસ્તક વિદ્યાથી સજજ કરવાના નથી, પરંતુ નૈતિક મૂલ્યો અને જીવન કૌશલ્યથી પણ પરિચિત કરવાના છે.

વાલીઓએ સંતાનને માત્ર ગુણાંક માટે નહીં, પરંતુ સદાચાર માટે પ્રોત્સાહિત કરવા જરૂરી છે.

સમાજે યુવાનોને જીવનભર શિખવા માટે તક આપવાની.

ટેકનોલોજીના યુગમાં જ્ઞાન સહેલાઈથી ઉપલબ્ધ છે. ગણતર (માહિતી)ની કોઈ મુશ્કેલી નથી, પરંતુ સમસ્યા ઘડતરની છે. આજના સમયમાં ભણતર સતત બદલાતી પરિસ્થિતિઓ સાથે જોડાવાનું સાધન બની ગયું છે. નૈતિક મૂલ્યોના અભાવથી ટેકનોલોજીનો દુરુપયોગ થાય છે. જીવનભર શિખવાની માનસિકતા વિના યુવાનો નવા પડકારોને પહોંચી વળી શકતા નથી. એટલે આ યુગમાં ત્રણેનો સંતુલિત વિકાસ ખૂબ જ આવશ્યક છે.

### ટૂંકમાં ....

ગણતર- ઘડતર અને ભણતર આ ત્રણેય મનુષ્ય જીવનના પીલર છે. જે જીવનમાં આ ત્રણેયનું સંતુલન સાધી શકે છે તે જ સાચા અર્થમાં સફળ, સંસ્કારી અને સમાજ માટે ઉપયોગી નાગરિક બની શકે છે. આ ત્રણેનું સંયોજન જ જીવનને પૂર્ણતા આપે છે.

## પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ જયપુર વચ્ચે સુપરફાસ્ટ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૭૨૬ | બાંદ્રા ટર્મિનસ – જયપુર | ૧૬.૧૦.૨૦૨૫થી 30.૧૦.૨૦૨૫ | ૧૪.૪૦ ક. (ગુરુવાર) | ૧૦.૫૦ ક. (બીજા દિવસે) |
| ૦૯૭૨૫ | જયપુર – બાંદ્રા ટર્મિનસ | ૧૫.૧૦.૨૦૨૫થી ૨૯.૧૦.૨૦૨૫ | ૧૬.૦૫ ક. (બુધવાર) | ૧૨.૦૦ ક. (બીજા દિવસે) |

**થોભશે:** બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, સૂરત, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, મંદસોર, નિમાંચ, ચિત્તૌરગઢ, ભીલવાડા, બિજાઈનગર, નસીરાબાદ, અજમેર અને કિશનગઢ સ્ટેશન બંને દિશામાં

**સંરચના:** AC 2 - ટિયર, AC 3 - ટિયર, 3 - ટિયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચેસ.

સમય, થોભવાના સ્થળ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૯૭૨૬ માટે બુકિંગ ૧૫.૧૦.૨૦૨૫થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો : facebook.com/WesternRly
અમને ફોલો કરો : X.com/WesternRly
અમને ફોલો કરો : Instagram/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટીકીટો માટે અસલ ID પ્રૂફ સાથે રાખો.

## પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ બરૌની વચ્ચે બિનઆરક્ષિત ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૦૭૯ | બાંદ્રા ટર્મિનસ – બરૌની (બિનઆરક્ષિત સ્પેશિયલ) | ૧૫.૧૦.૨૦૨૫થી ૨૭.૧૦.૨૦૨૫ | ૨૦.30 ક. (દૈનિક) | ૧૨.૧૫ ક. (ત્રીજા દિવસે) |
| ૦૯૦૮૦ | બરૌની – બાંદ્રા ટર્મિનસ (બિનઆરક્ષિત સ્પેશિયલ) | ૧૭.૧૦.૨૦૨૫થી ૨૯.૧૦.૨૦૨૫ | ૧૫.૦૫ ક. (દૈનિક) | ૧૧.00 ક. (ત્રીજા દિવસે) |

**થોભશે:** બોરીવલી, બોઈસર, વાપી, વલસાડ, ભેસ્તાન, ચલથાણ, નંદુરબાર, અમલનેર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છેઓકી, પંડિત દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર, સોનપુર, હાજીપુર અને શાહપુર પટોરી સ્ટેશનો બંને દિશામાં

**સંરચના:** જનરલ સેકન્ડ ક્લાસ કોચેસ.

સમય, થોભવાના સ્થળ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટીકીટો માટે અસલ ID પ્રૂફ સાથે રાખો.

# ભારતે વર્લ્ડ રેકૉર્ડની બરાબરી સાથે વેસ્ટ ઈન્ડિઝનો ૨-૦થી વાઈટવૉશ કર્યો

## કૅરિબિયનોને સતત ૧૦મી સિરીઝમાં હરાવીને સાઉથ આફ્રિકા જેવી સિદ્ધિ મેળવી

નવી દિલ્હી: ભારતે વેસ્ટ ઇન્ડીઝને બીજી અને અંતિમ ટેસ્ટમાં ગઈ કાલે છેલ્લા દિવસે સાત વિકેટના માર્જિનથી હરાવીને સિરીઝમાં એનો ૨-૦થી વાઈટવૉશ તો કર્યો જ, વર્લ્ડ રેકૉર્ડની બરાબરી પણ કરી લીધી.

ભારતે એક જ હરીફ દેશ સામે સતતપણે સૌથી વધુ ૧૦ ટેસ્ટ શ્રેણી જીતવાના સાઉથ આફ્રિકાના વિશ્વ વિક્રમની બરાબરી કરી. સાઉથ આફ્રિકાએ વેસ્ટ ઇન્ડિઝને ૧૯૯૮થી ૨૦૨૪ દરમ્યાન લાગલગાટ ૧૦ ટેસ્ટ સિરીઝમાં હરાવ્યું હતું. હવે ભારતે વેસ્ટ ઇન્ડિઝને ૨૦૦૨થી ૨૦૨૫ સુધીમાં સતત ૧૦ ટેસ્ટ શ્રેણીમાં પરાજિત કર્યું છે.



**દિલ્હીમાં દબદબો:** ગઈ કાલે ભારતની વિજેતા ટીમ. વેસ્ટ ઈન્ડિઝ સામે ભારત છેલ્લી ૨૭ ટેસ્ટમાં અને દિલ્હીમાં ૧૯૮૭ પછી ટેસ્ટ નથી હાર્યું. દિલ્હીમાં સતત ૧૪ અપરાજિત ટેસ્ટના વિક્રમ સાથે મોહાલી, બ્રેબર્નનો ૧૩ અપરાજિત ટેસ્ટનો વિક્રમ તૂટ્યો

### કૅપ્ટન્સીમાં પહેલી જીત માણી



ગઈ કાલે દિલ્હીમાં વેસ્ટ ઇન્ડિઝ સામેની ટેસ્ટ સિરીઝના વિજય પછી ટ્રોફી સાથે સુકાની શુભમન ગિલ (ડાબે) અને યશસ્વી. ટેસ્ટ કૅપ્ટન તરીકે ગિલે આ પહેલી વિજયી-ટ્રોફી મેળવી છે. ઇંગ્લૅન્ડની ટૂરમાં તેના નેતૃત્વમાં ભારતની શ્રેણી ૨-૨થી બરાબરીમાં પૂરી થઈ. ભારતે કૅરિબિયનો સામે ૨-૦થી ક્લીન સ્વીપ કરી છે.

### કોને ક્યો પુરસ્કાર મળ્યો

કુલદીપ યાદવ (કુલ આઠ વિકેટ)ને મૅન ઑફ ધ મૅચનો અને રવીન્દ્ર જાડેજા (શ્રેણીમાં કુલ આઠ વિકેટ અને ૧૦૪ રન)ને મૅન ઑફ ધ સિરીઝનો અવૉર્ડ આપવામાં આવ્યો.

### અડીખમ રાહુલ મૅન ઑફ ધ ડે

ભારતે સોમવારે યશસ્વીની વિકેટ ગુમાવ્યા બાદ આજે શેઇ હોપના શાનદાર કૅચમાં સુદર્શન (૩૯ રન)ની અને પછી ઉતાવળે જીતવાની લાલચમાં ઊંચો શૉટ મારનાર શુભમન ગિલ (એક ફોર, એક સિક્સર સહિત ૧૩ રન)ની વિકેટ ગુમાવી હતી. જોકે અડીખમ કે. એલ. રાહુલે (૫૮ અણનમ, ૧૦૮ બૉલ, બે સિક્સર, છ ફોર) એક છેડો સાચવી રાખીને ભારતને ૧૨૧ રનનો લક્ષ્યાંક અપાવી દીધો હતો. ભારતે ૩૫.૨ ઓવરમાં ત્રણ વિકેટે ૧૨૪ રન કર્યા હતા. જુરેલ છ રને અણનમ રહ્યો હતો.

### સિરીઝમાં બૅટિંગ, બોલિંગમાં કોણ મોખરે

આખી સિરીઝમાં યશસ્વી જયસ્વાલના ૨૧૯ રન હાઈએસ્ટ હતા અને કુલદીપ યાદવની ૧૨ વિકેટ સૌથી વધુ હતી.

### ગૌતમ ગંભીરના જન્મદિનની પણ ઉજવણી

ટીમ ઇન્ડિયાએ જીતના સેલિબ્રેશન સાથે 'બર્થડે બૉય' હેડ-કોચ ગૌતમ ગંભીરને વિજયની ભેટ આપી છે.

### આખી મૅચમાં શું બન્યું

ભારતના પ્રથમ દાવના ૫/૫૧૮ના જવાબમાં વેસ્ટ ઇન્ડિઝે ૨૪૮ રન કર્યા બાદ ફૉલો-ઑન પછી કેમ્પબેલ (૧૧૫ રન) અને શેઇ હોપ (૧૦૩ રન)ની મદદથી ૩૯૦ રન કરીને ભારતને ૧૨૧ રનનો ટાર્ગેટ આપ્યો હતો. યશસ્વી પ્રથમ દાવના ૧૭૫ રન બદલ બૅટિંગમાં આ મૅચનો ખરો હીરો હતો. ગિલે પહેલા દાવમાં અણનમ ૧૨૯ રન કર્યા હતા.

# શ્રીલંકા-ન્યૂ ઝીલૅન્ડની મહિલા વર્લ્ડ કપ મૅચ ધોવાઈ ગઈ!

કોલંબો: મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં ગઈકાલે અહીં શ્રીલંકા અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની મૅચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી અને બન્ને ટીમને એક-એક પૉઇન્ટ આપી દેવાયો હતો. આજે આ જ મેદાન પર (બપોરે ૩.૦૦ વાગ્યાથી) પાકિસ્તાન અને ઇંગ્લૅન્ડ વચ્ચે મૅચ રમાવાની છે. જોકે એમાં પણ જો મેઘરાજા વિઘ્ન બનશે તો પાકિસ્તાનની ટીમ મોટી મુસીબતમાં મુકાશે, કારણકે પાકિસ્તાન સાવ તળિયે છે. મંગળવારે શ્રીલંકાએ પ્રથમ બૅટિંગ લીધા બાદ ૫૦ ઓવરમાં કૅપ્ટન અથાપથ્થુના ૫૩ રન અને નિલાશિકા સિલ્વાના અણનમ પંચાવન રનની મદદથી છ વિકેટે ૨૫૮ રન કર્યા હતા. સિલ્વાએ ૨૬ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી. ન્યૂ ઝીલૅન્ડની બૅટિંગની શરૂઆત પહેલાં જોરદાર વરસાદને લીધે પછીથી રમત થઈ જ નહોતી શકી. ભારતની આગામી મૅચ રવિવારે ઇન્દોરમાં ઇંગ્લૅન્ડ સામે રમાવાની છે.

# ભારત-પાકિસ્તાનનો 'હૅન્ડશેક વિવાદ' પૂરો થયો? જાણો કેવી રીતે

## બન્ને કટ્ટર દેશ વચ્ચેની હૉકી મૅચ ૩-૩થી ડ્રૉમાં ગઈ



જોહોર (મલયેશિયા): જોહોર બાહરુમાં આયોજિત સુલતાન જોહોર કપમાં મંગળવારે ભારત અને પાકિસ્તાનની જુનિયર હૉકી ટીમ વચ્ચે મૅચ તો ૩-૩થી ડ્રૉમાં પરિણમી, પરંતુ એકંદરે આ મૅચ કરતાં એમાં જે એક ઘટના બની એની ખૂબ ચર્ચા છે.

વાત એવી છે કે આ મૅચ પહેલાં બન્ને દેશના ખેલાડીઓએ હાઇ-ફાઇવની સ્ટાઇલમાં એકમેકને મળીને સાથે મુકાબલો શરૂ કર્યો હતો. એ ઘટના ચોંકાવનારી કહેવાય, કારણકે એપ્રિલમાં કાશ્મીરના પહલગામમાં પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદીઓએ ૨૬ હિન્દુ સહેલાણીઓની હત્યા કરવાનું જે હિચકારું કૃત્ય કર્યું હતું ત્યાર પછી બન્ને દેશ વચ્ચે ટૂંકું યુદ્ધ થયું હતું અને ત્યાર બાદ ભારતે ક્રિકેટ મૅચોમાં (એશિયા કપમાં) પાકિસ્તાનના ખેલાડીઓ સાથે હાથ ન મિલાવવાની નીતિ અપનાવી હતી.

તાજેતરમાં કોલંબોમાં મહિલાઓના વન-ડે વર્લ્ડ કપની મૅચમાં પણ ભારતીય મહિલા ખેલાડીઓએ પાકિસ્તાની ટીમની પ્લેયર્સ સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું. ફૂટબૉલની અન્ડર-૧૭ મૅચમાં પણ ભારતીય ખેલાડીઓએ આવું જ વલણ અપનાવ્યું હતું. હાથ ન મિલાવવાના ભારતના અભિગમ બદલ પાકિસ્તાન ખૂબ ગુસ્સે થયું હતું. જોકે ક્રિકેટ ભારતની સૌથી લોકપ્રિય રમત છે અને એમાં હજી પણ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ ન મિલાવવાનું વલણ ભારત કદાચ ચાલુ રાખશે, પરંતુ હૉકીમાં પાકિસ્તાની પ્લેયર્સ સાથે હાઇ-ફાઇવની સ્ટાઇલમાં એકબીજાને શુભેચ્છા આપવામાં આવતાં પરિસ્થિતિમાં થોડો ફેરફાર આવ્યો છે.

# કેપ વર્ડી નામ કદી સાંભળ્યું છે? આ દેશ ૨૦૨૬ ફૂટબૉલ વર્લ્ડ કપમાં રમવાનો છે!

## દિલ્હીની તુલનામાં માંડ દોઢ ટકા વસતી ધરાવતા આ રાષ્ટ્રએ ૯૫ વર્ષના ઈતિહાસમાં રચ્યો વિક્રમ

લંડન: આફ્રિકા ખંડમાં આવેલો કેપ વર્ડી નામનો દેશ ૨૦૨૬ના ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં રમવાનો છે. સૉકરના વિશ્વ કપ માટે આ ટચૂકડો દેશ પહેલી જ વાર ક્વૉલિફાય થયો છે. સોમવારે ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં એસ્વાટિનીને ૩-૦થી હરાવીને કેપ વર્ડીએ આ અનેરી સિદ્ધિ મેળવી. નવાઈની વાત એ છે કે કેપ વર્ડીએ આફ્રિકન દેશોના ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં સૉકર જગતના જાણીતા રાષ્ટ્ર કૅમેરૂનથી પણ આગળ રહીને વર્લ્ડ કપમાં રમવાની પાત્રતા મેળવી લીધી છે. કેપ વર્ડીની વસતી દિલ્હીની વસતીના માંડ દોઢ ટકા જેટલી છે.

### વિશ્વ કપમાં સૌથી નાનો દેશ

પુરુષોના ફિફા વર્લ્ડ કપની શરૂઆત ૧૯૩૦માં થઈ હતી અને ત્યારથી માંડીને અત્યાર સુધીમાં (૯૫ વર્ષમાં) ભાગ લઈ ચૂકેલા સૌથી નાના દેશોમાં હવે કેપ વર્ડી સૌથી ટચૂકડો દેશ ગણાશે.

### કેપ વર્ડીનો ઈતિહાસ શું છે

પશ્ચિમ આફ્રિકાના ટચૂકડા ટાપુ જેવા દેશ કેપ વર્ડીએ ૫૦ વર્ષ પહેલાં પોર્ટુગલથી આઝાદી મેળવી હતી. આ દેશ વિસ્તારની દૃષ્ટિએ વિશ્વમાં ૧૬૬મા ક્રમે છે. કેપ વર્ડીમાં ૬,૦૦,૦૦૦ જેટલા લોકો વસે છે અને વસતીની દૃષ્ટિએ આ દેશ ૧૭૨મા નંબરે છે. આ દેશમાં ૮૨ ટકા લોકો ખ્રિસ્તી ધર્મ પાળે છે. આફ્રિકા કપ ઑફ નૅશન્સ નામની ફૂટબૉલ સ્પર્ધામાં આ દેશ બે વખત (૨૦૧૩માં અને ૨૦૨૩માં) ક્વૉર્ટર ફાઇનલ સુધી પહોંચ્યો હતો અને હવે સીધા વર્લ્ડ કપમાં એન્ટ્રી કરી છે.

### બીજા ચાર નાના દેશ પણ વિશ્વ કપમાં

નવેમ્બર ૨૦૨૨નો ફિફા વર્લ્ડ કપ લિયોનેલ મેસીના સુકાનમાં આર્જેન્ટિના જીત્યું હતું. આર્જેન્ટિનાએ ફાઇનલમાં ૩-૩ની બરાબરી બાદ પેનલ્ટી શૂટઆઉટમાં ફ્રાન્સને ૪-૨થી હરાવ્યું હતું. ક્રોએશિયા ત્રીજા સ્થાને અને મોરોક્કો ચોથા નંબરે રહ્યું હતું. ઉલ્લેખનીય છે કે ૨૦૨૬ના આગામી વર્લ્ડ કપમાં ભાગ લેનાર કેપ વર્ડી પછીના બીજા ચાર નાના દેશોમાં આઇસલૅન્ડ, પારાગ્વે, ટ્રિનિદાદ ઍન્ડ ટૉબેગો અને નૉર્ધર્ન આયર્લૅન્ડનો સમાવેશ છે.

# ગૌતમ ગંભીરને કેમ ક્રિષ્ણમાચારી શ્રીકાંત પર ખૂબ ગુસ્સો આવ્યો?

નવી દિલ્હી: ભારતીય ક્રિકેટ ટીમના હેડ-કોચ ગૌતમ ગંભીર દિગ્ગજ ક્રિકેટર અને ભૂતપૂર્વ સિલેક્ટર ક્રિષ્ણમાચારી શ્રીકાંત પર ગુસ્સે થયો છે અને એનું કારણ એ છે કે શ્રીકાંતે તાજેતરમાં એક ફાસ્ટ બોલરને ગંભીરના ફેવરિટ ખેલાડી તરીકે ઓળખાવીને કટાક્ષ કર્યા હતા.

ગંભીરના મતે સૌથી પહેલી વાત એ છે કે ૨૩ વર્ષના ઊભરતા બોલરને નિશાન બનાવવામાં આવી રહ્યો છે એ જ સૌથી ખોટું થયું છે.

વાત એવી છે કે ૧૯૮૩ના વર્લ્ડ કપમાં વેસ્ટ ઇન્ડિઝ સામેની ફાઇનલમાં સૌથી વધુ ૩૮ રન કરનાર વર્લ્ડ ચૅમ્પિયન ઓપનર કે. શ્રીકાંતે તાજેતરમાં પોતાની યુટ્યૂબ ચૅનલ પર હર્ષિત રાણાને ઑસ્ટ્રેલિયાની ટૂર પર લઈ જવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યો હતો. તેમનું એવું કહેવું હતું કે માત્ર ગંભીરનો ફેવરિટ ખેલાડી હોવાના કારણસર જ હર્ષિત રાણા ટીમમાં છે.

### શ્રીકાંતે શું કમેન્ટ કરી હતી

શ્રીકાંતનાં નિવેદનોનો વીડિયો વાઇરલ થયો હતો. ગંભીરે મંગળવારે વેસ્ટ ઇન્ડિઝ સામેની છેલ્લી ટેસ્ટ બાદ પત્રકાર પરિષદમાં શ્રીકાંતની કમેન્ટનો કડક ભાષામાં જવાબ આપ્યો હતો. શ્રીકાંતે ચૅનલ પર કહ્યું હતું કે ' તમે સારું રમનાર ખેલાડીઓને સિલેક્ટ નથી કરતા, પણ એવા ખેલાડીને ટીમમાં સમાવો છો જે સારું પર્ફોર્મ નથી કરી રહ્યો. એનું સૌથી મોટું ઉદાહરણ છે, હર્ષિત રાણા જે ગૌતમ ગંભીરનો જી-હજુરિયો છે એટલે ટીમમાં છે.'

### ગંભીરે શ્રીકાંતની ટિપ્પણી પર શું કહ્યું?

ઑસ્ટ્રેલિયામાં ભારતીય ટીમ ત્રણ વન-ડે રમશે અને એ માટેની ટીમમાં અર્શદીપ સિંહ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના ઉપરાંત ૨૩ વર્ષનો હર્ષિત રાણા ચોથો રેગ્યુલર પેસ બોલર છે. પેસ બોલિંગ ઑલરાઉન્ડર નીતીશ રેડ્ડી પણ ટીમમાં છે. ગંભીરે શ્રીકાંત વિશે ટકોર કરતા કહ્યું, ' શરમજનક વાત એ છે કે તમે તમારી યુટ્યૂબ ચૅનલ ચલાવવા માટે ૨૩ વર્ષના ખેલાડીને લક્ષ્યાંક બનાવી રહ્યા છો. હર્ષિતના પિતા કોઈ ભૂતપૂર્વ ચૅરમૅન, ભૂતપૂર્વ ક્રિકેટર કે એનઆરઆઇ નથી. આ ૨૩ વર્ષીય બોલર પોતાની યોગ્યતાને આધારે અત્યાર સુધી રમ્યો છે અને આગળ જતાં પણ એવું જ કરશે. તમે જો સોશ્યલ મીડિયા પર ૨૩ વર્ષના ખેલાડી વિશે આવી વાતો કરો તો એ ખેલાડીના મન પર શું અસર પડે?'

### તમારો દીકરો જો...

પત્રકાર પરિષદમાં ગૌતમ ખૂબ ગંભીર મુદ્રામાં હતો. તેણે શ્રીકાંતને નિશાન બનાવતાં એવું પણ કહ્યું કે ' તમારો દીકરો જો ક્રિકેટ રમવા લાગે અને કલ્પના કરો કે તેની સાથે દુર્વ્યવહાર થાય તો તમને કેવું લાગે? એ ૨૩ વર્ષનો છોકરો છે, ૩૩ વર્ષનો નથી. મારા વિશે અજુગતું બોલો તો ચાલી જાય, હું એ ટિપ્પણી સહન કરી લઉં, પરંતુ ૨૩ વર્ષના છોકરા સાથે આવું બોલવું અસ્વીકાર્ય છે.'

# બીજી ટેસ્ટમાં નીતીશ રેડ્ડીને બોલિંગ કેમ ન આપી?: આકાશ ચોપડાનો અણિયાળો સવાલ

નવી દિલ્હી: બાવીસ વર્ષનો નીતીશ કુમાર રેડ્ડી પેસ બોલિંગ ઑલરાઉન્ડર છે તેને વેસ્ટ ઇન્ડિઝ સામે મંગળવારના અંતિમ દિવસે પૂરી થયેલી બે મૅચની ટેસ્ટ સિરીઝમાં માંડ ચાર ઓવર બોલિંગ કરવા મળી હતી અને એ બદલ ભારતના ભૂતપૂર્વ ઓપનર તથા સ્પષ્ટવક્તા આકાશ ચોપડાએ એક જાણીતી ક્રિકેટ વેબસાઇટને આપેલા ઇન્ટરવ્યૂમાં બે અણિયાળા સવાલ પૂછ્યા છે કે ' મને એ નથી સમજાતું કે બીજી ટેસ્ટમાં નીતીશ રેડ્ડીને કેમ એક પણ ઓવર બોલિંગ નહોતી અપાઈ? એ નિર્ણય કૅપ્ટન શુભમન ગિલનો હતો કે હેડ-કોચ ગૌતમ ગંભીરનો પણ?'

### ટોચના ત્રણમાંથી બે સ્પિનર

કૅરિબિયનો સામેની સિરીઝમાં ભારતના સ્પિનર્સ વધુ અસરદાર સાબિત થયા હતા. બોલર્સમાં ટોચના ત્રણ સ્થાને ભારતીય બોલર હતા જેમાંથી બે સ્પિનર હતા: કુલદીપ યાદવ (૧૨ વિકેટ), મોહમ્મદ સિરાજ (૧૦ વિકેટ) અને રવીન્દ્ર જાડેજા (૮ વિકેટ).

### યશસ્વીને એક ઓવર અપાઈ, પણ નીતીશને...

પ્રથમ દાવમાં ભારતના ૫/૫૧૮ ડિક્લેર્ડના સ્કોર બાદ વેસ્ટ ઇન્ડિઝ ૨૪૮ રનમાં ઑલઆઉટ થઈ ગયું હતું, પરંતુ ભારતે ફૉલો-ઑન આપ્યા બાદ બીજા દાવમાં કૅરિબિયનોએ બે બૅટ્સમેન (જૉન કૅમ્પબેલ ૧૧૫ રન અને શેઇ હોપ ૧૦૩ રન)ની સેન્ચુરીની મદદથી ૩૯૦ રન કર્યા હતા. બે દાવમાં તેઓ કુલ મળીને ૨૦૦.૪ ઓવર રમ્યા હતા જેમાં નીતીશ રેડ્ડીને એક પણ ઓવર બોલિંગ નહોતી અપાઈ. ભારત આ મૅચ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી જીતી ગયું, પરંતુ નીતીશને બોલિંગ ન અપાઈ એ મુદ્દો ચર્ચાના ચકડોળે ચડ્યો છે. બીજા દાવમાં યશસ્વી જયસ્વાલને એક ઓવર અપાઈ હતી, પણ નીતીશને બોલિંગના રન-અપથી દૂર રખાયો હતો.

બીજા દાવમાં ભારતીય બોલર્સ થોડા મુશ્કેલીમાં મુકાયા હતા. બે સેન્ચુરિયનો કૅમ્પબેલ અને શેઇ હોપ વેસ્ટ ઇન્ડિઝનો સ્કોર ૩૫ રન પરથી ૨૧૨ રન સુધી લઈ ગયા હતા એમ છતાં ૧૭૭ રનની તેમની એ ભાગીદારી દરમ્યાન નીતીશને બોલિંગ નહોતી અપાઈ.

આકાશ ચોપડાએ કહ્યું છે કે 'અમદાવાદની પ્રથમ ટેસ્ટમાં નીતીશને બૅટિંગ નહોતી કરવા મળી અને દિલ્હીની બીજી ટેસ્ટમાં બોલિંગ ન કરવા મળી. તે આ સિરીઝમાં ઑલરાઉન્ડર તરીકે લેવામાં આવ્યો હતો, પણ તેને બોલિંગ ન અપાઈ. સોમવારે આપણા તમામ બોલર્સ સંઘર્ષ કરી રહ્યા હતા તો પછી નીતીશને કેમ એકેય ઓવર ન અપાઈ?'

### ગૌતમ ગંભીરનું શું કહેવું છે?

હેડ-કોચ ગૌતમ ગંભીરનું કહેવું છે કે નીતીશને બોલિંગ આપવી કે નહીં, એનો નિર્ણય કૅપ્ટન શુભમન ગિલ પર છોડવામાં આવ્યો હતો. ગંભીરે એક મુલાકાતમાં કહ્યું, ' ઘરઆંગણાની પરિસ્થિતિઓમાં યુવાન બોલરને તક અપાય એ જરૂરી છે. આપણી પાસે મોટી સંખ્યામાં પેસ બોલિંગ ઑલરાઉન્ડર નથી એટલે નીતીશ જેવા ખેલાડીની બોલિંગને મહત્ત્વ આપી શકાય. જોકે એ બધુ કૅપ્ટન પર અને હવામાન સહિતની પરિસ્થિતિ પર નિર્ભર કરતું હોય છે.'

## પશ્ચિમ રેલવે
### મેનેજમેન્ટ કંસલટન્ટનું સીલેક્શન

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શીયલ) મું. સેન્ટ્રલ ડીવીજન પ.રે. DRM ઓફિસ, ભોંયતળિયે, મુંબઈ સેન્ટ્રલ - ૪૦૦૦૦૮, ઈ.ટે.નં. WR-MMCT-19-2020-66796 પ્રસિદ્ધ થયેલ તા. ૧૦/૧૦/૨૫ મંગાવે છે. કામનું નામ: મુંબઈ ડીવી. પ.રે. પર વાપી અને સિલ્વાસા એરિયા માટે ફ્રેઈટ / પાર્સલ ટ્રાફિકને વધારવા માટે વ્યુહાત્મક એડવાઈઝરી સેવાઓ માટે મેનેજમેન્ટ કંસલટન્ટનું સીલેક્શન. કોન્ટ્રાક્ટરની મુદત: ૬ માસ (૧૮૦ દિવસ) ઈ-ટેન્ડર દસ્તાવેજની કિંમત (નોન-રીફંડેબલ & નોન એડજસ્ટેબલ): NIL બારડી: ₹ ૬૦,૦૦૦/- એડવર્ટાઈઝ વેલ્યૂ: ₹ ૩૦,૦૦,૦૦૦/- ઈ-ટેન્ડરની બંધ થવાની & સુપ્રતિની તા. ૪/૧૧/૨૫ના ૧૫ ક. ઈ-ટેન્ડરની ખુલવાની તા. & સમય: ૪/૧૧/૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0704

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે
### ટેલિકોમ ઈક્વિપમેન્ટની સપ્લાય અને ઈન્સ્ટોલેશન

સિનિયર ડિવિઝનલ સિગ્નલ & ટેલિકોમ એન્જિનિયર (નોર્થ) ૨જો માળ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮, ઈ-ટેન્ડર નં.: **SG-૨૧૬-૨-૧૩૯-WA તારીખ: ૧૦/૧૦/૨૫ મંગાવે છે. કામ અને સ્થળ: મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત & ઉધના-જલગાંવ નોન** પરાં સેક્શનમાં પાવર સપ્લાય અને કેબ્લીંગમાં સંબંધિત અસોસિએટેડ કામો સહિત ડાટા અને ટેલિફોની નેટવર્કની સુધારણા માટે ટેલિકોમ ઈક્વિપમેન્ટની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ, કમિશનિંગ અને જોગવાઈ. **કામની કિંમત: ₹ ૯,૪૬,૭૮,૧૯૪.૬૧. બારડી: ₹ ૬,૨૩,૪૦૦/-. ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટે બંધ થવાની તારીખ & સમય: ૦૭.૧૧.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ઈ-ટેન્ડરની ખોલવાની તારીખ & સમય: ૦૭.૧૧.૨૦૨૫ના ૧૫.૩૦ ક. ટેન્ડર** વેબસાઈટ **www.ireps.gov.in** 0701

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે-રતલામ
### વિવિધ કામનું બજાવણી

**W/૬૨૩/૫/૧/NIT** તારીખ: ૦૯.૧૦.૨૦૨૫. ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ વેસબાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા ***ઓપન ટેન્ડર*** મંગાવે છે. વિગતો નીચે મુજબ છે:- ઈ-ટેન્ડર નં.: **RTM-૨૦૨૫-૨૬-૧૨૯. કામનું નામ: RTM** ડિવિઝન- નીચે મુજબ વિવિધ કામની બજાવણી-૧) ચિંતામનગણેશ- ઉજ્જૈન સેક્શન:- સિંહસ્થ ૨૦૨૮ના સંબંધમાં ટ્રેક સાઈડ (કુલ ૫.૨ મીમી) સાથે અને સ્ટેશન અપ્રોચેસમાં બાઉન્ડ્રી વોલની જોગવાઈ. ૨). ઉજ્જૈન- શિપ્રા બ્રિજ સેક્શન: સિંહસ્થ ૨૦૨૮ના સંબંધમાં થેફ્ટ (કુલ ૫૧૦૦ RM) અને પ્રિવેન્ટ અતિક્રમણમાં ટ્રેક સાઈડ સાથે અને સ્ટેશન અપ્રોચેસમાં બાઉન્ડ્રી વોલની જોગવાઈ. ૩) નાઈખેડી- મોહનપુરા સેક્શન: સિંહસ્થ ૨૦૨૮ સંબંધમાં થેફ્ટ (કુલ ૩.૦ km) અને પ્રિવેન્ટ અતિક્રમણમાં ટ્રેક સાઈડ સાથે & સ્ટેશન અપ્રોચેસમાં બાઉન્ડ્રી વોલની જોગવાઈ. ૪) મોહનપુરા- શિપ્રા બ્રિજ સેક્શન:- સિંહસ્થ ૨૦૨૮ના સબંધમાં થેફ્ટ (કુલ ૫.૨૧ km) અને પ્રિવેન્ટ અતિક્રમણમાં ટ્રેક સાઈડ સાથે અને સ્ટેશન અપ્રોચેસમાં બાઉન્ડ્રી વોલની જોગવાઈ. ૫) ઉજ્જૈન- પાવસા સેક્શન: સિંહસ્થ ૨૦૨૮ના સંબંધમાં ટ્રેક સાઈડ (કુલ ૫.૩૫ km) સાથે અને સ્ટેશન અપ્રોચેસમાં બાઉન્ડ્રી વોલની જોગવાઈ. **અંદા. જથ્થો:** ટેન્ડર શેડયુલ મુજબ. અંદાજિત મૂલ્ય: ₹ ૨૦,૭૧,૨૮,૬૧૩.૧૧/- બાના રકમ: ₹ ૧૧,૮૫,૭૦૦.૦૦/- પૂર્ણતાનો સમયગાળો: ૧૫ મહિના કામનો સમાન પ્રકાર: કોઈપણ સિવિલ એન્જિનિયર વર્ક. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: ૦૯.૧૦.૨૦૨૫. ટેન્ડર ખોલવાની તારીખ: ૦૩.૧૧.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (W/A)
રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

SNP-289

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### સૂચના
#### પેન્શન અદાલત 2025

પેન્શન અદાલત 15/12/2025 ના રોજ પશ્ચિમ રેલવેની મુખ્ય કચેરી, ચર્ચગેટ, મંડળ વિભાગીય કચેરીઓ અને વર્કશોપમાં યોજાશે. **પશ્ચિમ રેલ્વેમાંથી રેવાનિવૃત્ત થયેલા અને સેટલમેન્ટ લેણાંની ચૂકવણી ન કરવા અંગે ફરિયાદો ઘરાવતા કર્મચારીઓ, તેઓ જ્યાંથી સેવામાંથી નિવૃત્ત થયા છે, તે ઓફિસ/યુનિટના સંબંધિત પર્સનલ અધિકારીને વિગતવાર તેમની અરજી (ત્રિપ્લિકેટમાં) મોકલી શકે છે. એટલે કે મુખ્ય મથક માટે ચીફ પર્સનલ ઓફિસર (CPO), મંડળ વિભાગો માટે વરિસ્ઠ કાર્મિક અધિકારી (Sr. DPO) અને વર્કશોપ માટે મુખ્ય કારખાના પ્રબંધક (CWM).** અરજીમાં નામ, હોદો, ગ્રેડ, નિમણૂકની તારીખ નિવૃત્તિની તારીખ અને પેન્શન પેમેન્ટ ઓર્ડર (PPO) નંબર વગેરે અને ફરિયાદનું સ્વરૂપ દર્શાવવું જોઈએ. અરજી સાથે સંબંધિત દસ્તાવેજોની નકલો પણ જોડવી જરૂરી છે. અરજી દાખલ કરવાની છેલ્લી તારીખ 31.10.2025 છે. મુખ્યમધક, ચર્ચગેટ માંથી નિવૃત્ત થયેલા પેન્શનરો ઈમેલ પર ઈમેલ ID: **apobna@gmail.com** દ્વારા તેમની ફરિયાદ સબમિટ કરી શકે છે. મુખય મથકનું સ્થળ: પેન્શન અદાલત-2025 પશ્ચિમ રેલવે હેડકવાર્ટર ઓફિસ, વિમર્શ કક્ષ (બોર્ડ રૂમ) પહેલો માળ, જૂની ઈમારત, ચર્ચગેટ, મુંબઇ – 400 020. નોટ: એક્સગ્રેસીયા, લિવએનકેશમેન્ટ, પી. એફ., જી. આઇ. એસ, મેડિકલાબિલ એમ. એ.સી.પી.સી.જી. એપોઈન્ટમેટ, પેફિક્ષેસન, એરિર્યસ, પ્રમોશન, લીગલ, કોર્ટઅને પોલિસીસંબંધિત મામલા ઓ પેન્શન અદાલત ની અંદર સ્વીકૃત નથી

Western Railway
www.wr.indianrailways.gov.in
0708

Like us on: facebook.com/WesternRly | Follow us on: X.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ)

**નં. DyHE/PPC/૪૪૦૦/પાંજરાપૂર તા. ૧૩.૧૦.૨૦૨૫ ના**

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી ''ટકાવારી રેટ ધોરણે''ની નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડની શરૂઆત તારીખ અને સમય અને બીડની છેલ્લી તારીખ અને સમય ટેન્ડર સેક્શન હેઠળ M.C.G.M.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં દર્શાવેલ છે.

| ક્ર.નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| | | પાંજરાપૂર |
| ૧. | ૨૦૨૫_MCGM_૧૨૧૮૯૫૧ | પિસે પાંજરાપુર કોમ્પ્લેક્સ ખાતે ખતરનાક વૃક્ષોનું કાપણી, ડેડ અને ખતરનાક/પડી ગયેલા વૃક્ષોની કાપણી |

ઈચ્છુક ટેન્ડરો ટેન્ડરની વધુ વિગતો માટે **http://portal.mcgm.gov.in** ખાતે મ્યુનિસિપલ વેબસાઈટની મુલાકાત લો.

સહી/-
એક્ષીક્યુટીવ એન્જિનિયર
(સિવિલ) P.P. I/C

PRO/1901/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વૃક્ષ પ્રાધિકરણ**

**પબ્લિક નોટીસ**

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેકશન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (૨૪મી જાન્યુઆરી ૨૦૨૧ સુધી સુધારિત)ની કલમ ૮(૩)(સી) હેઠળની જોગવાઈને અનુરૂપ ઝોન-IIIમાં H/પશ્ચિમમાંથી ૦૧ પ્રસ્તાવ, K/પૂર્વ વોર્ડમાંથી ૦૨ પ્રસ્તાવ અને K/નોર્થ વોર્ડમાંથી ૦૨ પ્રસ્તાવ, કુલ ૦૫ પ્રસ્તાવ વૃક્ષોને હટાવવા માટે મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન, ટ્રી ઓથોરીટી કમિટિની મંજૂરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ ટ્રાન્સપ્લાન્ટીંગ માટે વૃક્ષોની માહિતી BMC વેબસાઈટ- https://mcgm.gov.in → About us → ward / Department → Department manuals → Gardens & Tree Authority → Tree Authority → Public notice → Public notice 7 days. → 438 - Zone-III ઉપર ઉપલબ્ધ છે.

ઉપર જણાવેલ પ્રસ્તાવો માટે નાગરિકોના વાંધા/ સૂચનો જો કોઈ હોય તો, સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસમાં આ નોટીસ છપાયાની તારીખથી ૭ દિવસમાં નિયત કરેલ ફોર્મેટમાં મંગાવાય છે.

તમે તમારા સૂચનો/ વાંધાઓ આ ઈમેલ-ID dysg.ta@mcgm.gov.in પર નિયત કરેલ ફોર્મેટમાં સુપ્રત કરી શકો છો. નિયત કરેલ ફોર્મેટમાં તમારા સૂચનો/ વાંધાઓ જણાવેલ સમયમાં પ્રાપ્ત થશે તેની નોંધ લેવાશે. સદર તારીખ પછી પ્રાપ્ત થયેલ ઈમેલ અથવા લેખિત સૂચનો/ વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. મેળવવામાં આવેલ સૂચનો/ વાંધા માટેની સુનાવણી ૩૦/૧૦/૨૦૨૫ના સાંજે ૪.૩૦ ક. સાંજે ૫.૦૦ ક. સુધી સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસરની ઓફિસમાં થશે. જેમને આ સુનાવણીમાં હાજર રહેવું જરૂરી જણાય છે તેઓ તેમના ઈ-મેલ, સૂચનો/ વાંધાઓની નકલ સાથે હાજર રહે.

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર ઓફ ધ ટ્રી ઓથોરિટી**

સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસ,
૨જો માળ, હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડીંગ,
V.J.B. ઉદ્યાન & ઝૂ, સંત સાવતા માલી માર્ગ,
ભાયખલા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલિ. નં. ૨૩૭૪૨૧૬૨
ઈમેલ- dysg.ta@mcgm.gov.in

સહી/-
સુપ્રી. ઓફ ગાર્ડન્સ
ઓફ ટ્રી ઓફિસર

PRO/1912/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# મહારાષ્ટ્રના રાજકારણમાં શરદ પવારની નવી રણનીતિ

## આગામી ચૂંટણીમાં રાજકીય પાર્શ્વભૂમિ વિનાના યુવાનોને ચાન્સ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં હજુ નવાજૂની થવાની બાકી છે. લોકસભા અને વિધાનસભાની ચૂંટણી પછી હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવાની છે. લોકસભાની ચૂંટણીમાં મહા વિકાસ આઘાડીને સારી સફળતા મળી હતી, પરંતુ વિધાનસભાની ચૂંટણીમાં તેનો કારમો પરાજય થયો હતો. મહા વિકાસ આઘાડીના પરાજય માટે કેટલાંક કારણો હોઈ શકે છે, પણ આ પરાજય પછી પણ વરિષ્ઠ નેતા શરદ પવારે હાર નથી માની.

શરદ પવારે સજ્જ થઈ આ ચૂંટણીઓ માટે વ્યૂહરચના પણ બનાવી છે. તેમની રણનીતિ આગામી દિવસોમાં મહારાષ્ટ્રના રાજકારણને નવો વળાંક આપશે કે કેમ એ મહત્ત્વ

(જુઓ પાનું ૪) ▸▸

# વિપક્ષની ચૂંટણી પંચ સાથે મુલાકાતઃ સત્તાધારી પક્ષો ગેરહાજર

મુંબઈઃ તમામ પક્ષના નેતાઓ મંગળવારે ચૂંટણી અધિકારીને મળ્યા હતા. આ મુલાકાત માટે અનેક પક્ષોના નેતાઓ એકઠા થયા હતા. મહાવિકાસ આઘાડીની સાથે મનસે અને અન્ય પક્ષો પણ સાથે હતા, પરંતુ પત્ર આપવા છતાં સત્તાધારી પક્ષના કોઈ નેતા કે પક્ષ આ મુલાકાતમાં આવ્યા નહીં.

આ પ્રતિનિધિમંડળમાં એનસીપી પ્રમુખ શરદ પવાર, શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે, મનસે પ્રમુખ રાજ ઠાકરે અને અન્ય નેતાઓનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, મહા વિકાસ આઘાડીના નેતાઓ સાથે રાજ ઠાકરેની હાજરી રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. દરમિયાન, સર્વપક્ષીય પ્રતિનિધિમંડળમાં ભાગીદારીને લઈને કૉંગ્રેસમાં મતભેદો ઊભા થયા છે. કેટલાક નેતાઓએ બેઠકમાં નારાજગી વ્યક્ત કરી હતી અને મનસે સાથે જવાનો વિરોધ કર્યો હતો.

શિવસેના (યુબીટી) ના સાંસદ સંજય રાઉતે પણ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને સર્વપક્ષીય પ્રતિનિધિમંડળમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. તેમણે સ્પષ્ટતા કરી હતી કે આ મુલાકાતનો મુખ્ય હેતુ લોકશાહીને મજબૂત બનાવવાનો અને ચૂંટણી પ્રક્રિયામાં જનતાનો વિશ્વાસ મજબૂત કરવાનો છે. આ મુલાકાત પાછળ કોઈ રાજકીય હેતુ નથી, અને જો આપણે ભાગ લઈશું, તો સર્વપક્ષીય પ્રતિનિધિમંડળની પ્રતિષ્ઠા વધુ વધશે, એમ રાઉતે ફડણવીસને મોકલેલા પત્રમાં જણાવ્યું હતું.

સંદીપ દેશપાંડેએ આ અંગે એક સોશ્યલ મીડિયા પોસ્ટ કરી હતી કે, પારદર્શક રીતે ચૂંટણી કરાવવાની જવાબદારી ચૂંટણી પંચ, વિરોધ પક્ષો

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં ઓક્ટોબર હીટ તો રાજ્યમાં કમોસમી વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાએ મંગળવારે આકરી ગરમીનો અનુભવ કર્યો હતો. દિવસ દરમ્યાન તાપમાનનો પારો ૩૫ ડિગ્રીની ઉપર નોંધાયો હતો. એક તરફ મુંબઈગરા આકરી ગરમી અને ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે તો બીજી તરફ રાજ્યના અમુક જિલ્લામાં કમોસમી વરસાદની ચેતવણી હવામાન ખાતાએ આપી છે.

મુંબઈ સહિત રાજ્યમાંથી નૈર્ઋત્યના ચોમાસાએ વિદાય લઈ લીધી છે. હાલ મોટાભાગના વિસ્તારમાં ઓક્ટોબર હિટનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે ૧૫ ઑક્ટોબરથી રાજ્યના હવામાનમાં ફરી ફેરફાર થવાની શક્યતા નિર્માણ થઈ છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ૧૫ ઑક્ટોબરથી વિદર્ભ, મરાઠવાડા અને મધ્ય મહારાષ્ટ્રમાં વરસાદ પડવાની શક્યતા છે. આ સમય દરમ્યાન ખેડૂતોને સતર્ક રહેવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

રાજ્યમાં એક તરફ કમોસમી વરસાદની ચેતવણી આપવામાં આવી છે ત્યારે મુંબઈગરા ઓક્ટોબર હીટનો અનુભવ કરી રહ્યા છે. મંગળવારે

(જુઓ પાનું ૪) ▸▸

# કોસ્ટલ રોડની ટનલમાં ફરી અકસ્માત

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં કોસ્ટલ રોડ પર ટનલમાં પૂરપાટ વેગે જતી કાર દીવાલ સાથે અથડાઇ હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

કોસ્ટલ રોડના ઉત્તર તરફ જતા સેક્શન પર સોમવારે રાતના આ અકસ્માત થયો હતો, જેમાં કોઇને પણ ઇજા થઇ નહોતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર લાલ રંગની કાર વરલી તરફ જતા કોસ્ટલ રોડની ટનલમાં દીવાલ સાથે અથડાઇ હતી. આ અકસ્માત બાદ ત્યાંથી પસાર થનારા

(જુઓ પાનું ૪) ▸▸

# સબ-રજિસ્ટ્રાર ઓફિસમાં દસ્તાવેજો રજિસ્ટર થઈ શકશે

મુંબઈઃ મુંબઈ અને તેના ઉપનગરોમાં નાગરિકો, બિઝનેસ કરનારા અને કંપનીના માલિકો સ્થળની ચિંતા કર્યા વિના હવે તેમની પસંદગીની સબ-રજિસ્ટ્રાર ઓફિસમાં સંપત્તિ અને અન્ય મહત્ત્વપૂર્ણ વ્યવહારોના દસ્તાવેજો નોંધાવી શકે છે. સરકારે દસ્તાવેજોના ચુકાદા અંગેના ફેરફારને ઔપચારિક બનાવતું એક ગેઝેટ નોટિફિકેશન બહાર પાડ્યું છે અને સંપત્તિ, ભાડા, વારસો અથવા અન્ય મહત્ત્વપૂર્ણ દસ્તાવેજોની નોંધણી કરવાની અગાઉની જરૂરિયાતને દૂર કરી દીધી છે. મહેસૂલ પ્રધાન

(જુઓ પાનું ૪) ▸▸

# માતા રમાબાઈ આંબેડકર નગર પુનર્વિકાસઃ ૪,૩૪૫ ઘરનાં નિર્માણનું ભૂમિપૂજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ માતા રમાબાઈ આંબેડકર નગર અને કામરાજ નગર ઝૂંપડપટ્ટી પુનવર્સન યોજનાનું ભૂમિપૂજન સમારોહ મંગળવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે કરવામાં આવ્યું હતું. ભૂમિ પૂજન બાદ માતા રમાબાઈ આંબેડકર નગર અને કામરાજ નગર પુનર્વસન યોજનાના પહેલા તબક્કામાં ૪,૩૪૫ ઘરનું નિર્માણની શરૂઆત થઈ છે. એ પહેલા અહીંથી લગભગ ૩,૬૦૦ ઝૂંપડાં અહીંથી હટાવી દેવામાં આવ્યા છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્રમાં ઈવીએમની અછત

## એમપીથી મશીન નહીં મળે તો પાલિકા ચૂંટણી માર્ચ-એપ્રિલમાં થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી યોજવા માટે જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી છે, પરંતુ ઇવીએમ (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન)ની અછત એક મોટો મુદ્દો બની ગયો છે. રાજ્ય ચૂંટણી પંચ અન્ય રાજ્યોમાંથી ઇવીએમ લાવશે તો જ મહાનગરપાલિકાની ચૂંટણી વહેલી યોજી શકાય એમ છે. મળેલી માહિતી અનુસાર મધ્ય પ્રદેશથી ઇવીએમ લાવવાની વાત થઈ રહી છે. જો અન્ય રાજ્યોમાંથી ઇવીએમ નહીં આવે તો ૧૦મી અને ૧૨મી પરીક્ષા બાદ પાલિકા ચૂંટણી યોજાવાની શક્યતા છે.

જોકે રાજ્યમાં મહાનગરપાલિકાની ચૂંટણીની તૈયારી અંતિમ તબક્કામાં છે. જોકે, અનામત ડ્રો માટે સમય નક્કી નથી થઈ શક્યો. વળી ૧૦ અને ૧૨મા ધોરણની પરીક્ષા હંમેશ કરતા ૧૦ થી ૧૫ દિવસ વહેલી યોજાઈ રહી છે. પરિણામે પાલિકા ચૂંટણી આઘી ઠેલાશે એવી

(જુઓ પાનું ૪) ▸▸

# નૌકા સપ્તાહ માટે મુંબઈમાં કાયમી સુવિધાની ફડણવીસની માગણી

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે કેન્દ્રને ઈન્ડિયા મેરીટાઇમ વીક (નૌકા સપ્તાહ) માટે મુંબઈમાં કાયમી સુવિધા સ્થાપિત કરવા વિનંતી કરી હતી. ફડણવીસે મુંબઈમાં યોજાયેલી બેઠકમાં ઈન્ડિયા મેરીટાઇમ વીક ૨૦૨૫ની તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ પ્રસંગે કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ પ્રધાન સર્બાનંદ સોનોવાલ, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને મત્સ્યોદ્યોગ અને બંદર પ્રધાન નિતેશ રાણે હાજર હતા.

આ કાર્યક્રમ ૨૭થી ૩૧ ઓક્ટોબર દરમિયાન ગોરેગાંવના નેસ્કો એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજાશે. મુખ્ય પ્રધાન કાર્યાલય (સીએમઓ) દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ કાર્યક્રમની મુલાકાત લે તેવી સંભાવના છે. એનું ઉદઘાટન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ કરશે.

ફડણવીસે જણાવ્યું હતું કે 'મુંબઈમાં આર્થિક વિકાસની

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્ર કેબિનેટે વાંસ ઉદ્યોગ નીતિને મંજૂરી આપી

મુંબઈઃ મહારાષ્ટ્ર કેબિનેટે મંગળવારે તેની વાંસ ઉદ્યોગ નીતિને મંજૂરી આપી, જેનો ઉદ્દેશ્ય ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ અને ૫ લાખથી વધુ નોકરીઓ ઊભી કરવાનો છે.

મહારાષ્ટ્ર વાંસ ઉદ્યોગ નીતિ ૨૦૨૫ હેઠળ, કાર્બન ક્રેડિટ બજારનો લાભ ઉઠાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, રાજ્યભરમાં ૧૫ જેટલા વાંસ સમર્પિત ક્લસ્ટર વિકસાવવામાં આવશે, એમ એક સત્તાવાર પ્રકાશનમાં જણાવાયું છે. આ નીતિ વાંસની ખેતી અને પ્રોસેસિંગ ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે, જેથી ખેડૂતોને રોકડિયા પાકોની તુલનામાં પર્યાવરણને અનુકૂળ અને સ્થિર આવકનો વિકલ્પ મળે.

કેબિનેટે ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા સ્થાપિત ધ પીપલ્સ એજ્યુકેશન સોસાયટી માટે વિકાસ યોજનાને પણ મંજૂરી આપી છે. આ યોજનામાં સોસાયટીની શૈક્ષણિક સંસ્થાઓ અને છાત્રાલયોનું નવીનીકરણ, સંરક્ષણ અને આધુનિકીકરણ કરવામાં આવશે. પ્રકાશન

(જુઓ પાનું ૪) ▸▸


JSG જૈન સોશ્યલ ગ્રુપ- જુહુ બીચ દ્વારા આયોજિત
પાંચ રાત્રે છ દિવસ
દુબઈ-અબુધાબી
(26 જાન્યુઆરી, 16 અને 22 ફેબ્રુઆરી)
શાનદાર હોટલ, અવનવા આકર્ષણો સાથે રાજસ્થાની મહારાજો દ્વારા બનાવેલ ગુજરાતી, રાજસ્થાની, પંજાબી અમર્યાદિત થાળી લંચમાં અને સાંજે ડિનરમાં ફાસ્ટ ફૂડ આઈટમોની જયાફત.
શરદ મણીયાર
Jaagruti Tourz Since : 1982
Reliable, Responsible, Reasonable
Follow us on 8830341383 / 9820129177
www.jaagrutitourz.com
અમારી અન્ય ટુરો - વિયેતનામ - અઝરબૈજાન જ્યોર્જિયા - શ્રીલંકા - થાઈલેન્ડ - સિંગાપુર મલેશિયા - નેપાળ - કેરેલા અને ગોવા



શ્રીલંકા દિ.૭,ઉ.જાન્યુ. | દુબઈ-અબુધાબી દિ.૬/૮, ઉ.ઓકટો.થી માર્ચ
આસામ-મેઘાલય-અરૂણાચલ-ઉ.૨ ન્વે.,દિ.૧૨
વિયેતનામ,સાપા 11-Days, Nov-Mar
ગંગાસાગર ચંપારણ્ય,પુરી દિ.૧૦/ઉ.ડિસે. | તિરૂપતી, રામેશ્વર,શ્રીરંગમ દિ.૧૦,ઉ.નવે.
કચ્છ રણોત્સવ,ટેન્ટ,દિ.૭,ઉ.જાન્યુ./ફેબ્રુ
અયોધ્યા,પ્રયાગરાજ,બનારસ
કૂર્ગ,રામેશ્વર,ઉટી,કોડાઈ,ઉ.ઓકટો.
Vibha K Sanghavi
Since 1987 તન્વી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ 9892542448 9167970448
અમારી અન્ય કોઈ શાખા નથી



PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"






ઘરઘંટી પર 1-2 વર્ષની ગેરંટી | મેઈન મોટર પર 5-10 વર્ષની ગેરંટી | ગ્રાઈન્ડીંગ ચેમ્બર પર લાઈફટાઈમ ગેરંટી**

Scorpio Enterprise (Company Showroom) તુરખીયા પાક, સ્વામિનારાયણ મદિર ની પાસ, અમ. જી. રાડ. કાદીવલી (વસ્ટ) Tel. 022-28011957 / 58 • Helpline No. 99303 82445

| | | | | | |
|---|---|---|---|---|---|
| ચર્ની રોડ : યાશી માર્કેટીંગ | 98921 64745 | ભાયંદર (વેસ્ટ) : ભૈરવ ઈલેક્ટ્રોનિક્સ | 79779 32497 | સફાળે : સપના ઈલેક્ટ્રોનિક્સ | 81493 62535 |
| બોરીવલી : નવદીપ એન્ટરપ્રાયજેસ | 73042 73041 | વસઈ : જ્ઞાન સેલ્સ | 93244 45559 | ચેમ્બુર : મુરૂગન સ્ટીલ | 2521 1769 |
| ગોરેગાંવ : શક્તી ઈલેક્ટ્રોનિક્સ | 98206 55110 | બોઈસર : ગાયત્રી હોમ અપ્લાયન્સીસ | 90969 24733 | ચેમ્બુર : નટારાજ એમ્પોરીયમ | 98203 81075 |
| કાંદિવલી (વે) : શ્રીજી ઈલેક્ટ્રોનિક્સ | 98194 21119 | પાલઘર : જયલક્ષ્મી હોમ | 92267 10296 | ઘાટકોપર (વેસ્ટ) : દિપક સ્ટીલ | 98206 03020 |
| માનખુર્દ : ન્યૂ નૅશનલ ઈલેક્ટ્રોનિક્સ | 88506 68065 | નાલાસોપારા : પ્રિન્સ હોમ | 93241 83393 | ઘાટકોપર : શ્રી અમાજ મા ઈલેક્ટ્રોનિક્સ | 84335 55506 |
| મલાડ : ગાલા સન્સ | 98207 79679 | નાલાસોપારા : મહાદેવ સેલ્સ | 90286 73766 | પરેલ : ભવલ અપ્લાયન્સીસ | 79771 09677 |
| અંધેરી (ઈસ્ટ) : નવલ સેલ્સ કોર્પોરેશન | 93245 14717 | સાનપાડા : મહાવીર ટ્રેડિંગ | 99678 64530 | મુલુંડ (વેસ્ટ) : મેહુલ સ્ટીલ | 77180 67750 |
| વિલેપાર્લે : અલ્ફા 3 | 99876 70762 | પાલઘર : રૂચિત ઈલેક્ટ્રોનિક્સ | 92251 19780 | પનવેલ : અક્ષર ડીઝીટલ | 72086 49864 |

| | | | |
|---|---|---|---|
| થાણા : પ્રિન્સ ઈલેક્ટ્રોનિક્સ | 2533 7726 | વાશી : ટોપ ટેન ઈલેક્ટ્રોનિક્સ | 2781 0206 |
| કલ્યાણ (વેસ્ટ) : પ્રભાત કિચન | 92205 80000 | ખાર : જય આમાજમા ઈલેક્ટ્રોનિક્સ | 99871 27071 |
| કલ્યાણ (વેસ્ટ) : સુપ્રીમ ટ્રેડર્સ | 90299 33773 | વાશી : મિલન સ્ટીલ | 99206 21869 |
| ઉલ્હાસનગર : લક્ષ્મી ક્રોકરી | 98222 33114 | પનવેલ : મહાલક્ષ્મી સેલ્સ | 70457 38376 |
| કલ્યાણ : પ્રભાત કિચન | 99206 30001 | પેન : પુનમિયા વેચાણ | 93261 77722 |
| ભિવંડી : વસાની ઈલેક્ટ્રોનિક્સ | 8698472928/9822330132 | રોહા : અમિત સેલ્સ | 97300 85777 |
| થાણા (વેસ્ટ) : શ્રીજી એન્ટરપ્રાયજેસ | 8291221226 | રોહા : એસકે ઈલેક્ટ્રોનિક | 97623 98049 |
| મિરા રોડ : સુપર ઈલેક્ટ્રોનિક્સ | 98211 39720 | વસઈ : જય મા તુલસી | 80875 75605 |
| મહાડ : મેહતા એન્ટરપ્રાઇઝ | 99755 06463 | બોઈસર : પરફેક્ટ ઈલેક્ટ્રોનિક | 96374 41244 |
| | | વાડા - અંબાડી : કુલસ્વામિની ઈલેક્ટ્રોનિક | 98606 91879 |

ગ્લોડનલાઇન સીરીજ ડિસ્ટ્રીબ્યુટર્સ : સેંટ્રલ લાઇન – થાણા નિલકંઠ ટ્રેડલીંક – મો.: 81086 58838 મીરા રોડ – દહાણુ, રાજગુરૂ ઈલેક્ટ્રોનિક્સ, અપ્લાયન્સિસ – મો : 9773574102

Available at All Showrooms KOHINOOR | Digi1 | croma | UB USHA AGENCY | Alfa-3 Vileparle | TOP TEN


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**